પાના ૮, કિંમત રૂ.૨, તા. ૧૭-૧૦-૨૦૨૬-શનિવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૨૬૨ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

## રશિયન ક્રૂડ તેલની ખરીદી પર ટ્રમ્પનો પ્રતિબંધ અને ટેરિફ મોકૂફ

### અમેરિકાની સંસદમાં ગ્રેહામ એક્ટ મંજૂર કરાવી ટ્રમ્પનો યુ ટર્ન : ૧૦૦ ટકા ટેરિફનો ખતરો ટળી જતા ભારતને મોટી રાહત

નવી દિલ્હી, તા. ૧૬

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત-ચીન જેવા ખાસ દેશો જેવો રશિયન ક્રુડતેલ ખરીદે છે તેના પરના ૧૦૦% ટેરિફનો નિર્ણય હાલ મુલત્વી રાખ્યો છે. એક તરફ ઉંચા પેટ્રોલિયમ ભાવના કારણે ખુદ ટ્રમ્પ તંત્ર અમેરિકામાં ગેસ-ડિઝલના ઉંચા ભાવના વિરોધનો સામનો કરી રહ્યું છે.

રશિયા પાસેથી જ ડિઝલ ખરીદવા માટે જાહેરાત કરી છે. તે સમયે અમેરિકી સંસદે જ લિંડર્સ ઓ ગ્રેહામ સેકશનિંગ રશિયા એન્ડ ઈરાન એક્ટ ૨૦૨૬ મંજુર કર્યો હતો અને ખુદ ટ્રમ્પે તેને કાયદો બતાવવા માટે સહી કરી હતી તેનો અમલ હાલ મુલત્વી રહ્યા છે.

ટ્રમ્પે તા.૧૮ સપ્ટેમ્બરના આ બિલ પર સહી કરી ૧૦૦% કે તે મર્યાદામાં કેટલા ટેરિફ રશિયા-ઈરાન પરના પ્રતિબંધાત્મક આદેશો મુજબ લાદવા તે સતા મેળવી લીધી હતી જેમાં હવે રશિયા પરના તમામ પ્રકારના પ્રતિબંધ હાલ હટાવી લીધા છે.જો કે તે ફરી લાદવા માટેની સતા પોતાના પાસે રાખી છે. ટ્રમ્પે એક વહીવટી આદેશમાં આ પ્રકારના પ્રતિબંધો દુર કરવા એ અમેરિકાના રાષ્ટ્રીય હીતમાં હોવાનો દાવો કર્યો છે. જેના કારણે રશિયા પાસેથી



ક્રુડતેલ-ગેસ ખરીદનાર ભારત સહિત પાંચ દેશો પર ૧૦૦% ટેરિફ લાદવાની સતા છે.

રશિયાથી અમેરિકામાં ધંધાના ઉત્પાદનો પર ૫૦૦% ટેરિફની પણ સતા પ્રમુખ ટ્રમ્પને મળી હતી. યુક્રેન યુદ્ધમાં ખાસ કરીને રશિયાની આર્થિક તાકાતને રૂંધવા તેના પર ક્રુડતેલ-ગેસ વિ. વેચવા પર પ્રતિબંધ અને ખરીદનાર રાષ્ટ્ર પર ૧૦૦% ટેરિફની જોગવાઈ કરવામાં આવી હતી જે હવે ખતરો ટળી ગયો છે.જો કે રશિયા પરના અન્ય પ્રતિબંધો યથાવત છે પણ ભારત હવે રશિયા પાસેથી ક્રુડતેલ-ગેસ આ ટેરિફની ચિંતા કર્યા વગર ખરીદી શકશે. જો કે ભારતે અગાઉ પણ અમેરિકી ટેરિફ કે તેની ધમકીની ચિંતા કરી ન હતી અને આંતરરાષ્ટ્રીય ભાવ મુજબ દેશ માટે જે લાભદાયી હોય તે રીતે ક્રુડતેલ-ગેસની ખરીદી કરી છે. જે હાલ પણ ચાલુ છે.

ટ્રમ્પ પર ઘર આંગણે સંસદીય ચુંટણીનું દબાણ છે તથા આ રીતે આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રુડતેલ-ગેસના ભાવ પર દબાણ ઘટાડી અમેરિકાને પણ તેના લાભ મળે તે નિશ્ચિત કરવા માંગે છે. આગામી મહિને અમેરિકામાં સંસદીય ચુંટણી છે તેથી ટ્રમ્પ મતદારોને રિઝવવા માટે આ નિર્ણય લઈ રહ્યા હોવાનું માને છે.

## ભારતનો જીડીપી વૃદ્ધિ દર ૭.૧ થી ૭.૩ ટકા રહેવા ડેલોઈટનો અંદાજ

### ભૌગોલિક તણાવ અને તેલના ભાવમાં વધઘટ છતાં ભારતીય અર્થયંત્રમાં ઝડપી રિકવરીની શકયતા

નવી દિલ્હી, તા. ૧૬

નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં ભારતનો જીડીપી વૃદ્ધિ દર ૭.૧ થી ૭.૩ ટકા રહેવાનો અંદાજ વૈશ્વિક રેટિંગ એજન્સી ડેલોઈટ ઈન્ડિયા દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે. દેશમાં ખાનગી રોકાણમાં થયેલાં સતત સુધારા અને સ્થાનિક માંગમાં વધારાને કારણે અર્થતંત્રને મોટો ટેકો મળી રહ્યો છે. જોકે, વૈશ્વિક સ્તરે ચાલતાં રાજકીય અને ભૌગોલિક તણાવ, ઈંધણના ભાવમાં અસ્થિરતા અને વેપારમાં આવતાં અવરોધો આર્થિક વિકાસ સામે મુખ્ય પડકારો બની શકે છે.ડેલોઈટ ઈન્ડિયાના અહેવાલ મુજબ, છેલ્લા દાયકામાં ભારતની આર્થિક વૃદ્ધિ મુખ્યત્વે મજબૂત ઘરગથ્થુ વપરાશ અને સરકારી ઈન્ફ્રાસ્ટ્રક્ચર રોકાણ પર આધારિત રહી છે. હવે વ્યવસાયો પાસે વધુ સારી કનેક્ટિવિટી, મજબૂત બેલેન્સ શીટ અને સુધારેલી ક્ષમતા છે, જેનાથી ખાનગી રોકાણકારો નવી મૂડી રોકવા પ્રોત્સાહિત થયા છે.ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ગ્રોસ ફિક્સ્ડ કેપિટલ ફોર્મેશનમાં ૧૧.૯ ટકાનો વૃદ્ધિ દર જોવા મળ્યો છે, જે છેલ્લા ચાર વર્ષમાં સૌથી ઝડપી વિસ્તાર દર્શાવે છે.ઈલેક્ટ્રોનિક્સ, સેમિકન્ડક્ટર, સંરક્ષણ ઉત્પાદન, ક્લીન એનર્જી અને અઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા વ્યૂહાત્મક ક્ષેત્રોમાં વધી રહેલું રોકાણ ભારતની આર્થિક ક્ષમતાને નવી ઊંચાઈએ લઈ જશે. ડેલોઈટના આ અંદાજો આરબીઆઈ અને ઓઈસીડીના ૭.૧ ટકા તેમજ આઈએમએફ અને વર્લ્ડ બેંકના ૭ ટકાના અંદાજ સાથે સુસંગત છે. નિષ્ણાતોના મતે કંપનીઓની આગામી પ્રોજેક્ટ્સનું આયોજન અને અમલીકરણ કરવાની ક્ષમતા આવનારા સમયમાં આર્થિક વિકાસની ગતિ નક્કી કરશે.

## ચૂંટણી જીતીને પણ નેતન્યાહૂ વડાપ્રધાન નહીં બની શકે

### ચૂંટણીમાં જમણેરી મતોના વિભાજનનો ડર

નવી દિલ્હી, તા. ૧૬

ઈઝરાઈલમાં વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સામે ચૂંટણી બાદ સત્તા ગુમાવવાનો ખતરો છે. તેમના પોતાના જમણેરી જૂથની નાની પાર્ટીઓ તેમના માટે મુશ્કેલી ઊભી કરી રહી છે.આના કારણે મત વહેંચાઈ શકે છે. બીજી તરફ, ચૂંટણી બાદ આ પાર્ટીઓ નેતન્યાહૂની સરકારમાં સામેલ થવાનો ઈનકાર પણ કરી શકે છે.ચૂંટણીના ૧૧ દિવસ પહેલાં નેતન્યાહૂ આ પાર્ટીઓના મત પોતાના પક્ષમાં લાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. બીજી તરફ, વિપક્ષી નેતા ગાદી આઈઝેનકોટ પોતાની પાર્ટીને વિપક્ષનો સૌથી મોટો પક્ષ બનાવવામાં વ્યસ્ત છે, જેથી વડાપ્રધાન પદ માટે તેમનો દાવો મજબૂત બની શકે.ઈઝરાઈલમાં દક્ષિણપંથી મતો માટે બેન્જામિન નેતન્યાહૂની પાર્ટી લિકુડને ઓફર વિન્ટર અને યોઆઝ હેન્ડેલની પાર્ટીઓ તરફથી પડકાર મળી રહ્યો છે.નેતન્યાહૂ ઈચ્છે છે કે દક્ષિણપંથી મતદારો તેમની પાર્ટીને મત આપે, જેથી ચૂંટણી બાદ તેમની સરકાર બનાવવાની સંભાવના મજબૂત રહે.નેતન્યાહૂએ વિન્ટરની પાર્ટીને મત ન આપવાની અપીલ કરી છે. તેમને ડર છે કે વિન્ટર દક્ષિણપંથી મત મેળવીને ચૂંટણી બાદ એવિગડોર લિબરમેન સાથે જઈ શકે છે. એટલે કે મત મળ્યા છતાં નેતન્યાહૂને આ પાર્ટીઓનું સમર્થન મળે, તે જરૂરી નથી.નેતન્યાહૂને હરાવવાનો પ્રયાસ કરી રહેલા વિપક્ષી પક્ષોમાં પણ વડાપ્રધાન પદના ઉમેદવારને લઈને સહમતિ નથી.

## ગ્રેટર નોઈડામાં પતિ-પત્નિ સાથે ત્રણ બાળકોના શંકાસ્પદ મોત

### રાત્રે નૂડલ્સ ખાધા અને સવારે પાંચ જણાનો પરિવાર ખતમ

નવી દિલ્હી, તા. ૧૬

ગ્રેટર નોઈડામાંથી ચોંકાવનારો મામલો સામે આવ્યો છે, જ્યાં ઘરમાં એક જ પરિવારના ૫ લોકોના મૃતદેહ મળ્યા છે. મૃતકોમાં પતિ-પત્ની અને તેમના ત્રણ સગીર બાળકોનો સમાવેશ થાય છે. પાંચેય મૃતદેહો ઘરમાં પથારીમાં પડેલા મળ્યા હતા. શનિવારે સવારે ઘણો સમય વીતી જવા છતાં પરિવાર ઊંઘમાંથી જાગ્યો નહીં, ત્યારે પાડોશીઓને શંકા ગઈ. તેમને જગાડવા પહોંચ્યા તો દરવાજો અંદરથી બંધ હતો.

બારીમાંથી જોયું તો પાંચેય પથારીમાં સૂતેલા દેખાયા. બુમો પાડવા છતાં કોઈ હલચલ થઈ નહીં, ત્યારે પોલીસને જાણ કરવામાં આવી. પોલીસે દરવાજો તોડીને અંદર ગઈ તો બધા બેભાન પડેલા હતા. ખાટલા પર પિતા પોતાના મોટા પુત્રને વળગી પડ્યા હતા. તેમના મોંમાંથી ફીણ નીકળી રહ્યું હતું. બીજા પલંગ પર માતા પોતાના બાળકો પર હાથ રાખીને સૂતી હતી.

પોલીસ તાત્કાલિક બધાને હોસ્પિટલ લઈ ગઈ, જ્યાં ડૉક્ટરોએ તમામને મૃત જાહેર કર્યા. મૃતકોની ઓળખ મહેશ (૩૭), પત્ની લલિતા (૩૫), પુત્ર લડ્ડુ (૧૧), સાક્ષત (૩) અને પુત્રી મિષ્ટી (૭) તરીકે થઈ છે. આ ઘટના ગ્રેટર નોઈડાના રબૂપુરા કોતવાલી વિસ્તારના નંગલા શ્રીપદમ ગામની છે.

મહેશની માતાએ જણાવ્યું કે બધાએ રાત્રે સૂતા પહેલાં નૂડલ્સ ખાધી હતી. જોકે, હજુ સુધી એ વાતની પુષ્ટિ થઈ શકી નથી કે મોત નૂડલ્સ ખાવાથી જ થયાં હતાં. પોલીસનું કહેવું છે કે પ્રાથમિક તપાસમાં મામલો ફૂડ પોઈઝનિંગનો લાગી રહ્યો છે. પરંતુ વાસ્તવિક કારણ પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા પછી જ જાણી શકાશે. પોલીસ મામલાની તપાસમાં લાગી ગઈ છે. ઘટનાસ્થળે પોલીસની ટીમ પહોંચી હતી. ઘરની આસપાસ ગામલોકોની ભીડ એકઠી થઈ ગઈ હતી.

અનુસંધાન પાના ૭ પર

## ઓસ્ટ્રેલિયામાં સોનાની શોધ માટે ૧૩ હજાર કરોડનો ખર્ચ

### વિશ્વનો સૌથી મોટો સોનાનો ભંડાર ઓસ્ટ્રેલિયામાં છે

નવી દિલ્હી, તા. ૧૬

ઓસ્ટ્રેલિયામાં સોનાની નવી ખાણો શોધવા માટે એક વર્ષમાં રેકોર્ડ ૧૩ હજાર કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા છે. અહીં વિશ્વનો સૌથી મોટો સોનાનો ભંડાર છે.આવી સ્થિતિમાં આગામી સમયમાં ઓસ્ટ્રેલિયા ભારત માટે સોનાનો નવો સપ્લાયર બની શકે છે. હાલમાં ભારત પોતાની જરૂરિયાતનું મોટાભાગનું સોનું આયાત કરે છે, જ્યારે કુલ આયાતમાં ઓસ્ટ્રેલિયાનો હિસ્સો માત્ર ૨.૨૭% છે.પશ્ચિમ ઑસ્ટ્રેલિયામાં એકલા ૧૦,૬૨૫ કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા છે. અહીં સોનાની શોધ માટે ડ્રિલિંગ મશીનોની માગ પણ ઝડપથી વધી રહી છે. સોનાની નવી ખાણો શોધવાની આ હોડને 'ગોલ્ડ રશ' કહેવામાં આવી રહી છે.અંદાજ છે કે અહીં આશરે ૧૩ હજાર ટન સોનું હાજર છે. આ દુનિયામાં ઉપલબ્ધ સોનાના કુલ સંસાધનોનું લગભગ ૨૦% છે.સોનાની શોધમાં આવેલી તેજી ભારત માટે પણ

મહત્વપૂર્ણ છે. દુનિયામાં સોનાના આભૂષણોની કુલ માંગમાં

અનુસંધાન પાના ૭ પર

## અલ્બેનિયામાં વિદ્યાર્થીઓનું હિંસક આંદોલન સરકારી ઈમારતો અને બેંકોને આગ ચાંપી દેવાઈ

### મોંઘા શિક્ષણ વિરુદ્ધ વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતર્યા : વડાપ્રધાન કાર્યાલયને પણ ફૂંકી મારી

નવી દિલ્હી, તા. ૧૬

અલ્બેનિયાની રાજધાની તિરાનામાં મોંઘા શિક્ષણ અને ખરાબ સુવિધાઓ સામે હવે વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરી આવ્યા છે. વિદ્યાર્થીઓ વડાપ્રધાન એદી રામાના રાજીનામાની માંગ કરી રહ્યા છે. આ દરમિયાન પ્રદર્શનકારીઓએ વડાપ્રધાન કાર્યાલય, સરકારી ઈમારતો અને ઘણી બેંકોની શાખાઓમાં આગ લગાવી દીધી.ભીડને હટાવવા માટે પોલીસે આંસુગેસ અને પાણીનો ઉપયોગ કર્યો. આ દરમિયાન ડઝનબંધ પોલીસકર્મીઓ અને પ્રદર્શનકારીઓ ઘાયલ થયા. અલ્બેનિયામાં ચાલી રહેલો આ વિરોધ એવા સમયે થઈ રહ્યો છે, જ્યારે ભારત, ફ્રાન્સ, જર્મની સહિત વિશ્વના કુલ ૧૧ દેશોમાં વિદ્યાર્થીઓ પોતાની માંગોને લઈને આંદોલન કરી રહ્યા છે.અલ્બેનિયામાં વિદ્યાર્થીઓની નારાજગી અચાનક વધી નથી. તેઓ ઘણા મહિનાઓથી અભ્યાસના વધતા ખર્ચ અને ડિગ્રી મેળવ્યા બાદ નોકરી મળવાની ઓછી સંભાવનાઓને લઈને અવાજ ઉઠાવી રહ્યા છે.વિદ્યાર્થીઓનું કહેવું છે કે શિક્ષણ મોંઘું થતું જઈ રહ્યું છે, જ્યારે અભ્યાસ પૂર્ણ કર્યા પછી પણ રોજગારની પૂરતી તકો મળી રહી નથી. વિદ્યાર્થીઓનો આરોપ છે કે સરકારે વાતચીત કરવાને બદલે તેમની છબી ખરાબ કરવાનો પ્રયાસ કર્યો.એદી રામા ૨૦૧૩થી અલ્બાનિયાના વડા પ્રધાન છે. ગયા મે મહિનામાં તેઓ ચોથી વખત આ પદ પર ચૂંટાયા હતા. જોકે, ત્યારબાદ તેમની સરકારના વરિષ્ઠ અધિકારીઓ પર લાગેલા ભ્રષ્ટાચારના આરોપોને લઈને લોકોમાં નારાજગી વધી છે. હાલના વિરોધ પ્રદર્શનને રામા માટે અત્યાર સુધીના સૌથી ગંભીર જનવિરોધમાંના એક માનવામાં આવી રહ્યા છે.સરકાર વિરુદ્ધનો વિરોધ થોડા મહિના પહેલાં જ શરૂ થયો હતો. તેનું એક કારણ દેશના દક્ષિણ કિનારે લક્ઝરી રિસોર્ટ બનાવવાની યોજના પણ છે. આ પરિયોજના સાથે અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પના જમાઈ જેરેડ કુશનર જોડાયેલા છે.

## લાલ કૃષ્ણ અડવાણીની તબિયત બગડતા હોસ્પિટલમાં દાખલ કરાયા

નવી દિલ્હી, તા. ૧૬

ભાજપના વયોવૃદ્ધ નેતા અને પુર્વ ઉપપ્રધાનમંત્રી લાલકૃષ્ણ અડવાણીની તબીયત બગડી ગઈ છે. તેમને શુક્રવારે સાંજે ૭.૩૦ વાગ્યે એપોલો હોસ્પિટલમાં દાખલ કરાયા છે. તેમને ફેફસામાં સંક્રમણ છે.હોસ્પિટલમાં તેમની જરૂરી તપાસ ચાલી રહી છે અને તેમની હાલત સ્થિર છે. હોસ્પિટલ પ્રશાસને અડવાણીના સ્વાસ્થ્યને લઈને વિશેષ જાણકારી નથી આપી, ઉલ્લેખનીય છે કે અડવાણીની એપોલો હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.તેમને મેમાં પણ વયથી સંબંધીત પરેશાનીઓથી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. આ પહેલા ડિસેમ્બર ૨૦૨૪માં તેમને હોસ્પિટલના ન્યુરોલોજીના વિશેષજ્ઞ ડોકટર અંતર્ગત આઈસીયુમાં પણ દાખલ કરાયા હતા.



## દિલ્હી પોલીસની અભિજીત દિપકેને અદાલતમાં રજૂ કરવાની તજવીજ

### પ્રદર્શનકારી વિદ્યાર્થીએ દિલ્હી પોલીસ વિરૂદ્ધ કેરળમાં ફરિયાદ નોંધાવી

નવી દિલ્હી, તા. ૧૬

કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દીપકેને થોડા સમય બાદ કોર્ટમાં રજૂ કરવામાં આવશે. તેમની લીગલ ટીમ મંદિર માર્ગ પોલીસ સ્ટેશન પહોંચી ગઈ છે.દિલ્હી પોલીસે શુક્રવારે મોડી રાત્રે તેમની ધરપકડ કરી હતી. દીપકેને શુક્રવારે કનૉટ પ્લેસમાં 'લહેરા દો તિરંગા' રેલી પહેલાં અટકાયતમાં લેવામાં આવ્યા હતા. ૮ દિવસમાં દીપકે વિરુદ્ધ આ બીજી વખત કાર્યવાહી કરવામાં આવી છે. આ પહેલાં ૧૦ ઑક્ટોબરે તેમને દિલ્હી એરપોર્ટ પર વિમાનમાંથી અટકાયતમાં લેવામાં આવ્યા હતા. બીજા દિવસે તેઓ મુક્ત થઈ ગયા હતા.આ જ મામલે AISA અધ્યક્ષ નેહા બોરા સહિત આશરે ૧૫૦ લોકોને શુક્રવારે અટકાયતમાં લેવામાં આવ્યા હતા. દિલ્હી પોલીસે શનિવારે સવારે લગભગ ૫ વાગ્યે બોરાને મુક્ત કરી દીધા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, દિલ્હી પોલીસ અધિનિયમની કલમ ૬૫ હેઠળ અટકાયત સંબંધિત ઔપચારિકતાઓ પૂર્ણ થયા બાદ તેમને છોડવામાં આવ્યા હતા.CJPના લીગલ અફેર્સ હેડ રત્ના સિંહે પોસ્ટ કરીને જણાવ્યું કે અભિજીત દીપકેને બપોરે લગભગ ૧૨ વાગ્યે મંદિર માર્ગ પોલીસ સ્ટેશનના SEM સમક્ષ રજૂ કરવામાં આવશે. તે પહેલાં પોલીસ સ્ટેશનની બહાર સુરક્ષા વધારી દેવામાં આવી છે.કેરળના તિરુવનંતપુરમના મ્યુઝિયમ પોલીસ સ્ટેશનમાં દિલ્હી પોલીસ વિરુદ્ધ ઝીરો FIR નોંધવામાં આવી છે. ફરિયાદી દિલ્હી યુનિવર્સિટીની કાયદાની વિદ્યાર્થીની અને NSUI કાર્યકર અથીરા વિજયન છે.આરોપ છે કે ૧૩ ઓક્ટોબરે દિલ્હીના કનોટ પ્લેસમાં મુખ્ય ચૂંટણી કમિશનર વિરુદ્ધ પ્રદર્શન દરમિયાન પોલીસે તેમને રોક્યા, ગાળો આપી, ઢસડ્યા અને મારપીટ કરી.

## બાંગ્લાદેશી યુગલને મસ્જિદમાં અનૈતિક કામ કરવું મોંઘુ પડયું

### મક્કાની મસ્જિદમાં અનૈતિક કૃત્ય બદલ દંપતિને ફાંસી આપી દેવાઈ

નવી દિલ્હી, તા. ૧૬

સાઉદી અરબમાં બાંગ્લાદેશી કપલને ફાંસીની સજા આપવામાં આવી છે. સાઉદીની અદાલતે બન્નેને પવિત્ર શહેર મકકાની મસ્જિદમાં અનૈતિક કૃત્યના દોષિત જાહેર કર્યા હતા. જેમાં એક મહિલા અને એક પુરુષ હતા.

સાઉદી અરબ ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે બુધવારે ૧૪ ઓકટોબરે ફાંસીની સજાનો અમલ કરાયો હતો. બન્નેને ફાંસી આપતા પહેલા ઢાકાના વાણિજ્ય દૂતાવાસને આ બારામાં કોઈ સૂચના નહોતી અપાઈ.

બન્ને વ્યક્તિઓની ઓળખ નઝરુલ ઈસ્લામ અબ્દુલ બશીર અને સિતી અખ્તર તરીકે થઈ છે. બન્ને બાંગ્લાદેશી નાગરિક હતા. તપાસ દરમિયાન આરોપ નકકી કરાયા અને તેમને અદાલતમાં રજૂ કરાયા. સુનાવણી દરમિયાન બન્ને મકકાની એક મસ્જિદમાં અનૈતિક કૃત્યમાં દોષિત સાબીત થયા હતા અને તાઝીર (ઈસ્લામિક કાનૂન અંતર્ગત એક સજા) અંતર્ગત તેમને સજા-એ-મોત સંભળાવાઈ હતી.

અનુસંધાન પાના ૭ પર

## એક્સ્ટ્રા ફી આપીને અમેરિકાના વિઝા, ગ્રીન કાર્ડ અને વર્ક પરમીટ નહીં મળે

### ટ્રમ્પ તંત્રના નવા નિયમોથી ભારતીય વર્કર્સ, સ્ટુડન્ટ્સની વધી શકે છે મુશ્કેલી

નવી દિલ્હી, તા. ૧૬

વોશિંગ્ટન (અમેરિકા) તા.૧૬

અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પની સરકાર 'પ્રીમીયમ પ્રોસેસીંગ'ની ટાઈમલાઈનમાં ફેરફાર કરવા પર વિચાર કરી રહી છે. સરકારના આ પગલાની સીધી અસર વિદેશી વર્કર્સ, વિદેશી સ્ટુડન્ટસ અને એ કંપનીઓ પર પડશે, જે ઈમીગ્રેશન ડિપાર્ટમેન્ટના માધ્યમથી પોતાના કેસનો નિકાલ લાવવા માટે એકસ્ટ્રા ફી આપે છે. જો નવો નિયમ લાગુ થયો તો પછી એકસ્ટ્રા ફી આપીને પણ ના તો જલદી એચ-વન-બી વિઝા મળશે અને ના તો ગ્રીનકાર્ડ કે વર્ક પરમીટ મળશે.ખરેખર તો અમેરિકામાં એક પ્રસ્તાવિત નિયમ હાલ ઓફીસ ઓફ મેનેજમેન્ટ એન્ડ બજેટ (ઓએમબી) પાસે રિવ્યુ માટે મોકલવામાં આવ્યો છે. આ પ્રસ્તાવથી હાલની 'પ્રીમીયમ પ્રોસેસીંગ'ના સમયમાં વધારો થઈ શકે છે, જો કે, ખાસ જોગવાઈઓને હજુ જાહેર નથી કરાઈ. પ્રસ્તાવિત ફેરફાર હજુ લાગુ નથી થયો.કોઈપણ ફેરફારને લાગુ કરતા પહેલા આ નિયમને ફેડરલ રિવ્યુમાંથી પસાર થવું પડશે અને પછી તેના પર કોમેન્ટ માટે તેને 'ફેડરલ રજીસ્ટર'માં પબ્લીશ કરવામાં આવશે. ત્યારબાદ સરકાર આ ફેરફારને લાગુ કરતા પહેલા નિયમને ફાઈનલ રૂપ આપશે.ઉલ્લેખનીય છે કે અલગ-અલગ ઈમીગ્રેશન કેટેગરીના આધારે પ્રીમીયમ પ્રોસેસીંગ ફી ૧૭૮૦ ડોલરથી ૨૯૬૫ ડોલર સુધી હોઈ શકે છે. જો નવો નિયમ અમલમાં આવે તો ભારતીય સ્ટુડન્ટસ, વર્કર્સ પર અસર પડી શકે છે. તેમના માટે મુશ્કેલી વધી શકે છે.

### નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીના હસ્તે

# રૂ.૧૦૮ કરોડના ખર્ચે જિલ્લા પંચાયતના ૧૪૩ વિકાસ કામોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ

### આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરિયાની વિશેષ ઉપસ્થિતિ ગ્રામ્ય માર્ગો, આરોગ્ય સહિત જનસુવિધાઓને મળશે વેગ



સુરત, તા.૧૭

નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીના હસ્તે અને આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરિયાની વિશેષ ઉપસ્થિતિમાં જિલ્લા પંચાયતના પ્રાંગણમાં રૂ.૧૦૮ કરોડ ખર્ચના જિલ્લા પંચાયતના ૧૪૩ વિકાસ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રામ્ય સુવિધાઓમાં વધારો કરતા રૂ.૧૦૦ કરોડના ખર્ચે ૧૦૪ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને રૂ.૮ કરોડના ખર્ચે ૩૯ વિકાસકાર્યોનું લોકાર્પણ થયું હતું. ખાસ કરીને ગ્રામ્ય શાળાઓ માટે ડિજીટલ ક્લાસરૂમ્સ ઓન વ્હીલ' પહેલ હેઠળ જિલ્લા પંચાયત અને ટોયોટા કિર્લોસ્કર કંપની દ્વારા નિર્મિત 'ઈ-કક્ષા બસ'ને નાયબ મુખ્યમંત્રીશ્રીએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ પહેલા હેઠળ મોબાઈલ કમ્પ્યુટર બસ દ્વારા જિલ્લાના પાંચ બ્લોકના વિદ્યાર્થીઓને કમ્પ્યુટર તાલીમ આપવાનું લક્ષ્ય છે. આ પહેલથી ગ્રામ્ય વિકાસ અને ડિજિટલ શિક્ષણને પ્રોત્સાહન મળશે.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર છેવાડાના માનવી સુધી સુખ-સુવિધાઓ પહોંચાડવા અને ગ્રામીણ ક્ષેત્રના બાળકો તથા મહિલાઓના ઉજ્જવળ ભવિષ્ય માટે નિરંતર કાર્યરત છે. સુરત જિલ્લાના વિવિધ ગ્રામીણ વિસ્તારોને સાંકળતા નવા રસ્તાઓ, ૬૦થી વધુ ગામોમાં સિંચાઈ યોજનાઓ, નવી આંગણવાડીઓ તથા ગ્રામીણ સુવિધાઓથી જનસુખાકારીમાં વધારો થશે. ટોયોટા કંપની દ્વારા CSR ફંડમાંથી સુરત જિલ્લાના છેવાડાના ગામોની શાળાઓ માટે એક અત્યાધુનિક 'મોબાઈલ કોમ્પ્યુટર લેબ' – ઈ-કક્ષા બસ થકી અંતરિયાળ વિસ્તારના બાળકોને કોમ્પ્યુટર શિક્ષણ અને ડિજિટલ સાક્ષરતાનો સીધો લાભ મળશે એમ જણાવી શ્રી સંઘવીએ સૌ અગ્રણીઓને અપીલ કરી કે જ્યારે પણ આ બસ ગામની શાળામાં આવે ત્યારે એકપણ સીટ ખાલી ન રહે તે જોવાની જવાબદારી ગામના આગેવાનોની છે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ સરકારી આવાસ યોજનામાં લાભાર્થીઓને પતરાંના બદલે આર.સી.સી. સ્લેબ ભરી આપવા અંગે સ્થાનિક લોકપ્રતિનિધિઓ અને જિલ્લા પંચાયતની ટીમે રજૂ કરેલા પ્રજાહિતના સૂચનની તેમણે સરાહના કરી હતી અને હળપતિ સમાજના પરિવારોને ઝડપથી પાકા આવાસ મળે તે માટે જિલ્લા તંત્રની વહીવટી કામગીરીને બિરદાવી હતી.

શક્તિની આરાધનાના પર્વ નવરાત્રીની સૌને શુભકામનાઓ પાઠવતા તેમણે ઉમેર્યું કે, મોડે સુધી ગરબા રમવાની પરમિશન આપતી રાજ્ય સરકારની હકારાત્મક નીતિના કારણે રાજ્યના લાખો નાના વેપારીઓ, લારી-ગલ્લા ધારકો અને રેસ્ટોરન્ટ સંચાલકો માટે નવરાત્રીનો તહેવાર ધંધા-રોજગાર માટે દિવાળી સમાન સાનૂકુળ અવસર બન્યો છે. નાગરિકો મોડી રાત સુધી સુરક્ષિત વાતાવરણમાં ગરબે રમી શકે તે માટે રાત-દિવસ સેવા આપતી ગુજરાત પોલીસ અને સમગ્ર તંત્રની પ્રશંસા કરી અભિનંદન પાઠવ્યા હતા. નાયબ મુખ્યમંત્રીશ્રીએ ગ્રામજનોને ભારપૂર્વક અનુરોધ કર્યો હતો કે, સરકારી આંગણવાડીઓ, પંચાયત ઘરો કે બસ સ્ટેશન જેવી નવી ભૌતિક સુવિધાઓ એ સમાજની પોતાની મિલકત છે. આ પ્રોજેક્ટ્સ આવનારા લાંબા સમય સુધી નાગરિકોને ઉપયોગી બની રહે તે માટે તેની સ્વચ્છતા અને જાળવણી

અનુસંધાન પાના ૭ પર

# બિહાર વિકાસ પરિષદ દ્વારા મા દુર્ગા પૂજા સાથે ભવ્ય ગરબા મહોત્સવ

### રામનગર સિંધી સમાજની વાડીમાં ભવ્ય દુર્ગા પૂજા મહોત્સવ



સુરત, તા.૧૭

બિહાર વિકાસ પરિષદ, સુરત દ્વારા આયોજિત મા દુર્ગા પૂજા મહોત્સવ ભક્તિભાવથી ઉજવવામાં આવી રહ્યો છે, જેમાં યુવાનો ઉત્સાહપૂર્વક પરંપરાગત ગરબા ઉત્સવમાં ભાગ લઈ રહ્યા છે.

સુરત. બિહાર વિકાસ પરિષદ, સુરત દ્વારા આયોજિત મા દુર્ગા પૂજા મહોત્સવ ૧૧ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ અભિજિત મુહૂર્ત (ઓક્ટોબર મહિનાનો સમય) દરમિયાન કળશ (માટીના વાસણ) ની ધાર્મિક પૂજા અને વૈદિક મંત્રોચ્ચાર સાથે શરૂ થયો હતો. આ ધાર્મિક ઉત્સવ ૨૦ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી સિંધી સમાજ વાડી, વિજય ગાર્મેન્ટ્સ પાછળ, રામનગર, રાંદેર, સુરત ખાતે ચાલુ રહેશે. ઉત્સવના ભાગ રૂપે, મા દુર્ગાની આરતી, પૂજા અને પ્રસાદનું વિતરણ દરરોજ સવારે ૧૦:૦૦ અને રાત્રે ૮:૩૦ વાગ્યે કરવામાં આવી રહ્યું છે. અગ્રણી નાગરિકો, સામાજિક નેતાઓ અને પ્રતિષ્ઠિત મહેમાનો મા દુર્ગાની પૂજા કરવા અને તેમના આશીર્વાદ મેળવવા માટે દૈનિક સાંજની આરતીમાં ભાગ લે છે. ૧૬ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ, સમુદાયના અગ્રણી નાગરિકો, વિવિધ સામાજિક સંગઠનોના પ્રતિનિધિઓ અને ઉદ્યોગપતિઓએ દેવી દુર્ગાની સાંજની આરતી (પવિત્ર પ્રાર્થના) માં ખાસ હાજરી આપી હતી અને પૂજા (પૂજા) માં ભાગ લીધો હતો. સમગ્ર વાતાવરણ ભક્તિથી ભરેલું હતું, અને ભક્તોએ દેવી દુર્ગાના ચરણોમાં માથું નમાવ્યું હતું, સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.

ઉત્સવ દરમિયાન, ભક્તિ ભજન સાંજ સહિત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ક્રમમાં, પરિષદની મહિલા શાખાએ ગુજરાતની પરંપરાગત સંસ્કૃતિના પ્રતીક ગરબા કાર્યક્રમનું આયોજન કર્યું હતું. સમુદાયના યુવાનો અને મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, તેમની પ્રતિભા અને ઉત્સાહ દર્શાવ્યો હતો. ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા સહભાગીઓને ઇનામ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. ધાર્મિક વિધિઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા, આ ઉત્સવ ભક્તોને ભક્તિ, શ્રદ્ધા, સામાજિક એકતા અને સાંસ્કૃતિક પરંપરાઓ સાથે જોડવાની એક મહત્વપૂર્ણ તક પૂરી પાડે છે. બિહાર વિકાસ પરિષદ, સુરતે તમામ સુરતવાસીઓ, ભક્તો અને ધાર્મિક નાગરિકોને મા દુર્ગાના આશીર્વાદ મેળવવા અને આ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમની સુંદરતા વધારવા માટે મોટી સંખ્યામાં ઉત્સવમાં ભાગ લેવા અપીલ કરી છે.

# જીવનભારતી કિશોરભવન પ્રા. વિ. માં નવરાત્રિ પર્વની પારંપરિક ઉજવણી



સુરત, તા.૧૭

તા. ૧૬/૧૦/૨૦૨૬ શુક્રવારના રોજ જીવનભારતી કિશોરભવનમાં નવરાત્રિ પર્વની ઉજવણી કરવામાં આવી. જેમાં શ્રેણી : ૧ થી ૫ ના વિધાર્થીઓએ પારંપરિક પોશાકમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. મંડળના મંત્રીશ્રી મયંકભાઈ ત્રિવેદી, ભવન પ્રતિનિધિ ધનેશભાઈ ગોળવાલા, શ્રી સુનિલભાઈ મારફતિયા અને વાલીમંડળના પ્રમુખશ્રી નરેશભાઈ હાજર રહી બાળકોનો ઉત્સાહ વધાર્યો. શ્રી વૈશાલીબેન ,શ્રી કામિનીબેન, શ્રી મિનલબેન, શ્રી હેમીબેને નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી બેસ્ટ એક્શન અને બેસ્ટ ડ્રેસ ધરાવનાર બાળકોની પસંદગી કરી. વિજેતા વિધાર્થીઓને શાળાના આચાર્યાશ્રી ભામિનીબેન રાવલ, આચાર્યશ્રી ડૉ. પરેશભાઈ પરમાર અને નિરીક્ષકશ્રી રાજેશભાઈ પારેખ તથા સમગ્ર શાળા પરિવારે ઉપસ્થિત રહી નવરાત્રિની ઉજવણી માં સહભાગી બની બાળકોને પ્રોત્સાહિત કર્યા.તા. ૧૬/ ૧૦/૨૦૨૬ શુક્રવારના રોજ જીવનભારતી કિશોરભવનમાં નવરાત્રિ પર્વની ઉજવણી કરવામાં આવી. જેમાં શ્રેણી : ૧ થી ૫ ના વિધાર્થીઓએ પારંપરિક પોશાકમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. મંડળના મંત્રીશ્રી મયંકભાઈ ત્રિવેદી, ભવન પ્રતિનિધિ ધનેશભાઈ ગોળવાલા, શ્રી સુનિલભાઈ મારફતિયા અને વાલીમંડળના પ્રમુખશ્રી નરેશભાઈ હાજર રહી બાળકોનો ઉત્સાહ વધાર્યો. શ્રી વૈશાલીબેન ,શ્રી કામિનીબેન, શ્રી મિનલબેન, શ્રી હેમીબેને નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી બેસ્ટ એક્શન અને બેસ્ટ ડ્રેસ ધરાવનાર બાળકોની પસંદગી કરી. વિજેતા વિધાર્થીઓને શાળાના આચાર્યાશ્રી ભામિનીબેન રાવલ, આચાર્યશ્રી ડૉ. પરેશભાઈ પરમાર અને નિરીક્ષકશ્રી રાજેશભાઈ પારેખ તથા સમગ્ર શાળા પરિવારે અભિનંદન પાઠવી બાળકોને પ્રોત્સાહિત કર્યા.

# નવાપુર રેલવે સ્ટેશને એક્સપ્રેસ ટ્રેનોના સ્ટોપેજ આપવા માંગણી

### દિવાળી પહેલાં વતન યુપી, બિહાર જવા માંગતા કામદારોને પડતી મુશ્કેલી

સુરત, તા.૧૭

નવપુરનું રેલવે સ્ટેશન અનોખું છે, કારણ કે તેનો અડધો ભાગ મહારાષ્ટ્ર અને અડધો ગુજરાતમાં (તાપી જિલ્લામાં) આવે છે. અહીં ચાલતા કાપડ ઉદ્યોગમાં યુપી, બિહાર અને સુરતના અનેક કારીગરો કામ કરે છે. તેઓ દિવાળીમાં વતન જવા નીકળે છે, પરંતુ આ રેલવે સ્ટેશન પર ઘણી એક્સપ્રેસ ટ્રેનનું સ્ટોપેજ ન હોવાના કારણે આ કામગારો વતન જવા મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. જેથી અહીં દિવાળીમાં એક્સપ્રેસ ટ્રેનોનું સ્ટોપેજ આપવા માંગ ઉઠી છે. હાલમાં નવાપુર શહેર ટેક્સટાઈલ અને કાપડ ઉદ્યોગનું મોટું હબ બની ચૂક્યું છે. અહીંની એમઆઈડીસીમાં કાપડ બનાવવાના અનેક કારખાનાઓ કાર્યરત છે. જેમાં મુખ્યત્વે ઉત્તર પ્રદેશ, બિહાર અને સુરત તરફથી મોટી સંખ્યામાં મજૂરો અને કારીગરો રોજીરોટી મેળવવા માટે આવે છે. ઘણા કારખાનાઓના માલિકો અને કારીગરો સુરતથી રોજ અપ-ડાઉન પણ કરે છે. ઉત્તર પ્રદેશ અને બિહારના મજૂરોને પોતાના વતન જવા માટે ટ્રેન પકડવા કાં તો સુરત અથવા નંદુરબાર સુધી લાંબા થવું પડે છે. આના કારણે સમય અને નાણાં બંનેનો વ્યય થાય છે. સાંજના સમયે સુરત તરફ જતાં સ્થાનિક કર્મચારીઓને પણ પૂરતો વાહન વ્યવહાર સુવિધા ન મળતા અગવડ પડે છે. આગામી દિવસોમાં દિવાળીના તહેવારમાં હજારો શ્રમિકો પોતાના વતન જવા નીકળશે. જો રેલવે પ્રશાસન દ્વારા આ અનોખા સ્ટેશન પર નવજીવન, બરોની, પુરી સહિત એક્સપ્રેસ ટ્રેનોનું સ્ટોપેજ શરૂ કરવામાં આવે તો મુસાફરોને મોટી રાહત મળશે. જેથી દિવાળીમાં અહીંથી પસાર થતી સુપર ફાસ્ટ ટ્રેનોને નવાપુર સ્ટેશને બે મિનિટ રોકવાની મંજૂરી આપવી જરૂરી છે.

# સુરત મર્કન્ટાઈલ બેંકના ચેરમેન પદે કુલદીપ પટેલની સર્વાનુમતે વરણી

### વાઇસ ચેરમેન તરીકે નીતિનભાઈ મહેતા વરાયા



સુરત, તા.૧૭

ધી સુરત મર્કન્ટાઇલ કો-ઓપરેટિવ બેંક લિ.ના ચેરમેનપદે શ્રી કુલદીપ રજનીકાન્તભાઈ પટેલની અને નીતિનભાઈ મહેતા વાઈસ ચેરમેન તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. તેઓ બી.કોમ. સુધીનો અભ્યાસ ધરાવે છે અને વ્યવસાયે સફળ ઉદ્યોગપતિ છે. ચેરમેનપદની જવાબદારી સંભાળ્યા બાદ શ્રી કુલદીપભાઈ પટેલે જણાવ્યું હતું કે, "અમારા નેતૃત્વ હેઠળ બેંકને પ્રગતિના નવા શિખરો સુધી લઈ જવા માટે અમે કટિબદ્ધ છીએ. બેંકના વહીવટમાં પારદર્શિતા, પ્રામાણિકતા, કાર્યદક્ષતા અને પુરુષાર્થને પ્રાધાન્ય આપીને સભાસદો તથા ગ્રાહકોના હિતમાં કામગીરી કરવામાં આવશે." તેમણે વધુમાં જણાવ્યું હતું કે બેંકની સેવાઓનો વ્યાપ વધારીને સમાજના નાના-મોટા તમામ વર્ગો સુધી, ખાસ કરીને નાના શહેરો અને નગરોના લોકો સુધી, બેંકિંગ સેવાઓ પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવશે. બેંકના સભાસદો, ગ્રાહકો અને થાપણદારોનો વિશ્વાસ જળવાઈ રહે તથા બેંકની વિશ્વસનીયતા, નાણાકીય સધ્ધરતા અને પ્રતિષ્ઠામાં સતત વધારો થાય તે માટે સમગ્ર સંચાલક મંડળ જવાબદારીપૂર્વક અને પારદર્શક રીતે કાર્ય કરવા કટિબદ્ધ રહેશે. સહકાર, વિશ્વાસ, પારદર્શિતા અને પ્રગતિના મંત્ર સાથે બેંકને વિકાસના નવા આયામો સુધી પહોંચાડવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો છે. આ તબક્કે બીન હરીફ વરણી બદલ તમામ સાથે ડિરેક્ટરો નો આભાર માન્યો હતો.

# કર્મીઓને દિવાળી બોનસ અને પેશગીની રકમ ચૂકવવા માંગ

સુરત, તા.૧૭

સુરત મહાનગરપાલિકાના કર્મચારી/કામદારોને દિવાળી પેશગી અને દિવાળી બોનસ આપવા બાબતે સુરત સુધરાઈ કામદાર સ્ટાફ મંડળ દ્વારા મ્યુનિ. કમિશનરને આવેદન પત્ર પાઠવી જણાવાયું છે કે, સુરત સુરત મહાનગરપા મહાનગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારી/કામદારોને દર વર્ષે દિવાળી અને નુતન વર્ષના તહેવાર નિમિતે પેશગી અને દિવાળી બોનસ આપવામાં આવે છે.તેના કારણે કર્મચારી/કામદારોને વર્ષમાં એક વખત આવતા આ બંને તહેવારોની ઉજવણી પોતાના પરિવારજનો સાથે સારી રીતે ઉજવી શકે છે. જે મુજબ જેથી આ વર્ષ - ૨૦૨૬માં પણ સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારી/કામદારોને દિવાળી પેશગી તથા દિવાળી બોનસ વહેલી તકે આપવા માટે અમારી વિનંતી સહ રજૂઆત છે.



# આરોગ્ય મંત્રી પાનશેરીયાની પહેલથી કામરેજના ગ્રામ્ય વિકાસને નવી ગતિ

### ખેતરથી ગામ સુધીની સફર બનશે સરળ: ગ્રામ્ય પરિવહન બનશે સુગમ

સુરત, તા.૧૭

ગામડાંના રસ્તાઓ માત્ર એક ગામને બીજા ગામ સાથે જોડતા માર્ગો નથી, પરંતુ ખેડૂતોની મહેનત, ગ્રામજનોની આશાઓ અને વિકાસનાં સપનાઓને જોડતી કડી છે. આ જ ભાવના સાથે કામરેજ વિધાનસભા વિસ્તારમાં ગ્રામ્ય માર્ગ સુવિધાઓને વધુ સુદૃઢ બનાવવાની દિશામાં આજે વધુ એક મહત્ત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે.

આરોગ્ય રાજ્ય મંત્રી અને કામરેજના ધારાસભ્ય શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાની પહેલથી તેમજ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસકાર્યોને નવી ગતિ મળી રહી છે. કામરેજ વિધાનસભા વિસ્તારમાં માર્ગ સુવિધાઓના વિસ્તરણ માટે આયોજનબદ્ધ રીતે કામગીરી આગળ ધપાવવામાં આવી રહી છે. આ અંતર્ગત આજરોજ વિવિધ ગામોને જોડતા ૬ માર્ગોના ખાતમુહૂર્તનું આયોજન કરવામાં આવ્યું છે. આ માર્ગોની કુલ લંબાઈ ૧૫.૭૦ કિલોમીટર છે અને તેમની કુલ ટેન્ડર રકમ ?૮.૬૬ કરોડ છે.

આ વિકાસયાત્રા માત્ર આજના કાર્યક્રમ પૂરતી સીમિત નથી. આગામી બે દિવસ દરમિયાન પણ કામરેજ વિધાનસભા વિસ્તારનાં અન્ય ગામોમાં આશરે ૨૪ કરોડના માર્ગોના ખાતમુહૂર્તના કાર્યક્રમો યોજાનાર છે. જેની આશરે લંબાઈ ૩૫ કિલોમીટર છે, તબક્કાવાર રીતે ગ્રામ્ય માર્ગ સુવિધાઓને વધુ મજબૂત બનાવવાની દિશામાં વિકાસકાર્યો આગળ વધશે અને વિવિધ ગામોના નાગરિકોને વધુ સુગમ પરિવહન વ્યવસ્થાનો

અનુસંધાન પાના ૭ પર

# કડોદરા પાટીદાર ભવન ખાતે નવરાત્રિમાં શાસ્ત્ર સાથે શસ્ત્રપૂજન

### આગામી ૩૧મા સમૂહલગ્નમાં વરરાજાઓને તલવાર અર્પણ કરાશે



સુરત, તા.૧૭

મા જગદંબાની આરાધના, ભક્તિ અને શૌર્યના સંસ્કારોને ઉજાગર કરતી નવરાત્રિના પાવન અવસરે તા. ૧૬ સપ્ટેમ્બરના રોજ કડોદરા પાટીદાર ભવન ખાતે શાસ્ત્ર સાથે શસ્ત્ર એટલે કે તલવારનું વિધિવત્ પૂજન કરવામાં આવ્યું હતું. શૌર્ય, સાહસ, સ્વાભિમાન અને ધર્મરક્ષાના સંકલ્પને પ્રેરણા આપતા આ કાર્યક્રમમાં સમાજના સામાજિક અગ્રણીઓ તથા મહિલા શક્તિઓએ સહભાગી બની પૂજનવિધિ કરી હતી.

કડોદરા પાટીદાર ભવનની આન, બાન અને શાન સમાન આ ધાર્મિક આયોજનમાં મા જગતજનની જગદંબાની આરાધના, સ્તુતિ અને ભક્તિના દિવ્ય માહોલ વચ્ચે શૌર્ય સંસ્કરણના વિઝનને અનુરૂપ શાસ્ત્ર અને શસ્ત્રના મહત્ત્વને ઉજાગર કરવામાં આવ્યું હતું.

શાસ્ત્ર આપણને જ્ઞાન, સંસ્કાર, વિવેક અને ધર્મનો માર્ગ દર્શાવે છે, જ્યારે મા જગદંબાના દિવ્ય સ્વરૂપમાં ધારણ કરેલાં શસ્ત્રો અધર્મ પર ધર્મના વિજય, દુષ્ટતા પર સદાચારના વિજય અને શક્તિના સદુપયોગનો સંદેશ આપે છે. તલવાર માત્ર શસ્ત્ર નથી, પરંતુ શૌર્ય, સાહસ, સ્વાભિમાન, આત્મરક્ષણ અને સમાજની સુરક્ષા પ્રત્યેની જવાબદારીનું પ્રતીક છે. શાસ્ત્ર જ્ઞાન અને સંસ્કારનું બળ આપે છે, જ્યારે શસ્ત્ર અન્યાય સામે અડગ રહેવાની પ્રેરણા આપે છે. બંનેનું સમન્વય જ સંસ્કારયુક્ત અને જવાબદાર સમાજના નિર્માણનો પાયો છે. આ જ ભાવનાને આગળ ધપાવતાં આગામી તુલસી વિવાહના પાવન દિવસે દક્ષિણ ગુજરાત સ્તરે સતત ૩૧મા સમૂહલગ્નનું આયોજન કરવામાં આવનાર છે. આ સમૂહલગ્નમાં દાતા પરિવાર તરફથી તમામ વરરાજાઓને તલવાર અર્પણ કરવાની

અનુસંધાન પાના ૭ પર

# વ્યારા સુગરનાં બાકી નાણાં મુદ્દે ખેડૂતોની ટ્રેક્ટર રેલી

### ચેરમેન અને અશોક ગામીત વિરુદ્ધ સૂત્રોચ્ચાર

વ્યારા, તા.૧૭

તાપી જિલ્લાના વ્યારા સુગર ફેક્ટરીમાં ગત વર્ષે શેરડી પૂરી પાડનારા ખેડૂતોનાં બાકી નાણાંની ચૂકવણીનો મુદ્દો ફરી ગરમાયો છે. બાકી નાણાંની વસૂલાત માટે ખેડૂતો દ્વારા ગત ૨ ઓક્ટોબરથી વ્યારા જિલ્લા સેવા સદન ખાતે ધરણાં-પ્રદર્શન કરવામાં આવી રહ્યાં છે. આંદોલનના પખવાડિયા બાદ પણ નાણાં નહીં મળતાં ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ લડતને વધુ ઉગ્ર બનાવવા માટે આજે ખેડૂતો દ્વારા ટ્રેક્ટર રેલી યોજી વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.

ખેડૂતોના આક્ષેપ મુજબ, વ્યારા સુગર ફેક્ટરીમાં ગત વર્ષે શેરડી પૂરી પાડવા છતાં તેમને હજુ સુધી તેમની ઉપજનાં નાણાં મળ્યાં નથી. ખેડૂતોનું કહેવું છે કે, શેરડીની સપ્લાય કર્યા બાદ લાંબો સમય વીતી ગયો હોવા છતાં બાકી રકમ ચૂકવવામાં આવી નથી, જેના કારણે ખેડૂતો આર્થિક મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. એક તરફ ખેતીના ખર્ચા અને અન્ય જવાબદારીઓ નિભાવવાની હોય છે, ત્યારે પોતાની મહેનતની કમાણી મેળવવા માટે આંદોલન કરવાની ફરજ પડી રહી હોવાની લાગણી પણ ખેડૂતોએ વ્યક્ત કરી છે. ખેડૂતોના જણાવ્યા અનુસાર, બાકી નાણાંના મુદ્દે જિલ્લા કલેક્ટર દ્વારા ૧૫ ઓક્ટોબરના રોજ ઝડપી ચૂકવણી કરાવવાનું આશ્વાસન આપવામાં આવ્યું હતું. જોકે, આ આશ્વાસન છતાં હજુ સુધી કોઈ નાણાં ચૂકવવામાં આવ્યાં નથી, એવો ખેડૂતોનો આક્ષેપ છે. પરિણામે, માત્ર આશ્વાસન આપવાને બદલે બાકી રકમની ચૂકવણી માટે નક્કર પગલાં લેવામાં આવે તેવી ખેડૂતો માંગ કરી રહ્યા છે. આજે વ્યારાના મિશન નાકા નજીક આવેલી ભગવાન બિરસા મુંડાની પ્રતિમાથી જિલ્લા સેવા સદન સુધી ટ્રેક્ટર રેલી યોજવામાં આવી હતી. મોટી સંખ્યામાં ખેડૂતો ટ્રેક્ટર સાથે રેલીમાં જોડાયા હતા. આ દરમિયાન વ્યારા સુગર ફેક્ટરીના ચેરમેન

અનુસંધાન પાના ૭ પર




## ૐ વિશ્વ મંગલની ઉદઘોષણા માટે છે:પૂ.મોરારિબાપુ

# માનસ ભારત સ્વસ્તિક યાત્રા"નું ગાન ઓમકારેશ્વર અને ઝાંસીમાં થયું

ઝાંસી તા.૧૬/૧૦/૨૬ (તખુભાઈ સાંડસુર દ્વારા)

"માનસ ભારત સ્વસ્તિક યાત્રા" છઠ્ઠા દિવસે ૧૫ ઓક્ટોબરના રોજ દ્વાદશ જ્યોર્તિલિંગ પૈકીના મધ્યપ્રદેશના ઓમકારેશ્વરમાં પહોંચી હતી. સાતમો દિવસ ૧૬ મીએ ઐતિહાસિક નગરી ઝાંસી માટે રાખવામાં આવ્યો હતો..

પૂ.મોરારિબાપુએ ઓમકારેશ્વર શિવની આરાધના કરતાં કહ્યું કે પરમ અવસ્થાનું નામ જ પરમાત્મા છે.ઓમકારેશ્વર જ્યાં આદિ શંકરાચાર્યને ગુરુ ભગવત પાદ અને ગુરૂ ગોવિંદ પાદ મળ્યા હતાં.તે સ્વયં વેદાંતી હતા. શંકરાચાર્યજીએ ભજ ગોવિંદમ સ્ત્રોતની રચના કરી.ઓમકાર સ્વસ્તિકનો પર્યાય છે,તે નિરાકાર છે.આપણે ત્યાં નવનું મહત્વ ખૂબ છે. નવખંડ, નવરંગ વગેરે તેમાં નવનાદ પણ છે.જેમાં ઓમકાર તેનો પહેલો નાદ છે.શંખનાદ,વેણુનાદ, સિંહનાદ,મેઘનાદ,સમીરનાદ, સિંહનાદ, ડમરુંનાદ,વંશનાદ પણ છે.

સાતમા દિવસે વ્યાસપીઠ તા ૧૬/૧૦ ના રોજ મહારાણી લક્ષ્મીબાઈની ઐતિહાસિક નગરી ઝાંસીમાં આજે પહોંચી હતી.રાષ્ટ્ર મંગલ માટે પોતાની પ્રસન્નતા વ્યક્ત કરતા બાપુએ કહ્યું હતું ઉર્જાનુ સંતુલન જરૂરી છે.પૃથ્વીનો ગુણ ગ્રહણ કરવાનો, વર્ષાના બીજ અંકુરિત કરવાનો પણ છે .તેથી ભૂમિ ઊર્જા છે આવી ઊર્જાને આપણા મસ્તિષ્કમાં ચડાવવાથી વધુ ઊર્જા મળે છે. આવી ભૂમિને દંડવત કરીએ છીએ. રાષ્ટ્રભક્તિથી રંજીત આ ભૂમિને વંદન કરીએ છીએ.આજનો દિવસમાં માં કાત્યાયનીનો પણ છે.ચરણ અને પદ સ્વસ્તિક છે અને ચાર મારગ પણ છે. દેવમારગ,ગુરૂ મારગ,સૂર્ય મારગ છે તે મિત્ર મારગ છે.આત્માનો ખોરાક બુદ્ધ પુરુષની વાણી છે.આપણું શરીર પંચ ભૌતિક છે.આજે કથાના ક્રમમાં કથા ભગવાન રામના જન્મની કથા તેના મહાત્મ્ય અને અયોધ્યા તથા રઘુકુળના ઉત્સવની કથા સંભળાવાય છે.

આવતીકાલે કથાયાત્રા તારીખ ૧૭ ઓક્ટોબરના રોજ કૃષ્ણ જન્મભૂમિ મથુરા ખાતે પહોંચશે.પરમ પિતા પરમાત્મા ભગવાન કૃષ્ણને કથા અર્પણ કરવામાં આવશે.કથાનુ સમાપન ૨૩ ઓક્ટોબરના રોજ કેદારનાથ ધામ ખાતે થશે.સમગ્ર કથાનું આયોજન અને સંચાલન મનોરથી પરિવાર શ્રી સનાતન ધર્મ સંસ્થાન દ્વારા થયેલું છે.જે ઉદયપુરની જાણીતી સેવા સંસ્થા છે. શ્રી મદનલાલ પાલીવાલજી અને શ્રી રૂપેશભાઈ વ્યાસજી સમગ્ર વ્યવસ્થા જોઈ રહ્યાં છે.પૂ.મોરારિબાપુ પણ ટ્રેનમાં યાત્રા કરી રહ્યાં છે તેથી ટ્રેનના સમયપાલન મુજબ કથા ગાન થાય છે. કથામાં સાહિત્યકારો,વિદ્વાનો, સંતો વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત હતા. ઓમકારેશ્વરમાં મધ્યપ્રદેશની સરકારે ઝાંસીમાં ઉત્તર પ્રદેશ સરકારે સુંદર વ્યવસ્થામાં સહયોગ આપ્યો હતો.

# ચણિયા ચોળી: માત્ર પોશાક નહીં- સદીઓ જૂની સાંસ્કૃતિક વિરાસત છે...



નવરાત્રીના નવલા નોરતા આવે એટલે ગરબાના તાલે ઘૂમતા રંગબેરંગી ચણિયા ચોળીની રોનક જ કંઈક અલગ હોય છે. આજે શહેરના યુવાનો અવનવા ફેશનેબલ ડ્રેસમાં રાસ રમે છે, પણ ગામઠી ચણિયા ચોળીની મજા અને તેનું ગૌરવ આજે પણ અકબંધ છે. ચણિયા ચોળી એ માત્ર ગુજરાત પૂરતો પોશાક નથી, તે તો ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસતનું જીવંત પ્રતીક છે. તેનો ઈતિહાસ કોઈ દાયકા કે સદી જૂનો નથી, પરંતુ તેના મૂળ સિંધુ ખીણની સંસ્કૃતિ સુધી લંબાય છે.

તે સમયે સ્ત્રીઓ ત્રણ ભાગમાં વહેંચાયેલો પોશાક પહેરતી હતી, જે સમય સાથે વિકસીને આજના સ્વરૂપે પહોંચ્યો છે. વૈદિક કાળમાં તેને અંતરિયા એટલે કે નીચેનો ઘાઘરા જેવો ભાગ, ઉત્તરિયા એટલે કે ખભા કે માથા પર ઓઢાતી ઓઢણી અને સ્તનપટ્ટ એટલે કે છાતીને ઢાંકતું વસ્ત્ર જે આજે ચોળી તરીકે ઓળખાય છે, એમ ત્રણ ભાગમાં ઓળખવામાં આવતો હતો.

પ્રાચીન અને પરંપરાગત ચણિયા ચોળીની સાચી ઓળખ તેની કલાત્મકતા અને કુદરતી શુદ્ધતા છે, જે આજના મશીન-મેડ ફેશન કરતા તદ્દન જુદી હતી.તે સમયે કાપડ તરીકે માત્ર શુદ્ધ ખાદી, સૂતરાઉ કાપડ અને રેશમ જેવા કુદરતી તંતુઓનો જ ઉપયોગ થતો હતો, જે શરીરને આરામદાયક રાખવાની સાથે ટકાઉ પણ રહેતા. તેના પરનું ભરતકામ એ જ તેનો આત્મા હતું. કચ્છી ભરતકામ, આહીર ભરત, રબારી વર્ક અને ગામઠી ટાંકા જેવી હાથ કારીગરી દરેક ચણિયા ચોળીને એક અનોખી વાર્તા આપતી. સાથે જ આભલા વર્ક અને મોતીકામ તેને રાત્રિના ગરબામાં દીવા અને લાઇટના અજવાળામાં ચમકાવતું, જે નવરાત્રીની રાતોને વધુ ઝળહળતી બનાવતું હતું.

એટલું જ નહી, પ્રાચીન સમયમાં કાપડને રંગવા માટે પણ કુદરતી પદ્ધતિઓ જ અપનાવાતી હતી. ફૂલો, વનસ્પતિઓ અને ખનિજોમાંથી બનતા કુદરતી રંગો, બાંધણી અને અજરક પ્રિન્ટ જેવી પ્રખ્યાત તકનીકો તેની સુંદરતામાં વધારો કરતી. આજે જ્યારે ફેશન દરરોજ બદલાય છે, ત્યારે આ પરંપરાગત ચણિયા ચોળી આપણને આપણી માટી, આપણી કલા અને આપણા કારીગરોની મહેનત સાથે જોડી રાખે છે. એટલે જ ચણિયો, ચોળી અને ઓઢણીનો આ ત્રિવેણી સંગમ માત્ર એક ડ્રેસ નથી, પણ ગુજરાતની અસ્મિતા અને ભારતની સાંસ્કૃતિક ઓળખ છે.



# કોર્ન સિરપ ઘાતક છે

ભારતીય ખાન-પાનની સદીઓ જૂની સમૃદ્ધ પરંપરા રહી છે. ભારતમાં ખાન-પાનની વાનગીઓ જેટલી બને છે. તેટલી પૂરા વિશ્ર્વના બીજા દેશોમાં કયાંય બનતી નથી. ભારતીય ભોજન સ્વાસ્થ્યના માપદંડથી બનતાં વ્યજનો છે. જે સ્વાદ અને સ્વાસ્થ્ય અનોખો સુમેળ છે. ઘણાં વર્ષોથી ગુલામી તેમ જ બાહ્ય દેશોના આક્રમણ ભારતીય ભોજન પર ઘણાં પ્રકારે આક્રમણ કર્યું છે. પ્રાકૃતિક રીતે બનતા ભોજનમાં ભારત સર્વશ્રેષ્ઠ છે. બહારના દેશોના કેમિકલયુક્ત આહારે આપણા ભોજન પર પ્રહાર કર્યા છે. આ આક્રમણકારીઓના આવવાથી ખાન-પાનની વિભિન્ન શૈલી વિકસિત થઇ. ભારતીય સભ્યતા નિરંતર વિકાસ પથ પર અગ્રેસર હતી. આક્રમણકારીઓની ખાન-પાનની વ્યવસ્થામાં કોઇ તાલમેલ નથી. નીચે બેસીને ખાવાની પરંપરામાં સભ્યતા હતી. આ સભ્યતા તેમ જ ખાન-પાનમાં વિકૃત્તી થઇ ગઇ હોય એવું જણાય છે.

ભારતીય મિઠાઇઓ પોતાની સમૃદ્ધતા અને વિવિધ વિરાસ્ત માટે પ્રખ્યાત હતી. પ્રાકૃતિક સામગ્રીથી વિભિન્ન ક્ષેત્રોમાં, સંસ્કૃતિમાં અને પરંપરાઓથી પ્રભાવિત હતી. જયારે મોટા તહેવારો આવે અને ઋતુઓની અનુકૂળતા અનુસાર મીઠાઇઓ બનતી હતી. ભારતીય મીઠાઇઓ બનાવવામાં સરળ હતી. જે ફળો સૂકામેવા અને પ્રાકૃતિક મીઠાશથી બનતી હતી. હવે આ પ્રક્રિયાને ઘણી જટીલ અપ્રાકૃતિક અને હાનિકારક બનાવી દીધી છે. દિવાળી જેવા તહેવારોમાં પણ પારંપારિક મીઠાઇ ભુલાતી જાય છે. વધુ સાકર તેમ જ આર્ટિફિશિય સાકર, હાનિકારક રંગો, રસાયણો યુકત બની ગઇ જે ફકત આંખોને લોભાવે છે. આ સાથે-સાથે રિફાઇન્ડ તેલમાં તળીને બનાવતા ફરસાણ, મીઠાઇ અને ફરસાણનો ઉપયોગ આડેધડ વધ્યો છે. જેથી ડિસેમ્બર અને જાન્યુઆરી મહિનામાં કફ, શરદી, ડાયાબિટીસનું વધી જવું, હાર્ટએટેક, પેરાલિસિસના દર્દીઓ વધુ જોવા મળે છે.

સાકરના ઉપયોગની જગ્યા એ હવે પ્રમાણમાં સિરપનો ઉપયોગ વધ્યો છે. સફેદ સાકર તો ઘાતક છે. આ સિરપનો ઉપયોગ તેથી વધુ ઘાતક છે. સુગર ફ્રીના નામે આ સિરપ વપરાય છે. આ સિરપ છે કોર્ન સીરપ. આ હાઇફ્રકટોસ સિરપ (એચ.એફ.સી.એસ.) જે કોર્ન સ્ટાર્ચથી તૈયાર થાય છે. આ હાઇફ્રકટોસ સિરપમાં કેલરીની માત્રા ખૂબ જ વધારે છે. ગ્રેડના આધારે ગ્લુકોઝ, માલ્ટોઝ અને ઉચ્ચ ઓલિગો સેક્રેરાઇડ વધુ માત્રામાં છે. ફકત ખાદ્ય-પદાર્થોને નરમ રાખવા માટે આ નુકસાનકારક સિરપનો ઉપયોગ થાય છે. માત્રા વધારવા, સાકરના ક્રિસ્ટલીકરણને રોકવા, સ્વાદ વધારવા માટે ઉપયોગ થાય છે. સાકરની જેમ આને પણ રિફાઇન્ડ કરવામાં આવે છે. તેમ જ પ્રીઝવેટીવ સોડિયમ બેન્ઝોડોઇટ નાખવામાં આવે છે. ડાર્ક કરવા માટે આર્ટિફિશિયલ કલર નાખવામાં આવે છે.૨૧ માર્ચ ૨૦૦૯ના ન્યૂયોર્ક ટાઇમ્સના એક લેખ આ ઉચ્ચ ફૂકટોઝડ કોર્ન સિરપના નુકસાન વિશે જણાવ્યું છે. અમેરિકા દેશમાં આ કોર્ન સિરપ ઉપયોગ કેક, બિસ્કિટ બેવરેઝ, આઇસક્રીમ, ઠંડાપીણામાં, કેન્ડી, કેરેમલ ચોકલેટ બેકરી, પ્રોડક્ટસ જેવા ખાદ્ય પદાર્થમાં ઉપયોગ થાય છે.પોષણ વિશેષજ્ઞો દ્વારા અમેરિકામાં આની વિરુદ્ધ અભિયાન ચલાવ્યું કે કોર્ન સિરપને કારણે સ્વાસ્થ્ય પર હાનિકારક પ્રભાવ પાડે છે જેના કારણે ટાઇપ-૨, ડાયાબિટીસ, હૃદયરોગ વજન વધવું કોલેસ્ટ્રોલનું સ્તર વધવું, લીવર પર અસર થાય છે. આપણે જાણીએ છીએ કે અમેરિકા જેવા દેશમાં વજન વધારે હોય એવી જનસંખ્યાનું પ્રમાણ ઊંચું છે. હૃદયરોગનું પ્રમાણ પણ અધિક છે. હાલમાં આપણાં દેશમાં વિદેશી કંપનીઓનું પ્રમાણ વધ્યું છે. ખાદ્ય-પદાર્થની રેસ્ટોરેન્ટમાં વિદેશી વ્યજંનોનું પ્રમાણ વધ્યું છે. જે લોકોને આકર્ષિત કરી રહી છે. લોકો પણ આવી રેસ્ટોરેન્ટમાં જવાનું વધુ પસંદ કરે છે. તેથી ભારતમાં પણ બાળકોમાં મોટાપો વધ્યો છે. યુવાનોમાં હૃદયરોગનું પ્રમાણ વધ્યું છે. સ્ત્રીઓ પણ વધુ પ્રમાણ ઓબેસ થાય છે. આ સિરપ ભારતમાં પણ વાપરવાનું પ્રમાણ વધ્યું છે. પણ આ આપણા માટે ઘાતક છે.સિરપમાં હજુ એક સિરપ છે. રાઇસ સિરપ આનો ઉપયોગ પણ ફૂડ ઇન્ડસ્ટ્રીમાં વધુ થઇ રહ્યો છે. આમાં પણ પોટેશિયમ સોરબેટ, સોડિયમ એસિડ ફોસ્ફેટ, કેરેમલ કલર, ડીકેલ્શિયમ ફોસ્ફેટ, લિકિવડ ગ્લુકોઝ, સોડિયમ અને અમોનિયમ બાય-કાર્બોનેટ સોડિયમ સીટ્રેક, અલ્જીનેટ ફૂડ કેમિકલ જેવા અનેક રસાયણો આ સિરપોમાં વપરાય છે. આ સિરપો નેચરલ છે. એવી ભ્રામક જાહેરાતોથી બચવું જરૂરી છે. સફેદ સાકર તો ઘાતક છે. સાથે આ પણ એનાથી વધુ ઘાતક છે. વાચકો આનું ધ્યાન જરૂર રાખે છે. ઘણાં ખાદ્ય પદાર્થોમાં આ વપરાય છે. તેના લેબલ પર વાચવું જરૂરી છે. ડૉક્ટરો, વિશેષજ્ઞો અને રાજકારણી બોલતા રહેશે કે જીવનશૈલમાં સુધાર કરો, પણ આ બીમારીઓનું મૂળ કારણ જણાવતા નથી. આપણે સાવધાન રહેવું જરૂરી છે.આ સિરપો અને સુગર કેટલી ઘાતક છે. તેની માટે ૨૦૧૪માં ઓસ્ટ્રેલિયામાં એક ડોકયુમેન્ટ્રી ફિલ્મ 'ધેટ સુગર' બનાવામાં આવી છે. આના નિર્દેશક અને અભિનય ડેમન ગેમ્યુએ કર્યું છે. આ ફિલ્મ ખાદ્ય પદાર્થમાં છુપાયેલી સાકર અને માનવ શરીર પર આનો શું પ્રભાવ પડે છે એ દેખાડે છે. આ ફિલ્મમાં ગેમ્યુ પર પ્રયોગનું અનુસરણ કરતી વાત મૂકવામાં આવી છે. સાકર વાપરવાને કારણે ગેમ્યુનું વજન વધી ગયું, સુસ્તી વધી ગઇ, અને ફેટી લીવરનો રોગ થયો. આ ફિલ્મની સમીક્ષા અમેરિકામાં કરવામાં આવી, કેટલી ઘાતક છે તે જણાયું. આ ફિલ્મ આપના વિચારો બદલી નાખશે. સ્વસ્થ ભોજન તરફ વાળશે.આ સિરપોનો પાચન શક્તિ નબળી કરી ઘણાં રોગને નિમંત્રણ આપે છે. આ સિરપો બનાવતી કંપનીઓની ભરમાર છે. એક બ્રિટિશ બ્રાંડની કંપની ૬૮ સ્વાદમાં સિરપ બનાવે છે. ફ્રેંચ બ્રાંડની કંપની ૧૨૩ સ્વાદમાં સિરપ બનાવે છે. આવી લગભગ ૨૦થી ૨૨ કંપની છે. જે અલગ અલગ સ્વાદવાળા સિરપ બનાવે છે.

બીજા સિરપ જેવા કે ઉલ્ટાચીની સિરપ, મેડનહેયર સિરપ, પામસિરપ, મેપલ સિરપ, મિજુઆમે સિરપ જે જાપાનમાં બને છે. પેકમેજ સિરપ જે દ્રાક્ષમાંથી બને છે. આ સિરપોનું લિસ્ટ બહુ લાબું છે.

# તાજગીથી ભરપૂર રસદાર ક્ધિનૂ ફળનો સ્વાદ ચાખવા જેવો છે હો!




શિયાળો હોય કે ઊનાળો ભારતીયો વિવિધ ફળોનો આનંદ માણવાનું પસંદ કરતાં હોય છે. ફળની વિવિધતાની સાથે ફળોનો ઉપયોગ આહારમાં કરવાથી આરોગ્ય જળવાઈ રહે છે. ફળ તથા શાકભાજીનો આહારમાં ભરપૂર પ્રમાણમાં ઉપયોગ કરવાથી શરીરને પૂરતાં પ્રમાણમાં વિટામિન્સ, મિનરલ્સ, એન્ટિઓક્સિડન્ટ મળી રહે છે. જે સ્વાસ્થ્ય માટે અત્યંત ઉપયોગી ગણાય છે. શિયાળો શરૂ થાય તેની સાથે બજારમાં નારંગીની આવક શરૂ થઈ જાય છે. નારંગીની આવક બહોળા પ્રમાણમાં જોવા મળે છે. રસ્તા ઉપર રેકડી હોય કે ફળની દુકાન નારંગી જ નારંગી જોવા મળે છે. ક્યારેક લીલી છમ તો ક્યારેક પીળી કે આછી લીલી-પીળી, ક્યારેક નાની તો ક્યારેક મોટી પીળા રંગની હોય છે. નારંગી સંતરા તરીકે પણ ઓળખાય છે. સંતરા તથા ક્ધિનૂ બંનેમાં થોડી ખટાશ જોવા મળે છે. તેથી જ તેને સાઈટ્રસ ફળ તરીકે ઓળખવામાં આવે છે. બંને ફળની ઓળખ કઈ રીતે કરી શકાય તે જોઈ લઈએ. સંતરાની છાલ પાતળી તથા વજનમાં હળવી હોય છે. ક્ધિનૂની છાલ જાડી તથા વજનમાં ભારે હોય છે. ક્ધિનૂની ઉપરની છાલ મુલાયમ તથા ચીકાશ પડતી જોવા મળે છે. તો સંતરાની ઉપરની છાલ થોડી ખરબચડી જોવા મળે છે. સંતરાની સરખામણીમાં ક્ધિનૂની કિંમત ઓછી જોવા મળે છે. ક્ધિનૂ સ્વાદમાં મીઠાશ પડતાં હોય છે. ભારત તથા પાકિસ્તાનના પહાડી વિસ્તારમાં ક્ધિનૂનો પાક વધુ થતો જોવા મળે છે. ભારતમાં ક્ધિનૂનો પાક પંજાબ, હિમાચલ, જમ્મૂ કાશ્મીર વગેરે રાજ્યોમાં વધુ થાય છે. સંતરાનો પાક મહારાષ્ટ્ર, હિમાચલ, ગુજરાત, રાજસ્થાન, પંજાબ, હરિયાણા ઉત્તર પ્રદેશમાં બહોળા પ્રમાણમાં જોવા મળે છે. ક્ધિનૂમાં સંતરાની સરખામણીમાં ૩ ગણી વધુ માત્રામાં વિટામિન સી, મિનરલ્સ સમાયેલું હોય છે. જેને કારણે દાંતનો દુખાવો ત્વરિત ઓછો થવા લાગે છે. તેમાં સમાયેલાં પોષક તત્ત્વો કેન્સરના ખતરાથી બચાવમાં મદદ કરે છે. ક્ધિનૂનો આહારમાં સમાવેશ કરવાથી રોગપ્રતિકારક શક્તિ વધારવાની સાથે વિવિધ રોગથી રક્ષણ મળી રહે છે. 'પંજાબમાં ક્ધિનૂ ફળને ફળના રાજા તરીકે ઓળખવામાં આવે છે.' આ ફળ બે પ્રકારના જોવા મળે છે. કિંગ (સાઈટ્રસ નોબિલિસ) તથા વિલો લીફ (સાઈટ્રસ એક્સ ડેલિસિયોસા).

પોષક તત્ત્વની વાત કરીએ તો વિટામિન સી, વિટામિન એ, કૉપર, સોડિયમ, ફાઈબર, મેગ્નેશિયમ, ગ્લુકોઝ, ફ્રુક્ટોઝ, સુક્રોઝ, તેમ જ પ્રોટીનનું પ્રમાણ ભરપૂર સમાયેલું જોવા મળે છે. ૧૦૦ ગ્રામ ક્ધિનૂમાં ૨૦૦ મિલીગ્રામ પોટેશિયમ, ૫૦ મિલીગ્રામ કેલરી, ૨ ગ્રામ ફાઈબર, ૧ ગ્રામ પ્રોટીન, ૧૧ ગ્રામ કાર્બોહાઈડ્રેટની માત્રા સમાયેલી જોવા મળે છે. કેલરીનું પ્રમાણ ઓછું હોવાને કારણે વજન નિયંત્રણમાં રાખવા માંગતી વ્યક્તિ માટે ઉપયોગી ફળ ગણાય છે. ઠંડીની મોસમમાં ક્ધિનૂ ખાવાના ફાયદા જાણી લઈએ :

પાચનતંત્ર મજબૂત બને છે : પાચન સંબંધિત સમસ્યાથી છૂટકારો મેળવવો હોય તેમણે ક્ધિનૂ ફળનો ઉપયોગ શિયાળામાં ખાસ કરવો જોઈએ. તેનું મુખ્ય કારણ તેમાં ફાઈબરનું પ્રમાણ સમાયેલું છે. જેને કારણે કબજિયાત, પેટમાં ચૂક આવવી, પેટ ફૂલી જવું જેવી સમસ્યાથી રાહત મેળવી શકાય છે. પ્રત્યેક વ્યક્તિએ પોતાની આવશ્યક્તા અનુસાર અઠવાડિયામાં ૪-૫ વખત વિવિધ ફળની સાથે ક્ધિનૂ ફળનું સેવન કરવું જોઈએ. જેને કારણે લાંબા સમયની કબજિયાતની તકલીફમાં રાહત મેળવી શકાય છે.

વજન નિયંત્રણમાં રાખવામાં ગુણકારી

અન્ય ખોરાક લેતાં પહેલાં ક્ધિનૂનો રસ કે તેના ફળને રેસા કાઢીને ખાવાથી શરીરમાં ઊર્જા જળવાઈ રહે છે. પેટ લાંબા સમય સુધી ભરેલું લાગે છે. વારંવાર ખાવાની ઈચ્છા ઓછી થાય છે.

ક્ધિનૂમાં ફાઈબરનું પ્રમાણ સારી માત્રામાં સમાયેલું છે. વળી ફાઈબરયુક્ત ભોજન લેવાથી પેટ લાંબા સમય સુધી ભરાયેલું રહે છે. જે વજનને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે.

કૉલેસ્ટ્રોલને નિયંત્રણમાં રાખવામાં લાભકારક

ઠંડીમાં કૉલેસ્ટ્રોલ વધી જતું જોવા મળે છે. ક્ધિનૂનું સેવન કરવાથી લોહીમાંથી ખરાબ કૉલેસ્ટ્રોલનો પ્રભાવ ઓછો કરવામાં મદદ મળે છે. જો ખરાબ કૉલેસ્ટ્રોલ વધી જાય તો વ્યક્તિને હૃદય સંબંધિત તકલીફ વધી જતી હોય છે. હૃદયની તંદુરસ્તી જાળવવા માટે ક્ધિનૂનું સેવન ગુણકારી ગણાય છે.

શરીરને શક્તિ પ્રદાન કરવામાં ગુણકારી

અનેક વખત એવું બને છે કે થોડું કામ કર્યા બાદ વ્યક્તિને શરીરમાં નબળાઈ લાગવા લાગે છે. આવા સંજોગોમાં જો ક્ધિનૂનો રસ પીવામાં આવે તો શરીરમાં શક્તિનો સંચાર થાય છે. વ્યક્તિ રસ પીધા બાદ તાજગીનો અનુભવ કરવા લાગે છે. તેનું મુખ્ય કારણ છે ક્ધિનૂમાં સમાયેલું ગ્લુકોઝ, ફ્રૂક્ટોઝ, સુક્રોઝ તથા કાર્બોહાઈડ્રેટ સમાયેલું જોવા મળે છે. જે શરીરની નબળાઈ દૂર કરીને ત્વરિત વ્યક્તિમાં એનર્જીનો સંચાર કરે છે.

એસિડીટી કે છાતીમાં બળતરાની તકલીફમાં ગુણકારી

વારંવાર તળેલું-તીખું ભોજન કરવાથી એસિડીટીની તકલીફ વધી જતી જોવા મળે છે. તીખું -તળેલું મસાલેદાર કે તળેલું ભોજન લીધા બાદ ક્ધિનૂનો રસ પી લેવાથી છાતીમાં થતી બળતારને રોકવામાં મદદ મળે છે. તેનું મુખ્ય કારણ છે ક્ધિનૂમાં મિનરલ્સ સમાયેલાં હોય છે જે એસિડીટીની સમસ્યાથી બચાવમાં મદદ કરે છે.

કેન્સરના ખતરાથી બચાવે છે

ક્ધિનૂના સેવનથી કેન્સરના રોગથી બચવામાં મદદ મળે છે. તેનું મુખ્ય કારણ છે તેમાં ઍન્ટિ-ઓક્સિડન્ટના ગુણો જોવા મળે છે. તેવું એક સંશોધન બાદ જાણવા મળ્યું છે. એવું કહેવામાં આવે છે કે ક્ધિનૂનું સેવન કરવાથી શરીરમાં વિષેલા પદાર્થો ઘટવા લાગે છે. ટોક્સિક એલિમેન્ટ બહાર નીકળવા લાગે છે.

રોગપ્રતિકારક શક્તિ વધારવામાં ગુણકારી

ક્ધિનૂ ફળનું સેવન કરવાથી રોગપ્રતિકારક શક્તિ મજબૂત બને છે. ક્ધિનૂમાં વિટામિન સી ભરપૂર પ્રમાણમાં સમાયેલું હોય છે. જેને કારણે શરીરને બૅક્ટેરિયા તથા વાઈરસથી સુરક્ષા મળે છે. વારંવાર બિમાર પડી જવાની સમસ્યાથી બચી શકાય છે.

ક્ધિનૂ-આદું માર્માલેડ

સામગ્રી : ૪ નંગ ક્ધિનૂ, ક્નિ?નૂ ફળનો માવો જો ૪૦૦ ગ્રામ હોય તેનાથી અડધી ખાંડ આશરે ૨૦૦ ગ્રામ, ૨ નંગ સંતરાની ચીર બી તથા રેસાં કાઢેલી, ૧ લીબૂનો રસ, ૧ ગ્લાસ પાણી જરૂર પ્રમાણે વાપરવું. ક્ધિનૂની છાલ પાતળી કાપેલી, ૫૦ ગ્રામ આદુંનો રસ.

બનાવવાની રીતઃ ક્ધિનૂના ફળને બરાબર સાફ કરી લેવાં. ૨ ફળનો રસ કાઢી લેવો. ૨ ફળનો માવો તૈયાર કરવો. છાલની અંદર દેખાતાં સફેદ રેસા કાઢી લેવાં. ફળની છાલમાંથી સફેદ રેસા કાઢીને છાલના નાના ટૂકડાં કરી લેવાં. બી કાઢી લેવાં.હવે નૉન સ્ટીક પૅનમાં ક્ધિનૂનો રસ, માવો સંતરાની ચીર તથા ઝીણી સમારેલી છાલ ઉકાળવા મૂકવી. તેમાં જરૂર મુજબ પાણી ઉમેરવું. પાણી બળવા આવે અને માવો ઘટ્ટ થવા લાગે ત્યારે તેમાં માવાથી અડધી ખાંડ ઉમેરવી. ખાંડ બળી જાય એટલે તેમાં આદુનો રસ, તથા લીબૂનો રસ ભેળવી દેવો બે મિનિટ હલાવીને ગેસની આંચ બંધ કરી દેવી. ઠંડું પડે ત્યારબાદ કાચની બરણીમાં ભરી લેવું. માર્માલેડ જામ જેવો જ ઘટ્ટ તૈયાર થશે. સ્વાદમાં છાલનો ઉપયોગ કર્યો હોવાથી ખટ્ટ-મધુરો લાગશે.

# શું તમે પણ શિયાળાની ઋતુમાં આળસ અનુભવો છો, તો તેનાથી છુટકારો મેળવવા માટે આ ટિપ્સ અપનાવો

ઠંડીની મોસમ આવી ગઈ છે અને આ ઋતુ જેટલી સુંદર લાગે છે એટલી જ આળસુ પણ હોય છે. શિયાળામાં આપણે ખૂબ જ આળસ અનુભવીએ છીએ. આનું કારણ વધુ કાર્બોહાઈડ્રેટ્સ સાથેનો ખોરાક અને ઓછી શારીરિક પ્રવૃત્તિ પણ હોઈ શકે છે. પરંતુ ઠંડીને કારણે થતી આ આળસને ઓછી કરી શકાય છે. જાણો શિયાળામાં આળસ કેવી રીતે ઓછી કરી શકો છો. શિયાળાની ઋતુ તેની સાથે આળસ લાવે છે. એવું લાગે છે કે આ ઋતુની શરૂઆત સાથે જ આપણા શરીરની જોમ ક્યાંક ગાયબ થઈ જાય છે. તમે ગમે તેટલો પ્રયાસ કરો, આળસ સામે લડવું ખૂબ મુશ્કેલ છે. જેના કારણે આપણી કામ કરવાની શક્તિ પણ ઘટી જાય છે. પરંતુ શિયાળાને કારણે થતી આળસને ઓછી કરી શકાય છે. ચાલો જાણીએ કેવી રીતે આપણે આળસ દૂર કરી શકીએ.વિટામિન-ડીની ઉણપ ટાળો ટેનિંગ ટાળવા માટે, આપણે મોટાભાગે તડકામાં જવાનું ટાળીએ છીએ, પરંતુ સૂર્યપ્રકાશ એ વિટામિન-ડીનો શ્રેષ્ઠ સ્ત્રોત છે. તેની ઊણપથી આળસ અને વધુ પડતી ઊંઘ જેવી સમસ્યાઓ પણ થઈ શકે છે. તેથી દરરોજ થોડો સમય સૂર્યપ્રકાશ લો. તેનાથી તમારું શરીર ગરમ રહેશે અને તમને વિટામિન-ડી પણ મળશે. આ સાથે તમે તમારા આહારમાં ઈંડા, કોડ લિવર તેલ, ફેટી માછલી વગેરેનો સમાવેશ કરી શકો છો. આ વિટામિન-ડીની થોડી માત્રા પણ પ્રદાન કરે છે.તમારો ખોરાક તમારા મૂડને અસર કરે છે અને ઘણીવાર શિયાળાની ઋતુમાં આપણે વધુ ચરબીયુક્ત ખોરાક ખાઈએ છીએ. જેના કારણે શરીરને ખોરાક પચવામાં વધુ સમય લાગે છે અને આપણે આળસ અનુભવીએ છીએ. તમારા આહારમાં પ્રોટીન, ફાઈબર, વિટામિન્સ, મિનરલ્સ અને કાર્બોહાઈડ્રેટ્સ સંતુલિત માત્રામાં લો. તેનાથી તમારું સ્વાસ્થ્ય સુધરશે અને તમને એનર્જી પણ મળશે.શારીરિક પ્રવૃત્તિ ન કરવાને કારણે તમારા શરીરની માંસપેશીઓ સખત થઈ જાય છે અને રક્ત પરિભ્રમણ પણ ધીમી પડી જાય છે. આ કારણે તમારું શરીર દુખે છે અને તમારો મૂડ પણ ખરાબ રહી શકે છે. વ્યાયામ તમને આ બધી સમસ્યાઓ ઘટાડવામાં મદદ કરશે. તેથી દરરોજ થોડો સમય કસરત કરો.શરદીથી બચવા માટે આપણે રજાઈ નીચે લાંબો સમય સૂઈ જઈએ છીએ અને લાંબા સમય સુધી સૂતા રહીએ છીએ, આથી આપણી ઊંઘનું ચક્ર ખોરવાઈ શકે છે. આવું ન થાય તે માટે તમારી ઊંઘનો સમય નક્કી કરો અને દરરોજ જાગો. મોડા સૂવાથી પણ આખો દિવસ આળસનો અનુભવ થાય છે.આપણે ઘણીવાર શિયાળાની ઋતુમાં વધુ ખોરાક ખાઈએ છીએ.

## તંત્રી લેખ... -

**શનિવાર, તા. ૧૭ ઓક્ટોબર ૨૦૨૬**

# એકતા દેખાડવાનો અને લડાઈ ચાલુ રાખવાનો સંઘર્ષ

વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ સુપ્રીમ કોર્ટ સામે મોરચો કાઢીને શક્તિ પ્રદર્શન કર્યા પછી જંતરમંતરમાં પ્રવેશબંધી તોડવાની સ્પર્ધામાં કોકરોચ પાર્ટીના લોકો 'બાજી' જીતી ગયા હોવાની છાપ પડી તે ભૂંસવા, સુધારવા માટે રાહુલ ગાંધીએ ઈન્ડિયા મોરચા ઉપરાંત 'અન્ય' પક્ષોના નેતાઓને 'ચાય પાર્ટી' માટે આમંત્ર્યા અને તમામ રાજકીય પક્ષો - ભાજપ સહિત - અમારી સાથે જોડાઈ શકે છે - એવી જાહારત કરી. મલ્લિકાર્જુન ખડગેએ પણ પત્રકારોને કહ્યું કે, કોઈ સાથે મતભેદ નથી - અમે બધા સાથે જ છીએ. વિપક્ષી એકતા બતાવવાની અને જારી રાખવાની અનિવાર્યતા રાહુલ ગાંધી સમજે-સ્વીકારે છે અને કાર્યકરો તથા લોકોના જુસ્સાનો જુવાળ ઓસરી જાય નહીં તે માટે જ એમણે ફરીથી 'ગેરન્ટી' આપી છે કે વોટચોરી બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહપ્રધાન અમિત શાહ અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારને સજા થશે જ. આ લડાઈમાં કોઈ જુદા-અલગ નથી. દેશમાં લોકતંત્ર ફરીથી સ્થાપવામાં સૌ એકમત છીએ. વોટચોરી સામે આ એક 'સંયુક્ત' લડાઈ છે. રાહુલ ગાંધી કહે છે કે, લડાઈ આજે, આવતીકાલે નહીં તો ભલે ત્રણ મહિના થાય - ચાલુ જ રહેશે. બંધ નહીં થાય. અમારા વ્યૂહની માહિતી આપી શકાય નહીં. જંતરમંતરની બંધી સામે પણ અમારો સૌનો વિરોધ છે. લડાઈ ચાલુ રહેશે એવી ખાતરી પાછળનું કારણ છે, ચા-પાણીની પાર્ટીમાં કેટલાક સિનિયર નેતાઓનું સૂચન હતું કે, તહેવારો-ઉત્સવના દિવસો છે. દશેરાથી દિવાળી સુધી 'બ્રેક' રાખીએ. આ સાથે છઠ્ઠનો મોટો તહેવાર પણ છે અને અધૂરામાં પૂરું જે રાજ્યોમાં વિધાનસભાઓની ચૂંટણી છે, ત્યાંના રાજકીય પક્ષો અને નેતાઓએ ચૂંટણી-પ્રચારમાં રહેવું પડશે તેથી આ સમયગાળામાં આંદોલન દિલ્હીને બદલે પ્રાદેશિક રાખવું જોઈએ, પણ આ સામે એવી દલીલ થઈ કે આપણા વકીલો સુપ્રીમ કોર્ટ વચગાળાનો હુકમ આપીને મતદારયાદી સુધારણા તાત્કાલિક રોકે, બંધ કરાવે એવા પ્રયાસ કરી રહ્યા છે અને વચગાળાનો મનાઈહુકમ આવે, તો ચૂંટણીમાં આપણા માટે લાભકર્તા હશે. એક સભ્યે તો લડાઈ દિલ્હીથી ખસેડીને વારાણસી લઈ જવાનું સૂચન કર્યું, પણ મોટા ભાગના નેતાઓ દિલ્હીમાં જ લડાઈનું કેન્દ્ર રાખવાનો આગ્રહ રાખ્યો અને આખરે રાહુલ ગાંધીએ લડાઈ ચાલુ જ રહેશે એવી જાહેરાત કરી. રાહુલ ગાંધી શક્તિ પ્રદર્શન પછી વધુ આક્રમક બની રહ્યા છે, ત્યારે ભાજપે પણ 'વાકયુદ્ધ'માં સિનિયર નેતાઓને મેદાનમાં ઉતાર્યા છે. ગૃહપ્રધાન અમિત શાહે વિરોધીઓની દલીલ અને મુદ્દાઓનો છેદ ઉડાડતાં કહ્યું કે, મતદારોની યાદી સુધારવાની શરૂઆત ૨૦૨૪માં થઈ અને સુપ્રીમ કોર્ટની મંજૂરીથી થઈ છે, પણ તે પહેલાં ઘણાં રાજ્યોમાં કોંગ્રેસે દાયકાઓથી જનતાનો વિશ્વાસ અને સત્તા ગુમાવી છે તે કેમ ભૂલી જાય છે? સંયોગવશાત્ - ગુજરાતમાં ગાંધીનગરની સુધરાઈનાં પરિણામ આવ્યાં તેમાં અને રાજસ્થાનમાં પણ કોંગ્રેસના ઉમેદવારોએ ડિપોઝિટ ગુમાવી છે તેની માહિતી આપીને અમિત શાહે કહ્યું કે, રાહુલ ગાંધી ઘૂસણખોરો અને વોટ બેન્ક બચાવવા માટે લડી રહ્યા છે. આ લડાઈ ટૂંકી-લાંબી ચાલશે. હવે મહત્ત્વની વાત એ છે કે, બન્ને પક્ષ સામે પડકાર તો લોકોનો વિશ્વાસ જીતવાનો છે. કેન્દ્ર સરકારની કોઈ સીધી ભૂમિકા નથી છતાં દેખાવકારોનાં સૂત્રો પછી છાપ એવી ઊભી થઈ કે, આ ઘર્ષણ વિદ્યાર્થીઓ અને કેન્દ્ર સરકાર વચ્ચે છે. વાસ્તવમાં વિરોધ છે ચૂંટણી કમિશનરનો. સરકારની ભૂમિકા વિશે તો ફક્ત એક વર્ગને શંકા છે. સંઘર્ષ લાંબો છે અને સૌએ એ યાદ રાખવાનું છે કે, આ ચૂંટણી જીતવા જેવું સહેલું કામ નથી, અહીં તો પ્રજાનો વિશ્વાસ જીતવાનો છે - એ પ્રજાનો જે ચૂંટણી જીતાડે અને હરાવે છે.

# બાહોશ ધારાશાત્રીની ચિર વિદાય

સીમાવર્તી પ્રદેશ કચ્છે સરહદી ગુનાખોરી અને અપરાધિક પ્રવૃત્તિ સામે સદૈવ સજાગ રહેવું જરૂરી છે. હવે ડિજિટલ ટેકનોલોજીનો જમાનો છે. પરંપરાગત યુદ્ધપદ્ધતિ કોરાણે મુકાતી ચાલી છે. ઓપરેશન સિંદૂર દરમ્યાન પાકિસ્તાને કચ્છ ઉપર ડ્રોનનો મારો કર્યો હતો, જે આપણી વાયુસેના અને દળોએ વિફળ બનાવ્યો. ગુનાખોરી ખુલ્લી પાડવી, દેશવિરોધી - સમાજવિરોધી તત્ત્વોને ઝડપીને તેને કોર્ટના કઠેરામાં અને ત્યાંથી જેલના સળિયા પાછળ ધકેલવા રાષ્ટ્રની સુરક્ષા માટે અતિ જરૂરી છે. એ કામગીરીમાં તપાસનીશ એજન્સીઓ સાથે ધારાશાત્રીની ભૂમિકા મહત્ત્વની બની રહે છે. આ લાંબી પ્રસ્તાવના માટેના નિમિત્ત છે રત્નાકરભાઈ ધોળકિયા : કચ્છના આ વરિષ્ઠ અને પ્રામાણિક વકીલનાં અવસાનથી કાયદાની દુનિયાને તો ખોટ પડી છે, સાથે સમાજે એક ઉમદા - ધર્મિષ્ઠ અને સત્યના પક્ષે ગમે તેવું જોખમ લઈને લડનારું વ્યક્તિત્વ ગુમાવ્યું છે. તેમનાં અવસાનના ખબર ફેલાતાં જ સાથી વકીલોમાં શોકની લાગણી ફરી વળી. રત્નાકરભાઈ એવા જાણકાર અગ્રણી જે માત્ર ન્યાય વિભાગ સંબંધિત જ નહીં, કચ્છના જાહેર જીવનની દરેક બાબતથી વાકેફ અને સ્પષ્ટ અભિપ્રાય ધરાવતા હતા. એમનું જીવન સંઘર્ષથી ભરેલું. દેશવિરોધી પ્રવૃત્તિઓનાં પ્રકરણમાં કાયદાની ઝીણામાં ઝીણી જોગવાઈઓનો અભ્યાસ કરીને કેસને સજ્જડ બનાવવાની તેમની ખાસિયત હતી. સામાન્ય રીતે ફોજદારી કે રાષ્ટ્રદ્રોહના ગંભીર ગુનાના કાનૂની જંગ વખતે ખાનગી ધારાશાત્રીઓ પોતાના સાથીઓને કે અસીલોને જુબાની કેમ આપવી તેની ખાસ ટિપ્સ આપતા હોય, પણ રત્નાકરભાઈ સરકારી વકીલ તરીકે આ પદ્ધતિ અપનાવતા એ તેમની ફરજનિષ્ઠાનું પ્રમાણ આપે છે. કસ્ટમ, દાણચોરી, દેશવિરોધી પ્રવૃત્તિના કેસ લડવા એ જોખમ ભરેલું કામ હોય છે. આ કામગીરી બજાવવામાં અનેક પ્રલોભનો આવે, ધાકધમકીએ થાય, શ્રી ધોળકિયાએ નિસ્પૃહ અને નીડર બનીને તેનો સામનો કર્યો. ૧૯૯૨માં ભુજમાં મહાદેવ નાકા પાસે સ્કૂટર પર કોર્ટ જઈ રહેલા આ ધારાશાત્રી ઉપર હુમલોએ થયો હતો. રત્નાકરભાઈએ કચ્છમિત્રની કટારના સંચયરૂપ પ્રસિદ્ધ કરેલાં પુસ્તક 'સંવેદનશીલતા સરહદની'માં નોંધ્યું છે કે, ૩૩ વર્ષનાં જાહેર ક્ષેત્રની વકીલાતમાં તેમનો એ વિશ્વાસ દૃઢ થયો કે, સરકારી વકીલ નિષ્કામ કામ કરે, ઊંડા ઊતરી જે-તે વિભાગના અધિકારીઓને વિશ્વાસમાં લઈને કામ કરતાં મોટા ભાગના અધિકારી વર્ગ ઉપર તેની સકારાત્મક અસર થયા વિના રહેતી નથી. રત્નાકરભાઈ ધોળકિયાએ સમાજ જીવન અને વકીલાત ક્ષેત્રે ઉત્તમ કામગીરી કરી સીમાચિહ્ન અંકિત કર્યું છે. દેશમાં અને કચ્છ-ગુજરાતમાં કાયદા ક્ષેત્ર વિકસી રહ્યું છે. અનેક નવલોહિયા વકીલો આ ક્ષેત્રે કારકિર્દી ઘડવા ઉત્સાહથી આવી રહ્યા છે. શ્રી ધોળકિયાનું નિષ્ઠાપૂર્વકનું કામ પ્રેરણારૂપ બની શકે તેમ છે.

**સરમાએ દાવો કરેલો કે, ભારતની હાલની અશાંતિ વિદેશી ફંડથી 'દિમાગી નક્સલો'એ હાથ ધરેલો 'સત્તા પરિવર્તનનો પ્રોજેક્ટ' છે**

# ભારતમાં અશાંતિ ઊભી કરવા ઠલવાતાં નાણાંનું પગેરું કેમ નથી મળતું?

## અને બાંગ્લાદેશની જેમ ભારતમાં પણ ભારતની જનતાના સમર્થન વિના સત્તા પરિવર્તન કરવાના કારસા થઈ રહ્યા છે.

ભારતના ચીફ ઈલેક્શન કમિશનર (સીઈસી) જ્ઞાનેશકુમારને હટાવવા માટે ચાલી રહેલા આંદોલનને દબાવી દેવામાં કેન્દ્ર સરકાર સફળ થઈ નથી રહી તેથી નવો દાવ ખેલ્યો છે. ભાજપના નેતાઓએ હવે વિદેશીઓના ઈશારે ભારતમાં 'રીજિમ ચેન્જ' એટલે કે સત્તા પરિવર્તનનો તખ્તો ગોઠવાઈ રહ્યાના આક્ષેપો શરૂ કર્યા છે. આ આક્ષેપોની શરૂઆત આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ કરી.

સરમાએ દાવો કરેલો કે, ભારતની હાલની અશાંતિ વિદેશી ફંડથી 'દિમાગી નક્સલો'એ હાથ ધરેલો 'સત્તા પરિવર્તનનો પ્રોજેક્ટ' છે અને બાંગ્લાદેશની જેમ ભારતમાં પણ ભારતની જનતાના સમર્થન વિના સત્તા પરિવર્તન કરવાના કારસા થઈ રહ્યા છે. હવે કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે પણ આ વાત દોહરાવી છે. તેના પગલે ભાજપના બીજા નેતા પણ કૂદી પડ્યા છે અને દેશ મજબૂતી અને સ્પષ્ટ લક્ષ્ય સાથે આગળ વધી રહ્યો છે ત્યારે ભારતને અસ્થિર કરવા માગતાં વિદેશી પરિબળો આંદોલન

ભડકાવી રહ્યાં હોવાનું કોરસ શરૂ કરી દીધું છે.

ભાજપના નેતા ભારતમાં અરાજકતા ઊભી કરવા માટે વિદેશી ભંડોળ ઠલવાઈ રહ્યું હોવાની વાતો ખરેખર તો કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારને નબળી સાબિત કરી રહી છે. સાથે સાથે આ દેશ બોડી બામણીનું ખેતર હોય એમ કોઈ પણ ઘૂસીને ભેલાણ કરી જાય છે એવી છાપ પણ ઊભી કરી રહી છે. ભાજપના નેતા વિદેશીઓ ભારતમાં અશાંતિ ને અરાજકતા ઊભી કરવા મથે છે એવી વાતો કરીને સામાન્ય લોકોની સહાનુભૂતિ મેળવવા મથે છે પણ હકીકતમાં આ સરકારની નબળાઈનો ખુલ્લો સ્વીકાર છે. ભાજપના નેતાઓને આવી વાત કરતાં જ ખરેખર તો શરમ આવવી જોઈએ. કેન્દ્રમાં ભાજપની સરકાર છે અને છતાં વિદેશીઓ ભારતમાં અરાજકતા ઊભી કરવા માટે અબજો રૂપિયા ઠાલવી જતા હોય તેનો અર્થ શો ? એ જ કે આપણા દેશમાં દખલગીરી કરતાં વિદેશી પરિબળોને રોકવાની તાકાત આ સરકારમાં નથી. આપણી સિસ્ટમમાં પોલમ્પોલ છે કે પછી આપણી એજન્સીઓ સાવ નકામી છે તેના કારણે આપણે વિદેશી ફંડને રોકી શકતા નથી તેની તેમને જ ખબર પણ આ નિષ્ફળતાની સીધી જવાબદારી સરકારની જ કહેવાય ને ? ભાજપના નેતા પોતાની જ સરકારની નિષ્ફળતાની કબૂલાત કરે એ નફફટાઈની ચરમ સીમા કહેવાય કેમ કે આડકતરી રીતે આ નમૂના સ્વીકારી રહ્યા છે કે, પોતાની જ સરકારમાં દેશની આંતરિક બાબતોમાં દખલ કરનારાંને સાચવવાની ત્રેવડ નથી. બીજું એ કે, ભાજપના નેતા આક્ષેપો કરે છે પણ વિદેશી ફંડથી ભારતમાં આંદોલનનો તખ્તો ગોઠવાયો છે એવું સાબિત કરી શકતા નથી. સરકાર ભાજપની, તંત્ર ભાજપનું, એજન્સીઓ ભાજપની ને છતાં વિદેશથી ફંડ આવે છે તેના પુરાવા ભાજપ ના આપી શકે તેનો અર્થ એ થાય કે, ભાજપ જૂઠાણું ચલાવી રહ્યો છે અથવા સરકારમાં બેઠેલા લોકો એટલા ભોટ છે કે, લશ્કર ક્યાં લડી રહ્યું છે તેની જ ગતાગમ પડતી નથી. કૉંગ્રેસ તો લગભગ દોઢ સદી જૂની પાર્ટી છે તેથી તેની પાસે નાણાં હોય પણ હજુ છ મહિના પહેલાં સ્થપાયેલી કોક્રોચ જનતા પાર્ટી (સીજેપી) પાસે નાણાં ક્યાંથી આવે છે એ સવાલ છે જ પણ ભાજપ સરકાર પાસે તેનો જવાબ નથી. સીજેપી પાસે કોઈ મુખ્ય ચહેરો કે નેતા નથી છતાં થોડાક મહિનાઓમાં સીજેપીએ ઉપરાછાપરી આંદોલનોમાં લાખો યુવાઓને ખડકીને સાબિત કર્યું છે કે, અંદરખાને સીજેપીએ જોરદાર સંગઠન ઊભું કરવામાં સફળતા મેળવી છે. સીજેપી જ્યારે કોઈ કાર્યક્રમ જાહેર કરે ત્યારે આ સંગઠનના જોરે લાખો યુવાઓને ખડકી દે છે. મેદાનમાં આવેલા યુવાઓના ખાવા-પીવાની સગવડો સહિતનું બધું આપોઆપ સચવાય છે. આ બધું ઉપરથી તો નહીં જ પડતું હોય ને ? લાખો યુવાઓને દિવસો લગી ખવડવવાનો ખર્ચ કરોડોમાં થાય ને આ નાણાં ક્યાંથી આવે છે તેની કોઈને જ ખબર નથી. આ સિવાય સીજેપી સોશ્યલ મીડિયા પર જબરદસ્ત અભિયાન સતત ચલાવ્યા કરે છે ને તેમાં પણ ખર્ચ તો થાય જ. આ ખર્ચ કોણ ઉઠાવે છે એ સ્પષ્ટ નથી.

સીજેપીનો દાવો છે કે, ક્રાઉડફંડિંગ એટલે કે લોકફાળા, સ્વયંસેવકોની અંગત બચત અને અલગ અલગ રીતે મળેલા દાન દ્વારા ફંડ ભેગું થાય છે ને તેમાંથી બધો ખર્ચ થાય છે. સામે ભાજપ આક્ષેપ કર્યા કરે છે કે, આ આંદોલનને શંકાસ્પદ વિદેશી તાકાતોનું સમર્થન છે તેથી વિદેશથી નાણાં આવે છે પણ નાણાં ક્યાંથી આવે છે, કઈ ચેનલથી આવે છે, કોની પાસે આવે છે તેની કોઈ જ માહિતી ભાજપ સરકાર આપી રહી નથી કે ભાજપના નેતા આપી રહ્યા નથી. મતલબ કે, તેમની પાસે માહિતી જ નથી. માહિતી હોત તો અત્યાર લગી અભિજિત દીપકે સહિતના નેતાઓને ઉઠાવીને અંદર ના કરી દીધા હોત ? સરકાર કશું કરી રહી નથી તેનો અર્થ એ થાય કે, ભાજપના નેતા ખાલી થૂંક ઉડાવે છે.

એક બીજી મહત્ત્વની વાત એ કે, ભાજપના નેતા વિદેશી તાકતોની વાતો તો કરે છે પણ ફોડ પાડીને નામ નથી દેતા. અત્યાર લગી ભારતમાં કંઈ પણ થાય એટલે પાકિસ્તાન પર દોષનો ટોપલો ઢોળીને બેસી જતા ભાજપના નેતા પાકિસ્તાનનું નામ દઈ શકે તેમ નથી કેમ કે ભિખારી પાકિસ્તાનની ભાજપમાં આંદોલન ભડકાવવાની ઔકાત નથી. ભારતમાં સત્તા પરિવર્તન માટે મોટું આંદોલન ભડકાવવું પડે ને એ માટે લખલૂટ નાણાં વેડફવાં પડે. દુનિયામાં અત્યારે અમેરિકા અને ચીન એ બે દેશો પાસે આ રીતે વેડફવા માટે લખલૂટ નાણાં છે તેથી ભાજપના નેતા આ બંનેમાંથી કોઈની વાત કરી રહ્યા છે એવું માનવું પડે પણ તેમનામાં સીધું નામ લેવાની હિંમત નથી એ આઘાતજનક કહેવાય.

ભાજપના જોરે જેમની દુકાન ધમધમાટ ચાલી રહી છે એવા ટોચના વકીલ હરીશ સાળવેએ આક્ષેપ કર્યો હતો કે ભારતની અંદર અશાંતિ પાછળ વિદેશી નાણાં અને બાહ્ય હસ્તક્ષેપ જવાબદાર છે. સાળવેના કહેવા પ્રમાણે, દેખાવો પ્રજાના અસંતોષના કારણે સ્વયંભૂ નથી થઈ રહ્યા પણ દેશને અસ્થિર કરવાના કૃત્રિમ પ્રયાસોના ભાગરૂપે થઈ રહ્યા છે અને આ પ્રયાસો માટે વિદેશી ભંડોળ પૂરું પાડવામાં આવી રહ્યું છે, લોકોને વિદેશથી ઉશ્કેરવામાં આવી રહ્યા છે. સાલ્વેએ તો સીધું અમેરિકાનું નામ લઈને કહ્યું છે કે, કેટલાક દેશો અને ખાસ કરીને અમેરિકા ભારતથી ખુશ નથી.

સવાલ એ છે કે, સાલ્વેની જેમ ભાજપ કેમ અમેરિકાનું નામ લઈને બોલતો નથી ? સરકાર અમેરિકા સામે લાલ આંખ કરતી નથી ? સવાલ દેશની શાંતિ અને સુરક્ષાનો હોવા છતાં ભાજપના નેતાઓમાં ગોળ ગોળ વાતો કરવાના બદલે ચોરને ચોર કહેવાની મર્દાનગી કેમ નથી આવતી ?

**માળિયામાંથી પેટીઓ અને વાસણો ઉતારવા કે ચડાવવા માટે કોઈ પ્રોફેશનલ લેબર બોલાવવો નહી પડે!**

# હવે શરૂ થશે માળિયા વિરુદ્ધ ગરબાનું મેદાન-એ-જંગ...

- આપણે ત્યાં સમાજ એવું માને છે કે આ રોમેન્ટિક કારણ છે કે જોડી સરસ લાગે... પણ ના! આની પાછળ સ્ત્રીઓની પેઢીઓ જૂની 'દૂરંદેશી અને હોમ-મેનેજમેન્ટ સ્ટ્રેટેજી' છુપાયેલી છે!

ભારતીય ગૃહસ્થજીવનના અમુક રહસ્ય એવાં છે, જે માત્ર એક પરણેલો પુરુષ જ સમજી શકે છે! દીવાળી નજીક આવે એટલે ઘરના દરેક ખૂણામાંથી 'સ્વચ્છતા અભિયાન'ની બ્યુગલ ફૂંકાય. પણ આ ઘરકામ અને નારીશક્તિના ગણિતને સમજવું એ આઈન્સ્ટાઈનના સાપેક્ષતાના સિદ્ધાંત (Theroy of Relativity) કરતાં પણ વધુ અઘરું છે.

ચાલો, આજે આપણે વિપક્ષની જેમ સત્તાધારી પક્ષના ભ્રષ્ટાચારના રહસ્યનો પડદાફાશ કરે તેવી રીતે આવા જ કેટલાક રહસ્યમય અને હાસ્યસ્પદ મુદ્દાઓ પર ઊંડું 'સંશોધન' કરીએ.નવરાત્રિનો 'ગરબા ગ્રાઉન્ડ' વિરુદ્ધ ઘરનો 'ઝાડૂ-પોતા ગ્રાઉન્ડ'નો ગ્રાઉન્ડ ઝીરો રિપોર્ટ જોઈએ તો નવરાત્રિ આવે એટલે બહેનોમાં એક અદ્ભુત, અદશ્ય શક્તિનો સંચાર થાય છે. સાંજે આઠ વાગે જે સ્ત્રી 'ઓહો... આજે તો બહુ થાક લાગ્યો છે, ચાય બનાવી દો ને!' એવું કહેતી હોય, તે જ સ્ત્રી રાત્રે દસ વાગે પાંચ કિલોના ચણિયાચોળી પહેરીને, હાઈ હીલ્સ કે ઝાંઝરના ઝણકારે નોન-સ્ટોપ બે કલાક સુધી દોઢતાળી અને ત્રણતાળી ગરબા રમી શકે છે!ગરબાના ગ્રાઉન્ડમાં લાઈટોના અજવાળામાં રાઉન્ડ પર રાઉન્ડ ફરતા તેમને જરાય થાક નથી લાગતો, પણ એ જ સ્ત્રીને જો સવારે ઘરની સફાઈ કરતી વખતે પાંચ મિનિટ માટે ઝાડૂ કે પોતાનું કામ સોંપવામાં આવે, તો તરત જ એમના કમર, ગોઠણ અને પગના સ્નાયુઓ 'સ્ટ્રાઈક' પર ઊતરી જાય છે!માનવ શરીરવિજ્ઞાનના નિયમ અનુસાર ઝાડૂ પકડવાથી જે સ્નાયુઓ ખેંચાય છે, તે જ સ્નાયુઓ ગરબામાં તાળી પાડતી વખતે એકદમ રિલેક્સ થઈ જાય છે! આને કહેવાય 'ગરબા-એનર્જી ઈફેક્ટ'!માળિયું સાફ કરવાની વાત આવે કે તરત પગનો દુખાવો અને કમરનો દુખાવો શરૂ થાય છે.ગરબા ગ્રાઉન્ડમાં સતત બે કલાક કુદકા માર્યા પછી પણ ચહેરા પર ગ્લો હોય છે, પણ ઘરમાં જેવા દીવાળીના સફાઈ-અભિયાનમાં માળિયે (Loft) ચડવાના વારા આવે એટલે તરત જ ફરિયાદ શરૂ થાયઃ 'ઓહોહો... માળિયે ચડવામાં તો મારા પગ-કમર દુખે છે! મારાથી ઉપર નહીં ચડાય.' હવે પ્રશ્ન એ થાય કે જે પગ ગરબાના હીચમાં ૧૮૦ ડિગ્રી પર ફરી શકતા હોય, તે પગને પ્લાસ્ટિકની ઘોડી કે ખુરશી પર બે પગથિયાં ચડવામાં કયો સ્નાયુ દોષ નડે છે? પણ ના, આ જ તો સંસારનું ચક્ર છે! માળિયે ચડવાનું કામ હંમેશાં પતિદેવના ફાળે જ લખાયેલું હોય છે.એક સૌથી રહસ્યમય ઘટના જે માત્ર સંસારમાં મને જ ખબર છે. પુરુષની 'હાઈટ' અને સ્ત્રીઓની દૂરંદેશી વિશે ખાનગીમાં જણાવુ તો (લગ્નનું છૂપું ગણિત) લગ્નની વાટાઘાટો ચાલી રહી હોય ત્યારે છોકરીઓ ઘણીવાર કહેતી હોય છેઃ 'છોકરો મારા કરતાં ઊંચો હોવો જોઈએ.'

આપણે ત્યાં સમાજ એવું માને છે કે આ રોમેન્ટિક કારણ છે કે જોડી સરસ લાગે... પણ ના! આની પાછળ સ્ત્રીઓની પેઢીઓ જૂની 'દૂરંદેશી અને હોમ-મેનેજમેન્ટ સ્ટ્રેટેજી' છુપાયેલી છે! જયા બચ્ચનને આ માટે એવોર્ડ મળવો જોઈએ.સ્ત્રીઓને ખબર છે કે લગ્ન પછી દર વર્ષે દીવાળી આવવાની છે, ઘરમાં માળિયાં સાફ કરવાના છે, છાજલી (જીરીૹંદીજ) પરથી પિત્તળના જૂના વાસણો કે કાચની બરણીઓ ઉતારવાની છે અને પંખા પરના જાળાં પાડવાના છે. જો પતિ ઊંચો હશે, તોઃ સ્ટેપ-લેડર (સીડી)નો ખર્ચ બચી જશે!હાથમાં માત્ર ઝાડૂ કે ડસ્ટર આપી દેવાથી જાળાં સીધા સાફ થઈ જશે. માળિયામાંથી પેટીઓ અને વાસણો ઉતારવા કે ચડાવવા માટે કોઈ પ્રોફેશનલ લેબર બોલાવવો નહીં પડે! બીજા શબ્દોમાં લગ્ન વખતે ઊંચો પુરુષ પસંદ કરવો એ માત્ર ફેશન નથી, પણ ઘરની 'ફ્રી હોમ-સર્વિસ' માટેનું કાયમી આયોજન છે! માળિયાની સફાઈ અને 'જાળા-ઓપરેશન' શરૂ થવાને હવે અઠવાડિયાની વાર છે. ગયા વર્ષની વાત કરું તો દીવાળી પહેલાં મારા ઘરે પણ આ 'માળિયા સાફ સફાઈ ઓપરેશન' શરૂ થયું. મારી શ્રીમતીજીએ મને કહ્યું, 'જુઓ, તમારું કદ છ ફૂટ છે, ઈશ્વરે તમને આટલી સરસ હાઈટ આપી છે તો એનો થોડો સદુપયોગ કરો! આજે માળિયું સાફ કરી નાખો.'હું ઉત્સાહમાં આવીને ખુરશી પર ચડ્યો. માળિયામાં હાથ નાખીને મેં વર્ષો જૂનું એક પિત્તળનું તપેલું બહાર કાઢવાનો પ્રયત્ન કર્યો. મારી શ્રીમતીજી નીચે ઊભા રહીને આદેશ આપતાં હતાંઃ 'અરે ધ્યાનથી! ઉપર જાળાં છે, પહેલાં જાળાં પાડી દો!'મેં જેવું હાથ ઊંચો કરીને જાળું પાડવાનો પ્રયત્ન કર્યો, ત્યાં જ જાળામાંથી એક મોટો કરોળિયો સીધો મારા મોઢા પર પડ્યો! હું ગભરાઈને ખુરશી પરથી નીચે કૂદ્યો અને સીધો નીચે મૂકેલા કચરાના ટોપલામાં પડ્યો!મેં કળ વળીને મારી પત્ની સામે જોયું, તો એ હસીને બોલીઃ 'જોયું? એટલે જ હું માળિયે નથી ચડતી! મને ખબર જ હતી કે ત્યાં કરોળિયા હશે. તમને ભગવાને ઊંચા બનાવ્યા છે તો તમે સહન કરી શકો!'મને ત્યારે સમજાયું કે મારી છ ફૂટની હાઈટ એ મારા માટે કોઈ વરદાન નથી, પણ માળિયાના કરોળિયાઓ સાથે યુદ્ધ કરવાનું 'વોરંટ' છે!ગરબાની આઠમના દિવસે મારી પત્નીએ સવારે મને કહ્યું, 'આજે તો મારાથી ઊભા પણ નથી થવાતું, કમરમાં બહુ દુખાવો છે. આજે રસોઈ તમે બહારથી મગાવી લો, હું ઝાડૂ-પોતા નહીં કરી શકું.'મેં દયા ખાઈને બધી વ્યવસ્થા કરી આપી. તેને આખો દિવસ આરામ કરવા દીધો. પણ જેવો રાતના નવ વાગ્યાનો ટકોરો પડ્યો અને સોસાયટીના સ્પીકર પર 'તારા વિના શ્યામ મને એકલડું લાગે...' વાગવાનું શરૂ થયું, ત્યાં તો ચમત્કાર થયો! કમરના અસહ્ય દુખાવાથી પીડાતી મારી પત્ની ચકાચક ચણિયાચોળી પહેરીને, હાથમાં મેચિંગ બંગડીઓ ચડાવીને એકદમ રેડી થઈને બહાર આવી!

મેં આશ્ચર્યથી પૂછ્યું, 'અરે! તારી કમરનો દુખાવો ક્યાં ગયો?' એણે હસીને ઉત્તર આપ્યોઃ 'તમને ખબર નથી? ગરબા રમવાથી તો 'એક્યુપ્રેશર' થાય! લોકસાહિત્ય અને સંગીતમાં તો રોગ મટાડવાની શક્તિ હોય છે. ગરબા ગ્રાઉન્ડમાં જવાથી તો મારો થાક ઉતરી જશે!'

**તેઓ જણાવે છે કે જટિલ સંસારમાં ધર્મને કેવી રીતે ઓળખવો? શિવ આપણને ચેતવે છે**

# ભારતીય સભ્યતાના અવિરામ નાયક છે રામ...

## કહેવાનો અર્થ એ છે કે રામકથા એક એવા નાયકની કથા પણ છે, જે વિવિધ સમુદાયોને સાથે લઈને પોતાની લોકયાત્રા પૂર્ણ કરે છે.

ભારતીય સભ્યતાના અવિરામ નાયક શ્રીરામ વિજયાદશમીની રાતે રાવણનું પૂતળું બાળે છે, આતશબાજી થંભી જાય છે, ભીડ પાછી ફરે છે અને મેદાનમાં માત્ર રાખ બચી રહે છે. જોકે રામની કથા અહીં પૂરી થતી નથી. આગલે દિવસે પણ રામ હાજર રહે છે, આગલા વર્ષે પણ અને આગલી સદીમાં પણ. આ જ છે રામની સૌથી મોટી વિશેષતા. તેઓ કોઈ એક કથાના નાયક નથી, પરંતુ સમગ્ર ભારતીય સભ્યતાના અવિરામ નાયક છે. અવિરામ એટલે જેના પ્રવાહમાં કોઈ વિરામ ન હોય. રામનું આ જ સ્વરૂપ તેમને અન્ય મહાન ચરિત્રોથી એક વિશિષ્ટ ઊંચાઈ આપે છે. તેઓ કોઈ એક ગ્રંથમાં બંધાયા નથી, કોઈ એક ભાષાના નથી અને ન તો કોઈ એક યુગની જરૂરિયાત છે. તેઓ જેટલા વાલ્મીકિના છે, તેટલા જ તુલસીદાસના છે. જેટલા સંસ્કૃતના છે, તેટલા જ અવધીના છે. જેટલા તમિળ, તેલુગુ, બંગાળી, ઓડિયા, મરાઠી કે મલયાલમના છે, તેટલા જ અસંખ્ય લોકભાષાઓના પણ છે. તેઓ જેટલા ગ્રંથોમાં છે, તેનાથી ઘણા વધુ લોકસ્મૃતિ અને લોકચેતનાનો ભાગ છે.રામની પહેલી વિરાટ સાહિત્યિક છબી આપણને વાલ્મીકિ રામાયણમાં મળે છે. અહીં રામનું નાયકત્વ માત્ર તેમની શક્તિમાં નથી; તેઓ એક એવા મનુષ્યના રૂપમાં સામે આવે છે, જેની સામે જીવન સતત પોતાના કઠિનથી કઠિન નિર્ણયો મૂકે છે. રાજપાટ છોડવું, વનમાં જવું, પ્રિયજનનો વિયોગ સહન કરવો, મિત્રો બનાવવા, યુદ્ધ કરવું અને વિજય પછી પણ પોતાના વચનોની કિંમત ચૂકવવી. રામની યાત્રા વાસ્તવમાં બાહ્ય યુદ્ધ કરતાં વધુ આંતરસંઘર્ષની યાત્રા છે. એ જ કારણે રામનું નાયકત્વ તીર અને તલવારનું નાયકત્વ નથી, પરંતુ તે આત્મસંયમની વિરાટ ચેતના છે. ભારતીય સભ્યતાએ માત્ર તેમની પૂજા જ નથી કરી, પરંતુ તેમને વારંવાર પુનઃસૃજિત પણ કર્યા છે; કારણ કે કોઈ પણ યુગ રામના આદર્શ નાયકત્વ વગર અધૂરો છે. તુલસીદાસજીએ રામચરિતમાનસ દ્વારા રામને લોકભાષા અને ભક્તિની એવી ધારામાં ઊતાર્યા, જેણે તેમને પંડિતો અને વિદ્વાનોના સંસારમાંથી કાઢીને સામાન્ય જનના જીવનનો અભિન્ન ભાગ બનાવી દીધો. રામલીલાઓએ તેમને મંચ પર ઊતાર્યા, લોકગીતોએ તેમને ગામ-ગામ પહોંચાડ્યા, ચિત્રકલાએ તેમનાં અનેક રૂપો ઘડ્યાં, મંદિરોએ તેમના માટે અસંખ્ય સ્થાનો રચ્યાં અને યાત્રાઓએ રામકથાને ભૂગોળમાં બદલી નાખી.અયોધ્યાથી ચિત્રકૂટ, પંચવટીથી રામેશ્ર્વરમ સુધી ફેલાયેલો ભૂગોળ આજે પણ એવી સાંસ્કૃતિક સ્મૃતિનું વિસ્તરણ છે, જેમાં અનેક કથાસ્થળો એકબીજામાં ભળી જાય છે. આ જ છે રામની સભ્યતાગત મહાશક્તિ. પરંતુ રામને માત્ર આદર્શ બનાવીને છોડી દેવા એ તેમની વિરાટતાને નાની કરી નાખવા જેવું છે. ભારતીય સાહિત્યની પરંપરાએ રામને પ્રશ્ર્નો પણ પૂછ્યા છે. આધુનિક લેખને સીતાની પીડાને કેન્દ્રમાં રાખી છે, શંબૂક પ્રસંગ પર વિમર્શ કર્યો છે, સત્તા અને ધર્મના સંબંધોને તપાસ્યા છે અને રામકથાને સ્ત્રી, દલિત તથા હાસ્યની દૃષ્ટિઓથી પણ પરખી છે. પરંતુ આ બધાથી રામ નાના નથી થતા, વધુ મોટા અને વિરાટ થતા ગયા છે. કારણ કે જે સાંસ્કૃતિક ચરિત્ર પાસે સમાજ પોતાના સૌથી કઠિન પ્રશ્ર્નો પૂછી શકે, તે જ જીવંત અને અવિરામ ચરિત્ર હોઈ શકે. અહીં રામની તુલના કૃષ્ણ અને શિવ સાથે રસપ્રદ બને છે. કૃષ્ણ ભારતીય ચેતનામાં જટિલ પરિસ્થિતિઓ વચ્ચે વિવેક, રણનીતિ અને જીવનની બહુરંગી લીલાના નાયક છે, જ્યારે શિવ તપ, સંહાર અને પુનઃસર્જનનું પ્રતિનિધિત્વ કરે છે. રામનું વિરાટત્વ આ બંનેથી અલગ છે. તેઓ સંસારથી દૂર રહીને કે દરેક પરિસ્થિતિને પોતાની ઈચ્છા મુજબ વાળીને નથી ચાલતા, પરંતુ તેઓ સંસારની અંદર રહીને મર્યાદાનો અર્થ સમજાવે છે.

તેઓ જણાવે છે કે જટિલ સંસારમાં ધર્મને કેવી રીતે ઓળખવો? શિવ આપણને ચેતવે છે કે આસક્તિથી પર કેવી રીતે ઊઠવું? પરંતુ રામ પોતાના જીવનથી સંદેશ આપે છે કે મનુષ્ય બનીને પોતાની શક્તિ, ઈચ્છા અને અધિકારને મર્યાદામાં કેવી રીતે રાખવા? તેથી રામનું ચરિત્ર ભારતીય સભ્યતા માટે માત્ર ધાર્મિક આદર્શ નથી, તેમના જીવનથી કલ્પનાનો પણ એક આધાર રૂપ બને છે. રામની કથામાં એક વધુ મહત્વપૂર્ણ વાત છે તેમની વિજય માત્ર એકલાની નથી. રામ વનમાં જાય છે અને નિષાદરાજ તેમની સાથે ઊભા દેખાય છે. સુગ્રીવ અને વાનર સમુદાય તેમના સહભાગી બને છે. હનુમાન તેમની શક્તિનું વિસ્તરણ બને છે, તો વિભીષણ શત્રુ પક્ષમાંથી નીકળીને તેમની સાથે આવે છે.

કહેવાનો અર્થ એ છે કે રામકથા એક એવા નાયકની કથા પણ છે, જે વિવિધ સમુદાયોને સાથે લઈને પોતાની લોકયાત્રા પૂર્ણ કરે છે. આ દૃષ્ટિએ પણ રામ ભારતીય સભ્યતાની બહુલતાવાદી સ્મૃતિના નાયક છે. તેમની કથા ભારતની સીમાઓની અંદર પણ અટકતી નથી. દક્ષિણ અને દક્ષિણ-પૂર્વ એશિયાની અનેક સાંસ્કૃતિક પરંપરાઓમાં રામાયણના અલગ-અલગ રૂપો મળે છે. ક્યાંક રામ આદર્શ રાજા છે, ક્યાંક નાયક છે, ક્યાંક સાંસ્કૃતિક પૂર્વજ છે અને ક્યાંક લોકકથાના પાત્ર છે. અલગ-અલગ ભૌગોલિક વિસ્તારોમાં કથા બદલાતી રહી, પાત્રોના નામ અને અર્થ પણ બદલાતા રહ્યા, પરંતુ રામની હાજરી સતત બની રહી. વાસ્તવમાં આ જ તેમના અવિરામ હોવાનો અર્થ છે. રામ દરેક યુગમાં એકસરખા નથી રહ્યા અને કદાચ તેમને એકસરખા રહેવાનું પણ નહોતું. કોઈ યુગે તેમનામાં મર્યાદા જોઈ, કોઈએ લોકમંગલ, કોઈએ આદર્શ શાસક, કોઈએ ત્યાગ, કોઈએ કરુણા તો કોઈએ મનુષ્યના નૈતિક સંઘર્ષને. આધુનિક સમયમાં રામ સાથે અસહમતિ અને અનેક પ્રશ્ર્નો પણ સામે આવ્યા, પરંતુ આ બધા વચ્ચે રામ ભારતીય સાંસ્કૃતિક સંવાદના કેન્દ્રમાંથી ક્યારેય હટ્યા નથી. કોઈ ચરિત્રની સૌથી મોટી તાકાત કદાચ એ જ હોય છે કે તે સહમતિ અને અસહમતિ બંનેને પોતાની અંદર જગ્યા આપી શકે. તેથી રાવણવધને રામની અંતિમ સિદ્ધિ માનવું એ તેમના અસ્તિત્વના અર્થને ખૂબ મર્યાદિત કરી દેશે. રાવણનું મૃત્યુ રામકથાની એક ઘટના માત્ર છે, રામનું સાંસ્કૃતિક જીવન તેનાથી ઘણું વધુ વ્યાપક છે. દરેક દશહરા પર રાવણ બળે છે, પરંતુ રામ ફરી પાછા આવે છે. શા માટે? કારણ કે બુરાઈને બાળવા માટે એક પ્રતીક પૂરતું હોઈ શકે, પરંતુ સભ્યતાને પોતાના નૈતિક પ્રશ્ર્નો માટે સતત સંવાદની જરૂર હોય છે. રામ એ જ સંવાદ છે. તેઓ જણાવે છે શક્તિ મળ્યા પછી મનુષ્યે કેવું રહેવું? અધિકાર મળ્યા પછી તેનું આચરણ કેવું હોવું જોઈએ? ખાનગી સુખ અને જાહેર ફરજમાં ટકરાવ થાય તો શું પસંદ કરવું? વિજય પછી અહંકારથી કેવી રીતે બચવું અને સૌથી કઠિન પ્રશ્ર્ન શું મહાન બનવું એટલે માત્ર બીજા પર વિજય મેળવવો છે કે પોતાના પર નિયંત્રણ રાખવું એ પણ મહાનતા છે? કદાચ એ જ કારણે રામનો સૌથી મોટી વિજય લંકા પરનો વિજય નથી, તેમનો સૌથી મોટો વિજય એ સતત માનવીય પ્રયાસમાં છે, જેમાં મનુષ્ય શક્તિ છતાં મર્યાદા, સંકટ છતાં ધૈર્ય અને વિજય છતાં આત્મસંયમ જાળવવાનો પ્રયાસ કરે છે. દશેરાની રાતે જ્યારે રાવણની રાખ ઠંડી પડી જાય છે, ત્યારે રામની યાત્રા પૂરી થતી નથી. તે આપણા ઘરો, ભાષાઓ, લોકગીતો, કથાઓ, ઉત્સવો અને સ્મૃતિઓમાં આગળ વધથી રહે છે. રાવણ દર વર્ષે બળે છે, પરંતુ રામ દર વર્ષે પાછા આવે છે. આ જ છે કોઈ કથાના નાયક અને કોઈ સભ્યતાના નાયક વચ્ચેનો ફરક.

# હિન્દી ફિલ્મોમાં ભયનું વાતાવરણ કેવું રહ્યું છે?

પાણીમાં પડીએ નહી ત્યાં સુધી તરતા આવડે નહી એ ગુજરાતી ભાષાની એક ખૂબ જ જાણીતી અને અર્થસભર કહેવત છે. પાણીમાં પડવાથી ડૂબી જવાનો ડર આપણને કંઈક નવું શીખતા રોકે છે, અટકાવે છે. જીવનમાં આગળ વધવું હોય તો ડરનો સામનો કરીને જોખમ લેવું જોઈએ એ કહેવતનો સૂચિતાર્થ છે.

છેલ્લા ૨૦ વર્ષથી દર વર્ષે ઓક્ટોબર મહિનાનો બીજો મંગળવાર હ્લઙ્ઘષ્ઠી ૈંજ્ઞિીઙ્ઘિજ ઙ્ઘઙ્ઘઅ (ડરથી ગભરાઈ નહી જવાનું એનો સામનો કરવાનો) મુખ્યત્વે યુએસમાં અને હવે ધીરે ધીરે અન્ય દેશોમાં ઉજવાઈ રહ્યો છે. આવતા મંગળવાર ૧૩ ઓક્ટોબરે 'ડર કે આગે જીત હૈ'નો ભાવાર્થ ધરાવતા આ દિવસ નિમિત્તે હિન્દી ફિલ્મોમાં 'ભયનું વાતવરણ' કેવું રહ્યું છે એ જાણવાની કોશિશ કરીએ.

ડર અથવા ભય એટલે કે કોઈપણ વાસ્તવિક, કાલ્પનિક કે સંભવિત ખતરા, નુકસાન કે જોખમની આશંકાથી ઉત્પન્ન થતી એક તીવ્ર અપ્રિય કે દુ:ખદ લાગણી. ભય, બીક અને ડરથી કાયમ અંતર રાખવા માગતો માણસ ભય ઉપજાવતા કે દર્શાવતા ડરાવણા ચિત્રપટ (હોરર ફિલ્મો) ગજબની ઉત્સુકતાથી જોવા જતો હોય છે. મનુષ્યને હંમેશાં રહસ્યમય, અજાણી અને અલૌકિક વસ્તુઓ વિશે જાણવાની ઈચ્છા હોય છે. હોરર ફિલ્મો આ કુતૂહલને સંતોષે છે.

ભારતીય સિનેમામાં ડરને પ્રાધાન્ય બોલપટ શરૂ થયા પછી વધુ મળવા લાગ્યું, કારણ કે ભય ઉત્પન્ન કરવા દૃશ્ય સાથે ધ્વનિની હાજરી ભયને વધુ અસરકારક બનાવે છે. દાદાસાહેબ ફાળકેની 'રાજા હરિશ્ચંદ્ર' (૧૯૧૩)થી શરૂ થયેલા ભારતીય ચિત્રપટ ઉદ્યોગના પ્રારંભિક દોરમાં ધાર્મિક-સામાજિક ફિલ્મોને પ્રાધાન્ય હોવાથી એમાં ભય દર્શન આસુરી શક્તિઓ પૂરતું સીમિત જોવા મળતું.

ફિલ્મોમાં સાઉન્ડ શરૂ થયા પછી પૂર્ણ અર્થમાં પહેલી હોરર ફિલ્મ 'મહલ' માનવામાં આવે છે, પણ એના ૧૪ વર્ષ પહેલા રિલીઝ થયેલી મોહન ભવનાની નામના દિગ્દર્શકની 'શાદી કી રાત' (૧૯૩૫) ભારતીય સિનેમાની પ્રથમ હિન્દી હોરર (ડરામણી) ફિલ્મ છે. જોકે, આ ફિલ્મ વ્યાવસાયિક રીતે નિષ્ફળ સાબિત થવાથી વિસરાઈ ગઈ.







નરગિસ હીરોઈન બન્યાં એ પહેલા બાળ કલાકાર તરીકે જે જૂજ ફિલ્મો કરી હતી એમાં 'શાદી કી રાત'નો સમાવેશ છે. ૧૯૪૯માં આવેલી કમાલ અમરોહી દિગ્દર્શિત 'મહલ' (અશોક કુમાર, મધુબાલા-લતા મંગેશકરનું પ્રથમ સુપરહિટ સોન્ગ 'આયેગા આનેવાલા') પ્રથમ હિન્દી હોરર ફિલ્મની ખ્યાતિ ધરાવે છે.

હિન્દી સિનેમાની શરૂઆતમાં હોરર ફિલ્મો મુખ્યત્વે પુનર્જન્મ, રહસ્ય અને નિષ્ફળ લવ સ્ટોરી પર આધારિત હતી. બિમલ રોયની અઢળક અવોર્ડ મેળવનારી 'મધુમતી'માં રોમેન્સની સાથે સાથે પુનર્જન્મ અને રહસ્યના તાણાવાણા હોવાથી ભયનું લખલખું શરીરમાંથી પસાર થઈ જાય એવા દૃશ્યો પણ છે. ૧૯૬૦ના દાયકામાં 'કોહરા', 'ગુમનામ', 'બીસ સાલ બાદ', 'વો કૌન થી' જેવી ફિલ્મો દર્શકોમાં રહસ્ય અને ડરનો શાનદાર માહોલ ઊભો કરવામાં સફળ રહી હતી.

ફિલ્મોની વાર્તામાં ભૂતકાળમાં વિખૂટા પડેલા પ્રેમી હૈયા વર્તમાનમાં ફરી ભેગા થાય અને વાર્તામાં ઘણી વાર કોઈ અવાવરું અને રહસ્યમય હવેલી જોવા મળતી, જે વાતાવરણ ડરામણું અને રહસ્યમય બનાવવામાં સાથ આપતી. એ સમયે વીએફએક્સ વગેરેનું અસ્તિત્વ ન હોવાથી ડરામણાં દૃશ્યો પડદા પર દેખાડવા પવનના સુસવાટાનો અવાજ, ઘુવડનો તીણો સ્વર, ઝાંઝર નો ઝણકાર અને લાંબા પડછાયાઓનો ઉપયોગ વધુ કરવામાં આવતો.

થ્રિલર અને હોરર ફિલ્મોના બેતાજ બાદશાહ આલ્ફ્રેડ હિચકોકની ફિલ્મો કેટલીક હિન્દી ફિલ્મોની પ્રેરણા રહી છે. ૧૯૬૬માં હેમંત કુમાર નિર્મિત અને બીરેન નાગ

દિગ્દર્શિત 'કોહરા' ફિલ્મ હિચકોકનીની 'રેબેકા'થી પ્રભાવિત હતી. વિશ્વજીત અને વહિદા રહેમાન અભિનીત 'કોહરા' એના ગીત-સંગીતને કારણે વધુ લોકપ્રિય થઈ હતી. મેહમુદની 'ભૂત બંગલા' (૧૯૬૫) હોરર કોમેડી ફિલ્મ હતી.

બીજી તરફ સાત ભાઈઓના રામસે પરિવારે હિન્દી હોરર ફિલ્મોના સમીકરણ બદલી એમાં તળિયાઝાટક ફેરફાર કરી નાખ્યા. ભારતીય હોરર ફિલ્મોના જનક ગણાયેલા રામસે બ્રધર્સએ ૧૯૭૨માં રિલીઝ કરેલી 'દો ગઝ જમીન કે નીચે' ફિલ્મથી હોરર ફિલ્મોની શિકલ બદલાવી નાખી. જૂની હવેલીઓ, પિશાચ, તાંત્રિક, જૂની લાશ અને બી જવાય એવા મેકઅપનો ભરપૂર ઉપયોગ કરી દર્શકોમાં ધ્રુજારી ઉત્પન્ન કરવામાં સફળતા મેળવી.

૧૯૭૦-૮૦ના દાયકામાં ઓછા બજેટમાં તૈયાર થયેલી 'દરવાઝા', 'ગેસ્ટ હાઉસ', 'પુરાના મંદિર', 'તહખાના'. 'પુરાની હવેલી', 'બંધ દરવાઝા' વગેરે ફિલ્મોથી હોરર શૈલીને નવું પરિમાણ આપવાની કોશિશ કરી. બરાબર યાદ છે કે રામસેની એક ફિલ્મના ટ્રેલરમાં મેહમૂદ અટ્ટહાસ્ય સાથે માનવ ખોપડીમાં કોઈ ગરમ પીણું લાવતો હોય એવું દૃશ્ય જોઈ એ ફિલ્મ જોવાની ઉત્સુકતા થઈ હતી. જોકે, અઝીઝ નાઝાંની લોકપ્રિય કવ્વાલી 'ચઢતા સૂરજ ધીરે ધીરે ઢલતા હૈ ઢલ જાએગા'ની જેમ રામસે બ્રધર્સની ફિલ્મોની લોકપ્રિયતાના પૂર ઓસરવા લાગ્યા અને હોરર ફિલ્મોએ નવી કેડી પકડી. રામગોપાલ વર્મા અને વિક્રમ ભટ્ટ જેવા દિગ્દર્શકોએ હોરર ફિલ્મોએ મોડર્ન શહેરી માહોલમાં પેશ કરી. 'રાત', 'ભૂત', 'રાઝ', '૧૯૨૦', 'ફિયર' વગેરે ફિલ્મો દ્વારા દર્શકોને આકર્ષિત કરવાનો નોખો પ્રયાસ કરી ખાસ્સી સફળતા મેળવી.



## મૃણાલ ઠાકુરે ૯ મહિનાથી એક પણ ફિલ્મ સાઇન નથી કરી

'રાકા'માં અલ્લુ અર્જુન અને દીપિકા પાદુકોણ સાથે કામ કરવાની ચર્ચા વચ્ચે અભિનેત્રી મૃણાલ ઠાકુરે સ્પષ્ટ કર્યું કે ફિલ્મોની ઓફરનો અભાવ નહી, પરંતુ વાર્તાઓ સાથે જોડાણ ન અનુભવાતાં તેણે બ્રેક લીધો છે. મૃણાલ ઠાકુરે છેલ્લા નવ મહિનાથી એક પણ ફિલ્મ સાઈન કરી નથી. અલ્લુ અર્જુન, દીપિકા પાદુકોણ અને દિગ્દર્શક અટલીની આગામી સાયન્સ ફિક્શન ફિલ્મ રાકામાં મૃણાલ પણ જોડાવાની હોવાની ચર્ચા વચ્ચે તેણે પોતાનાં નિર્ણય અંગે ખુલાસો કર્યો છે. મૃણાલના જણાવ્યા અનુસાર, ફિલ્મોની ઓફર ન મળતી હોવાને કારણે નહીં, પરંતુ બની રહેલી ફિલ્મોની વાર્તાઓ સાથે જોડાણ ન અનુભવાતાં તેમણે થોડો સમય કામથી દૂર રહેવાનું પસંદ કર્યું છે. મૃણાલે કહ્યું કે લગભગ નવ મહિનાથી તેણે કોઈ ફિલ્મ સાઈન કરી નથી અને હવે તે અર્થપૂર્ણ ભૂમિકાની રાહ જોઈ રહ્યાં છે. કોઈ ફિલ્મ અંગે સત્તાવાર જાહેરાત થશે તો તે પોતાનાં સોશિયલ મીડિયા હેન્ડલ પર કરશે અને ત્યારબાદ તેની ચર્ચા કરવા તૈયાર રહેશે. ફિલ્મોથી થોડો વિરામ લેવાના નિર્ણય પાછળનું કારણ સમજાવતાં મૃણાલે કહ્યું કે તેને મળતી ઓફરોની સંખ્યા સમસ્યા નથી. પરંતુ હાલ બની રહેલી કેટલીક વાર્તાઓ સાથે તેઓ પોતાને જોડી શકતી નથી. એક ફિલ્મનાં સેટ પર લગભગ ૧૨૦ દિવસ વિતાવવા પડતા હોવાથી તે એવી ફિલ્મો પસંદ કરવા માગે છે, જેમાં કામ કરતી વખતે પોતાની પસંદગી અંગે પ્રશ્નો ઊભા ન થાય. તેનાં માટે પ્રેમ અને ઓળખની સાથે સર્જનાત્મક સંતોષ પણ એટલો જ મહત્ત્વનો છે. તે એવું કામ કરવા માગે છે, જેને ૩૦ વર્ષ પછી પણ યાદ કરવામાં આવે. દરમિયાન, રાકાને લઈને પણ ઉત્સુકતા વધી રહી છે. અટલીના દિગ્દર્શનમાં બની રહેલી આ ફિલ્મમાં અલ્લુ અર્જુન અને દીપિકા પાદુકોણ મુખ્ય ભૂમિકામાં છે. વર્ષ ૨૦૨૭માં રિલીઝ થનારી ફિલ્મે રિયલ ટાઇમમાં એકસાથે સૌથી વધુ કલાકારોના મોશન-કેપ્ચરનો ગિનેસ વર્લ્ડ રેકોર્ડ પણ નોંધાવ્યો છે, જેમાં ૩૭ કલાકારોએ એકસાથે ભાગ લીધો હતો.

# ઓશો બાયોપિકથી સલમાન-આલિયાની 'ઇન્શાઅલ્લાહ' સુધી, બોલિવૂડની કેટલીક મોટી ફિલ્મો જે બની જ નહીં

### જોરશોરથી જાહેરાતો અને દિગ્ગજ કલાકારોની સ્ટારકાસ્ટ છતાં અનેક મહત્ત્વાકાંક્ષી ફિલ્મો વર્ષોથી અધૂરી

બોલિવૂડમાં દર વર્ષે અનેક મોટી ફિલ્મોની જાહેરાત થાય છે, પરંતુ તેમાંથી કેટલીક ફિલ્મો વિવિધ કારણોસર વર્ષો સુધી અટવાઈ રહે છે અથવા આખરે પડતી મૂકવામાં આવે છે. તાજેતરમાં દીપિકા પાદુકોણ અને દિવંગત ઋષિ કપૂરને લઈને જાહેર થયેલી હોલિવૂડ ફિલ્મ 'ધ ઈન્ટર્ન'ની હિન્દી રિમેક ફરી ચર્ચામાં આવી છે. ૨૦૨૦માં જાહેર થયેલો આ પ્રોજેક્ટ ઋષિ કપૂરના નિધન બાદ વિકાસના તબક્કામાં જ અટકી ગયો હતો. આવી જ કેટલીક મોટી ફિલ્મો છે, જેની રાહ ચાહકો આજે પણ જોઈ રહ્યા છે.















ઓશો પ્રોજેક્ટ

દિગ્દર્શક શકુન બત્રા ૨૦૧૮માં આધ્યાત્મિક ગુરુ ઓશો અને તેમના શિષ્યા મા આનંદ શીલાના જીવન પર આધારિત ફિલ્મ વિકસાવી રહ્યા હતા. આ પ્રોજેક્ટ સાથે આમિર ખાન અને આલિયા ભટ્ટનાં નામ જોડાયાં હતાં, જોકે કલાકારોની પસંદગીની સત્તાવાર જાહેરાત થઈ નહોતી. બીજી તરફ, પ્રિયંકા ચોપરાએ ૨૦૨૦માં મા આનંદ શીલા પર બાયોપિક બનાવવાની અને તેમાં અભિનય કરવાની યોજના જાહેર કરી હતી. પરંતુ આ પ્રોજેક્ટ અંગે પણ છ વર્ષથી કોઈ નવી માહિતી સામે આવી નથી.

'ધુરંધર' પહેલાં દિગ્દર્શક આદિત્ય ધર વિકી કૌશલને પૌરાણિક યોદ્ધા અશ્વત્થામાની ભૂમિકામાં લઈને સાયન્સ ફિક્શન ફિલ્મ બનાવવાની તૈયારીમાં હતા. ભારતીય પૌરાણિક કથા અને આધુનિક એક્શનના સંયોજનની કલ્પના ધરાવતો આ પ્રોજેક્ટ મોટા પાયે તૈયાર થવાનો હતો. જોકે, બજેટ અને ફિલ્મનાં વિશાળ આયોજનને અમલમાં મુકવાનાં પડકારોને કારણે તે અટકી ગયો. આ જ વિષય પર પૂજા એન્ટરટેઇનમેન્ટે શાહિદ કપૂર સાથે બીજી ફિલ્મની જાહેરાત કરી હતી, પરંતુ તેની પ્રગતિ અંગે પણ કોઈ સ્પષ્ટ માહિતી નથી.

દોસ્તાના ૨

૨૦૦૮ની હિટ ફિલ્મ 'દોસ્તાના'ની સિક્વલમાં કાર્તિક આર્યન, જાહ્નવી કપૂર અને લક્ષ્ય જોવા મળવાનાં હતાં. ફિલ્મનું શૂટિંગ શરૂ થયાં બાદ ૨૦૨૧માં કાર્તિક પ્રોજેક્ટમાંથી બહાર થઈ ગયો. ત્યારબાદ ધર્મા પ્રોડક્શન્સે કલાકારો બદલવાની યોજના જાહેર કરી, પરંતુ ફિલ્મ અંગે ત્યારથી કોઈ નક્કર અપડેટ મળી નથી. વિક્રાંત મેસીનું નામ પણ આ સિક્વલ સાથે જોડાયું હતું.

તખ્ત

કરણ જોહરની આ મહત્ત્વાકાંક્ષી ઐતિહાસિક ફિલ્મમાં રણવીર સિંહ, વિકી કૌશલ, કરીના કપૂર ખાન, આલિયા ભટ્ટ, જાહ્નવી કપૂર, ભૂમિ પેડનેકર અને અનિલ કપૂર જેવાં કલાકારો જોવા મળવાનાં હતાં. મુઘલકાળની પૃષ્ઠભૂમિ પર આધારિત આ ફિલ્મમાં સત્તા અને વારસાગત ગાદી માટેના સંઘર્ષની વાત રજૂ થવાની હતી. ૨૦૧૮માં જાહેરાત થયા બાદ ફિલ્મ અટકી ગઈ અને ત્યારથી તેના અંગે કોઈ નક્કર પ્રગતિ થઈ નથી.

ઈન્શાઅલ્લાહ

સંજય લીલા ભણસાલીની આ રોમેન્ટિક ફિલ્મમાં સલમાન ખાન અને આલિયા ભટ્ટ પ્રથમ વખત સાથે જોવા મળવાનાં હતાં. ૨૦૧૯માં ફિલ્મનું શૂટિંગ શરૂ થવાની શક્યતા હતી, પરંતુ ભણસાલી અને સલમાન વચ્ચે મતભેદ થતાં પ્રોજેક્ટ પડતો મૂકાયો. 'હમ દિલ દે ચૂકે સનમ' (૧૯૯૯) બાદ બંને ફરી સાથે કામ કરશે તેવી આશા રાખતા ચાહકોને આ નિર્ણયથી નિ:રાશા થઈ હતી.

# 'ખોસલા કા ઘોંસલા ૨'ની રિલીઝ ટળી, હવે ૫ માર્ચે રિલીઝ થશે

## અનુપમ ખેર અને બોમન ઈરાનીની જોડી ફરી જોવા મળશે

અનુપમ ખેર અને બોમન ઈરાનીની ફિલ્મ 'ખોસલા કા ઘોસલા ૨'ની રિલીઝ મુલતવી રાખવામાં આવી છે. અગાઉ ૨૮ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ રિલીઝ થવાની હતી, આ ફિલ્મ હવે ૫ માર્ચ ૨૦૨૭ના રોજ સિનેમાઘરોમાં આવશે. ફિલ્મનાં નિર્માતાઓએ નવા પોસ્ટર સાથે સોશિયલ મીડિયા પર આ જાહેરાત કરી હતી.

નિર્માતાઓએ પોસ્ટમાં લખ્યું હતું કે, "ડીલ પાક્કી! ખોસલા પરિવાર હવે ૫ માર્ચ ૨૦૨૭ના રોજ સિનેમાઘરોમાં કબજો જમાવવા તૈયાર છે."

વર્ષ ૨૦૦૬માં આવેલી લોકપ્રિય કોમેડી ફિલ્મ 'ખોસલા કા ઘોસલા'ની આ સિક્વલનું ડિરેક્શન પ્રશાંત ભગિયાએ કર્યું છે. મૂળ ફિલ્મમાં દિલ્હીના એક મધ્યમવર્ગીય પરિવારની જમીન-મિલકતના વિવાદને હલકા-ફૂલકા અંદાજમાં રજૂ કરવામાં આવ્યો હતો.

નવી ફિલ્મમાં અનુપમ ખેર કમલ કિશોર ખોસલા અને બોમન ઈરાની મિલકતના વેપારી કિશન ખુરાનાની ભૂમિકામાં ફરી જોવા મળશે. તેમની સાથે રણવીર શૌરી, પરવિન ડબાસ, તારા શર્મા અને કિરણ જુનેજા પણ પરત ફરશે. આ ઉપરાંત રવિ કિશન, દિવ્યા ખોસલા, હર્ષ છાયા, તાન્યા માણિકતલા અને દાનિશ ઈકબાલ પણ ફિલ્મમાં જોવા મળશે. ફિલ્મની વાર્તા અંગે નિર્માતાઓએ હજુ વિગતો જાહેર કરી નથી. જોકે, મધ્યમવર્ગીય પરિવારનાં સપનાં, મિલકતના વિવાદો અને ખોસલા પરિવારની નવી મુશ્કેલીઓ આ ફિલ્મના મુખ્ય આકર્ષણ બની શકે છે.



# 'ધુરંધર ૨'ના સંગીતની ગ્રેમી માટે ૯ કેટેગરીમાં દાવેદારી

બોક્સ ઓફિસ પર સફળતા મેળવ્યા બાદ આદિત્ય ધરની ફિલ્મ ધુરંધર: ધ રિવેન્જ હવે આંતરરાષ્ટ્રીય સંગીતના મંચ પર પોતાની હાજરી નોંધાવવા તૈયાર છે. ફિલ્મનાં નિર્માતાઓએ આગામી ૨૦૨૭ના ગ્રેમી એવોર્ડ્સ માટે તેના સાઉન્ડટ્રેકને ૯ કેટેગરીમાં વિચારણા માટે રજૂ કર્યો છે. રેપ, પૉપ અને ઈલેક્ટ્રોનિક સંગીત સહિત વિવિધ કેટેગરીમાં દાવેદારી નોંધાવવાની આ પહેલ ફિલ્મના સંગીતને વૈશ્વિક સ્તરે પહોંચાડવાના પ્રયાસરૂપે જોવામાં આવે છે. ફિલ્મને સમર્થન આપનારા પ્રોડક્શન હાઉસ સ્ટુડિયોએ ગુરુવારે સાંજે સોશિયલ મીડિયા પર ગ્રેમી કેમ્પેઇનની જાહેરાત કરી હતી. સ્ટુડિયોએ ફિલ્મના સંગીતને મળેલા પ્રેમ બદલ ચાહકોનો આભાર માનતાં 'ગ્રેમી કન્સિડરેશન' માટેની રજૂઆતની વિગતો પણ શેર કરી હતી. આ કેમ્પેઇન માટે વિશેષ વેબસાઈટ પણ શરૂ કરવામાં આવી છે. ફિલ્મનું નિર્માણ જિયો સ્ટુડિયોઝ અને મ્૬ ૨ સ્ટુડિયોઝે કર્યું છે, જ્યારે સંગીતનું નિર્માણ ટી-સિરીઝ દ્વારા કરવામાં આવ્યું છે. ફિલ્મનાં સંગીતકાર શાશ્વત સચદેવનું નામ 'બેસ્ટ કમ્પાઈલેશન સાઉન્ડટ્રેક ફોર વિઝ્યુઅલ મીડિયા' કેટેગરીમાં વિચારણા માટે રજૂ કરવામાં આવ્યું છે. ફિલ્મનાં સાઉન્ડટ્રેક માટે આ મહત્ત્વની કેટેગરી ગણાય છે. આ ઉપરાંત 'કન્હૈયા' ગીતને 'બેસ્ટ ગ્લોબલ મ્યુઝિક પર્ફોર્મન્સ' અને 'આરી આરી'ને 'બેસ્ટ એશિયન પૉપ મ્યુઝિક પર્ફોર્મન્સ' કેટેગરીમાં રજૂ કરવામાં આવ્યું છે. અન્ય કેટેગરીમાં પણ ફિલ્મના ગીતોનો સમાવેશ થાય છે. 'ફિર સે'ને 'બેસ્ટ સોંગ રિટન ફોર વિઝ્યુઅલ મીડિયા', 'જાન સે ગુઝરતે હૈ'ને 'બેસ્ટ ગ્લોબલ મ્યુઝિક પર્ફોર્મન્સ', 'જાઈયે સજના'ને 'પૉપ ડ્યૂઓ/ગ્રુપ પર્ફોર્મન્સ', 'વારી જાવાં'ને 'બેસ્ટ ડાન્સ/ઈલેક્ટ્રોનિક રેકોર્ડિંગ', 'હમ પ્યાર કરને વાલે'ને 'બેસ્ટ રિમિક્સ્ડ રેકોર્ડિંગ' અને 'ડેસ્ટિની — મન અટકેયા'ને 'બેસ્ટ રેપ પર્ફોર્મન્સ' કેટેગરીમાં રજૂ કરવામાં આવ્યાં છે.



### T20 શ્રેણીનો આજે નિર્ણાયક મુકાબલો

# આજે ભારત-વેસ્ટ ઇન્ડીઝ વચ્ચે કરો યા મરો મેચ

## ભુવનેશ્વર કુમારનું ૪ વર્ષે કમબેક થઈ શકે; મેચમાં ભારે વરસાદની પડવાની સંભાવના



સિરીઝ હવે રોમાંચક મોડ પર આવી ગઈ છે, જ્યાં ભારત અને વેસ્ટ ઈન્ડીઝ વચ્ચે આજે બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં સિરીઝની નિર્ણયક મેચ રમાવાની છે. પાંચ મેચની આ રોમાંચક ૨૦ સિરીઝ અત્યારે ૨-૨ની બરાબરી પર છે, જેના કારણે આ છેલ્લી અને નિર્ણાયક મેચ અસલી 'ફાઈનલ' બની ગઈ છે. પ્રવાસી વેસ્ટ ઈન્ડીઝ ટીમની શાનદાર રમત સામે ટીમ ઈન્ડિયાએ પોતાની પૂરી તાકાત સાથે મેદાન પર ઉતરવું પડશે, કારણ કે ટ્રોફી કબજે કરવા માટે બંને ટીમ માટે આ કરો યા મરો જેવો મુકાબલો છે. આ મેચ સાંજે ૭:૦૦ વાગ્યાથી રમાશે.

અત્યાર સુધી બંને દેશોની ટક્કરમાં ઈન્ડિયન ટીમનું પલડું ભારે રહ્યું છે. અત્યાર સુધી આ બંને ટીમ T20 પ્રારૂપમાં કુલ ૩૫ મેચમાં આમને-સામને આવી છે, જેમાંથી ૨૨માં ભારતને જીત મળી છે અને ૧૨ મેચ વેસ્ટ ઈન્ડીઝે પોતાના નામે કરી છે. આ દરમિયાન એક મેચ અનિર્ણીત પણ રહી છે.ભારતીય બોલરો આ સિરીઝમાં અત્યાર સુધી અત્યંત મોંઘા સાબિત થયા છે અને આ જ તેમની હારનું કારણ રહ્યું છે. બીજી બાજુ, અર્શદીપ સિંહના ઈજાગ્રસ્ત થયા બાદ ભુવનેશ્વર કુમારને પ્લેઈંગ-૧૧માં તક મળી શકે છે. ભુવનેશ્વરને ટીમમાં સામેલ કર્યો છે. ૩૬ વર્ષના ભુવનેશ્વરને ૨૨ ઑક્ટોબરથી શરૂ થનારા ન્યૂઝીલેન્ડ પ્રવાસ માટે ૨૦ ટીમમાં પસંદ કરવામાં આવ્યો હતો. પરંતુ અર્શદીપની ઈજાને કારણે તે સમય પહેલાં જ પરત ફર્યો છે. ભુવનેશ્વરે છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ ૨૦૨૨માં રમી હતી.

ટીમ વેસ્ટ ઈન્ડીઝ તરફથી કેપ્ટન શાઈ હોપ આ સમયે શાનદાર ફોર્મમાં ચાલી રહ્યા છે. તે આ સિરીઝમાં બે સદી ફટકારી ચૂક્યો છે. તે ફરી એકવાર ટીમને સારી શરૂઆત અપાવવા ઈચ્છશે. બોલિંગમાં કીમો પોલના પ્રદર્શન પર નજર રહેશે. કેપ્ટન શાઈ હોપે આ ૨૦ સિરીઝમાં અત્યાર સુધી ૪ ઈનિંગ્સમાં ૧૩૦.૫૦ની અવિશ્વસનીય સરેરાશ અને ૧૯૦.૫૧ની સ્ટ્રાઈક રેટથી ૨૬૧ રન બનાવ્યા છે. તો બોલિંગમાં કીમો પોલે આગેવાની સંભાળી છે. તેણે ૨ મેચમાં કુલ ૬ વિકેટ લીધી છે. તેણે ગત મેચમાં ૫ વિકેટ લીધી હતી.

લિમિટેડ ઓવર્સના ક્રિકેટમાં એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમની પીચ બેટર્સ માટે અનુકૂળ માનવામાં આવે છે. આ મેદાન તેની નાની બાઉન્ડરીના કારણે હાઈ-સ્કોરિંગ મેદાન તરીકે પોતાની ઓળખ ધરાવે છે. આવી સ્થિતિમાં કોઈપણ ટીમની બોલર માટે અહીં ઈકોનોમીકલ પ્રદર્શન કરવું અત્યંત પડકારજનક હોય છે. ચિન્નાસ્વામી સ્ટેડિયમ પર T20 આંતરરાષ્ટ્રીય મેચ દરમિયાન પ્રથમ ઈનિંગ્સનો સરેરાશ સ્કોર ૧૬૭ રનનો છે.

એક્યૂવેધર મુજબ, ૧૭ ઓક્ટોબરે બેંગલુરુમાં દિવસનું મહત્તમ તાપમાન ૨૮ ડિગ્રી સુધી જઈ શકે છે, જ્યારે લઘુત્તમ તાપમાન ૨૧ ડિગ્રી રહેવાની અપેક્ષા છે. મેચમાં વરસાદની સંભાવના ૭૮ ટકા સુધી છે.

ભારત (IND): અભિષેક શર્મા, સંજુ સેમસન (વિકેટકીપર), ઈશાન કિશન, શ્રેયસ અય્યર (કેપ્ટન), તિલક વર્મા, નિતિશ રેડ્ડી, નમન ધીર, અક્ષર પટેલ, ભુવનેશ્વર કુમાર, મયંક યાદવ અને પ્રિન્સ યાદવ.

# ન્યુઝીલેન્ડ શ્રેણી માટે ભારતીય ટીમ જાહે :જાડેજા-બુમરાહ માત્ર ટેસ્ટ રમશે

### પાંચ વન-ડેમાંથી ૩માં ગીલ અને બેમાં ઐય્યરને કેપ્ટનશીપ



આકાશ દીપની ઈજાના કારણે એક વર્ષ પછી જ્યારે અંશુલ કંબોજની બે વર્ષ પછી ભારતીય ટેસ્ટ ટીમમાં વાપસી થઈ છે. અંશુલને ન્યૂઝીલેન્ડ સામે આગામી ત્રણ વનડે સીરીઝ માટે પણ ટીમમાં જગ્યા આપવામાં આવી છે. તો ઋષભ પંતને ટેસ્ટ માટે શામિલ કરાયા છે. પ્રસિદ્ધ ક્રિષ્નાને ટેસ્ટ અને પહેલા ત્રણ વનડે માટે પસંદ કરાયા છે.

બીસીસીઆઈની સિલેક્શન કમિટીએ શુક્રવારે ન્યૂઝીલેન્ડ પ્રવાસ માટે ટેસ્ટ અને વનડે ટીમની જાહેરાત કરી હતી. ભારત પ્રવાસની શરૂઆત ૨૨ ઓક્ટોબરે ક્રાઈસ્ટચર્ચમાં ટી-૨૦ મુકાબલા સાથે કરશે. પાંચ ટી-૨૦ બાદ ચાર નવેમ્બરથી ઓકલેન્ડમાં પાંચ વનડે મેચોની સીરીઝ અને પછી ૧૯ નવેમ્બરથી પહેલી ટેસ્ટ અને ૨૭ નવેમ્બરથી બંને ટીમો વચ્ચે બીજી ટેસ્ટ રમાશે.

આકાશ દીપ તાજેતરમાં જ પીઠના નીચલા ભાગની ઈજામાંથી બહાર આવીને મેદાન પર પરત ફર્યા છે. તેઓ છેલ્લે ઈંગ્લેન્ડ પ્રવાસ પર ટેસ્ટ રમ્યા હતા. તો અંશુલ જુલાઈ ૨૦૨૫માં ઈંગ્લેન્ડમાં ટેસ્ટ પદાર્પણ કર્યા પછી ટીમમાંથી બહાર થઈ ગયા હતા.

બંને ઝડપી બોલર ટેસ્ટ સીરીઝ પહેલા ભારત અ ટીમથી પણ રમશે. તાજેતરનાં દિવસોમાં પ્રભાવશાળી પ્રદર્શન કરનારા ગુરનૂરને ટેસ્ટ ટીમમાં જગ્યા મળી નથી. ડાબી બાજુની પાંસળીની ઈજામાંથી ઉભરી રહેલા પંતને ફિટનેસ મંજૂરી મળવાની શરતે શામિલ કરાયા છે.

# પછી શરાબમાં ડૂબી ગયો હતો ચહલ

### ચહલે જણાવ્યું કે, ચિંતા વધવાથી દિલની ધડકન વધી જતી અને ચહેરાની નસો એક તરફ ખેંચાઈ જતી

ભારતીય લેગ સ્પિનર યુઝવેન્દ્ર ચહલની જિંદગીમાં એક એવો દોર આવ્યો, જ્યારે અંગત જીવનની ઉથલપાથલે તેમને અંદરથી તોડી નાખ્યાં હતાં. ધનશ્રી વર્મા સાથેના તલાક પછી શરાબ પીવાની આદત હદથી વધારે વધી ગઈ હતી.

ચિંતા અને 'પેનિક અટેક'એ પણ ઘેરી લીધા. ક્રિકેટને પોતાની જિંદગી માનનારા ચહલને ડર સતાવવા લાગ્યો કે ક્યાંક તે પોતાની આ સૌથી વ્હાલી ચીજને બરબાદ ન કરી દે. આખરે તેમણે શરાબ છોડવાનો નિર્ણય કર્યો અને ૨૬ દિવસ રિહેબ સેન્ટરમાં વિતાવ્યા.



૩૬ વર્ષીય ચહલે આકાશ ચોપરાના પોડકાસ્ટમાં પોતાની જિંદગીના આ મુશ્કેલ સમય પર ખુલીને વાત કરી. તેમણે જણાવ્યું કે પાછલાં વર્ષે કાઉન્ટી ક્રિકેટ રમ્યા બાદ તેમને અહેસાસ થયો કે ચીજો હાથમાંથી નીકળી રહી છે.

ચહલે કહ્યું, "તલાક પછી ચીજો હદથી વધારે વધી ગઈ હતી. મારી માનસિક સ્થિતિ ઠીક નહોતી. મને લાગ્યું કે જો આ જ રસ્તા પર ચાલતો રહ્યો તો ક્રિકેટને બરબાદ કરી દઈશ. એટલા માટે મેં આને રોકવાનો નિર્ણય કર્યો."

ચહલે જણાવ્યું કે ચિંતા વધવાથી દિલની ધડકન વધી જતી હતી અને ચહેરા પર પણ આની અસર દેખાવા લાગતી હતી. તેમનાં ચેહરાની નસો અને હોઠ એક તરફ ખેંચાઈ જતાં હતાં.

ચહેરો ત્રાંસો થઈ જતો હતો. તે સરખી રીતે બોલી પણ શકતા નહોતા. તેમને એ ડર પણ રહેતો કે જો લોકોને તેમની પરેશાનીની ખબર પડી તો સોશિયલ મીડિયા પર જાતજાતની વાતો થશે. એવામાં તેમણે પોતાનું ધ્યાન આઈપીએલ પર લગાવવાની કોશિશ કરી.યુઝવેન્દ્ર ચહલે પોતાના કરિયરના શરૂઆતી દિવસોની એક ખૌફનાક ઘટનાનો પણ ખુલાસો કર્યો. આઈપીએલ ૨૦૧૩ દરમિયાન બેંગલુરુમાં એક પાર્ટીમાં નશામાં ધૂત ઓસ્ટ્રેલિયન ક્રિકેટરે તેમને હોટલની ૧૫મી માળની બાલ્કનીથી ઊંધા લટકાવી દીધા હતા.એ સમયે ચહલ મુંબઈ ઈન્ડિયન્સ તરફથી રમી રહ્યા હતા. ચહલના જણાવ્યા મુજબ, પહેલા તેમને લાગ્યું કે ખેલાડી મજાક કરી રહ્યો છે, પરંતુ પછી તેમણે તેમને બાલ્કનીથી નીચે લટકાવી દીધા. તે બચાવવા માટે તેની ગરદન પકડી લીધી.રૂમમાં હાજર લોકો ઘબરાઈ ગયા અને તેમણે તુરંત હસ્તક્ષેપ કરી ચહલને ઉપર ખેંચી લીધા. ચહલે સાફ કર્યું કે, આ ઘટનામાં સામેલ ખેલાડી ન તો એન્ડ્ર્યૂ સાયમ્સ હતો કે ન તો જેમ્સ ફ્રેન્કલિન. તેમણે તે ઓસ્ટ્રેલિયન ખેલાડીનું નામ નહોતું જણાવ્યું.

# સેહવાગના પુત્ર આર્યવીરે ૧૭૩ રન બનાવ્યા

### ૧૯ ચોગ્ગા-૮ છગ્ગા ફટકાર્યા, વિનુ માંકડ ટ્રોફીમાં દિલ્હી માટે કેપ્ટન ઈનિંગ રમી

પૂર્વ ભારતીય ઓપનર વીરેન્દ્ર સહેવાગના પુત્ર આર્યવીરે શુક્રવારે વિનુ માંકડ ટ્રોફીમાં દિલ્હી-૧૯ તરફથી ૧૭૩ રનની ઈનિંગ્સ રમી. તે દિલ્હી-૧૯નો કેપ્ટન પણ છે.

આંધ્ર પ્રદેશના વિજિયાનગરમ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં ચંદીગઢ U-19 સામે રમાયેલી મેચમાં આર્યવીરે ૧૪૩ બોલમાં ૧૯ ચોગ્ગા અને ૮ છગ્ગા ફટકાર્યા. દિલ્હીએ ૫૦ ઓવરમાં ૨૮૯ રન બનાવ્યા, જોકે ચંદીગઢે ૪૧.૩ ઓવરમાં ૫ વિકેટ ગુમાવીને આ ટાર્ગેટ ચેઝ કરી લીધો. ગત મહિને ભારત માટે અંડર-૧૯માં ડેબ્યૂ કર્યું

૧૮ વર્ષના આર્યવીરે ગયા મહિને ભારતીય અંડર-૧૯ ટીમ માટે ડેબ્યૂ કર્યું. તેણે ઓસ્ટ્રેલિયા અંડર-૧૯ સામેની સિરીઝની ત્રણ ઈનિંગ્સમાં ૧૦૯ રન બનાવ્યા.

તેનો સ્ટ્રાઈક રેટ લગભગ ૧૦૪ રહ્યો. સિરીઝમાં તેનો હાઈએસ્ટ સ્કોર ૪૭ રન હતો. આર્યવીર રાજકોટમાં ઓસ્ટ્રેલિયા-છ સામેની સિરીઝ માટેના ઈન્ડિયા-છ કેમ્પનો પણ ભાગ રહ્યો. આર્યવીરે ગયા મહિને ભારતીય અંડર-૧૯ ટીમ માટે ડેબ્યૂ કર્યું. આર્યવીરે ગયા મહિને ભારતીય અંડર-૧૯ ટીમ માટે ડેબ્યૂ કર્યું. કૂચ બિહાર ટ્રોફીમાં ૨૯૭ રન બનાવ્યા હતા આર્યવીર સહવાગે દિલ્હી પ્રીમિયર લીગના ૨૦૨૬ સીઝનમાં વેસ્ટ દિલ્હી લાયન્સ માટે રમ્યો હતો. તેણે ૨ મેચમાં ૨૪ રન બનાવ્યા હતા.

તે પહેલાં તે ૨૦૨૪માં મેઘાલય સામે કૂચ બિહાર ટ્રોફીમાં ૨૯૭ રનની ઈનિંગ્સ રમીને ચર્ચામાં આવ્યો હતો. વિનુ માંકડ ટ્રોફી મ્ઝ્ઝૈં દ્વારા આયોજિત અંડર-૧૯ વન-ડે ક્રિકેટ ટુર્નામેન્ટ છે. તેમાં દેશનાં અલગ-અલગ રાજ્યો અને ક્રિકેટ એસોસિયેશનની અંડર-૧૯ ટીમ ભાગ લે છે.

આ ટુર્નામેન્ટ ૫૦ ઓવરના ફોર્મેટમાં રમાય છે. તેનું નામ ભારતના ભૂતપૂર્વ ક્રિકેટર વિનુ માંકડના નામ પરથી રાખવામાં આવ્યું છે.

રાહુલ દ્રવિડના બંને પુત્રો સમિત અને અન્વય દ્રવિડ ક્રિકેટમાં પોતાની કારકિર્દી બનાવી રહ્યા છે. બંને કર્ણાટકની અલગ-અલગ વયજૂથની કેટેગરીમાં રમે છે.

સમિત મિડલ ઓર્ડર બેટર અને મિડિયમ પેસર છે. સમિત કર્ણાટકની અંડર-૧૯ ટીમ માટે રમી ચૂક્યો છે. ૨૦૨૩-૨૪ની કૂચ બિહાર ટ્રોફી સીઝનમાં સમિતે ૮ મેચોમાં ૩૬૨ રન બનાવવાની સાથે ૧૬ વિકેટ પણ ઝડપી હતી. સપ્ટેમ્બર ૨૦૨૪માં સમિતની ઓસ્ટ્રેલિયા સામેની ભારતની અંડર-૧૯ ટીમમાં પસંદગી થઈ હતી, પરંતુ ઘૂંટણની ઈજાને કારણે તે રમી શક્યો નહોતો. દ્રવિડના બીજા પુત્ર અન્વય વિકેટકીપર-બેટર છે અને કર્ણાટકની અંડર-૧૯ ટીમ માટે રમે છે. વિનુ માંકડ ટ્રોફીમાં અન્વયે ૬ મેચમાં ૨૨૦ રન બનાવ્યા હતા. જૂન ૨૦૨૬માં શ્રીલંકા પ્રવાસ માટે ભારતની અંડર-૧૯ વન-ડે ટીમમાં તેની પ્રથમ વખત પસંદગી થઈ હતી.આ પછી તેણે શ્રીલંકા સામેની બીજી યુથ વન-ડેમાં ૬૭ બોલમાં ૮૭ રનની ઈનિંગ્સ રમી હતી. તેને ઓસ્ટ્રેલિયા સામેની અંડર-૧૯ વન-ડે ટીમમાં પણ પસંદ કર્યો હતો.



# પોતાનાં ખર્ચે નેટ બોલર રાખશે ગિલ



ભારતીય ટેસ્ટ કેપ્ટન શુભમન ગિલ ન્યૂઝીલેન્ડ પ્રવાસ પર લાલ બોલથી રમવાની તૈયારી માટે ચારથી પાંચ ખાનગી નેટ બોલર સાથે લઈ જશે. આ બોલરોનો પૂરો ખર્ચ ગિલ ખુદ ઉઠાવશે.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ વિદેશી પ્રવાસો પર નેટ બોલર ઉપલબ્ધ કરાવે છે, પરંતુ કોઈ ભારતીય ખેલાડીના ખાનગી ખર્ચે બોલર લઈ જવાનો આ પહેલો મામલો માનવામાં આવી રહ્યો છે.

બીસીસીઆઈના એક અધિકારીએ જણાવ્યું કે વનડેમાં રમવાના કારણે ગિલ ભારત અની ટેસ્ટ મેચોમાં હિસ્સો નહીં લે. તે ૨૩ અથવા ૨૪ ઓક્ટોબરે ન્યૂઝીલેન્ડ રવાના થશે. આ પહેલા તે ૧૮ ઓક્ટોબરથી મુલ્લાનપુરમાં છત્તીસગઢ સામે પંજાબ માટે રણજી ટ્રોફીની બીજી મેચ રમશે.

# કપિલ દેવે જેન - ઝીને કહ્યું, બીજાને સાંભળતાં પણ શીખો

### ભારતીય ક્રિકેટ ટીમનાં પૂર્વ કેપ્ટને કહ્યું કે, યુવાનોએ માત્ર પોતાની તાકાતના જોરે પોતાની વાત સાચી સાબિત કરવાનો પ્રયાસ કરવો જોઈએ નહી



ભારતીય ક્રિકેટ ટીમનાં પૂર્વ કેપ્ટન અને પ્રોફેશનલ ગોલ્ફ ટૂર ઓફ ઈન્ડિયા (PGTI)ના અધ્યક્ષ કપિલ દેવે જેન-ઝીને સલાહ આપી છે કે, તેઓ પોતાની વાત રજૂ કરવાની સાથે-સાથે બીજાને સાંભળવાની આદત પણ વિકસિત કરે.તેમણે કહ્યું કે, યુવાનો દેશનું ભવિષ્ય છે અને તેમને સાચી દિશા બતાવવા માટે અનુભવનું સન્માન કરવું જરૂરી છે. કપિલે અધિકારીઓને ડીપી વર્લ્ડ ઈન્ડિયા ચેમ્પિયનશિપ જોવા આવતા ગોલ્ફ પ્રેમીઓની રાહમાં આવી રહેલી મુશ્કેલીઓને દૂર કરવામાં મદદની અપીલ પણ કરી.પ્રતિષ્ઠિત ગોલ્ફ ટૂર્નામેન્ટના બીજા દિવસે શુક્રવારે કપિલે કહ્યું કે, આયોજકો વધુમાં વધુ દર્શકોને સ્પર્ધામાં સામેલ થતા જોવા ઈચ્છે છે, પરંતુ આ માટે સરકારી વ્યવસ્થા અને વહીવટી નિર્દેશોનું સન્માન કરવું પણ જરૂરી છે. દિલ્હી ગોલ્ફ ક્લબની આસપાસ પોલીસ બેરિકેડિંગના કારણે દર્શકોને થઈ રહેલી પરેશાનીથી જોડાયેલા સવાલ પર તેમણે કહ્યું કે કોઈપણ વ્યવસ્થાને નજરઅંદાજ કરી શકાતી નથી.

# બિન્દ્રાએ એથ્લીટ્સ બોલી ન શકતા હોવા અંગે ચિંતા વ્યક્ત કરી

ઓલિમ્પિકના ગોલ્ડ મેડલ વિજેતા શૂટર અભિનવ બિન્દ્રાએ એથ્લીટ્સ ખુલ્લેઆમ બોલી ન શકતા હોવા અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું- 'સમય જતાં ખેલાડીઓ પોતાના મનમાં પણ સવાલ કરવાનું બંધ કરી દે છે.'

બિન્દ્રાએ એથ્લીટ્સને સવાલ પૂછતા રહેવાની સલાહ આપી. તેમણે કહ્યું કે ખેલાડીઓ પોતાના કામ, કોચ, પદ્ધતિઓ અને સિસ્ટમ પર સવાલ ઉઠાવે.

બિન્દ્રાએ કહ્યું કે ખેલાડીઓનું ખુલ્લેઆમ બોલવું જરૂરી છે. કેટલાક લોકો તેને શિસ્તભંગ માની શકે છે, પરંતુ વધુ સારા પ્રદર્શન માટે તે જરૂરી હોઈ શકે છે. બિન્દ્રાએ શુક્રવારે સોશિયલ પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને પોતાની વાત રજૂ કરી.

મેં મારી રમતગમત કારકિર્દીમાં કોચોને સવાલો પૂછ્યા અને વિચારોને પડકાર્યા. આ અનાદરના કારણે નહીં, પરંતુ સમજવા, શીખવા અને વધુ સારા બનવા માટે કર્યું.

મેં મારી સમગ્ર રમતગમત કારકિર્દીમાં કોચોને પ્રશ્નો પૂછ્યા, વિચારોને પડકાર્યા અને જિજ્ઞાસુ રહ્યો. એવું એટલા માટે નહોતું કે મારા મનમાં સન્માનની કમી હતી. હું સમજવા, શીખવા અને વધુ સારો બનવા માગતો હતો.'

જ્યારે ખેલાડીઓને લાગે છે કે તેઓ ખુલ્લેઆમ બોલી શકતા નથી, ત્યારે સમય જતાં તેનાથી ઘણી વધુ ગંભીર સમસ્યા ઊભી થાય છે. તેઓ ધીમે ધીમે પોતાના મનમાં પણ પ્રશ્નો પૂછવાનું બંધ કરી દે છે. આવું થાય ત્યારે રમતોમાં શ્રેષ્ઠતા માટે જરૂરી કંઈક ખોવાઈ જાય છે.



દેશને એવા ખેલાડીઓની જરૂર છે, જેઓ પોતાના કામ, કોચ, તેમને સૂચવવામાં આવેલી પદ્ધતિઓ અને તેમની આસપાસની વ્યવસ્થાઓ પર પ્રશ્નો કરે. આ વિરોધ માટે નહીં, પરંતુ ખરેખર સુધારવાની ઈચ્છાથી થવું જોઈએ.

૪૪ વર્ષીય બિન્દ્રાને ભારતમાંથી નીકળેલા મહાન ખેલાડીઓમાં ગણવામાં આવે છે. તેઓ ઓલિમ્પિક ચેમ્પિયન હોવા ઉપરાંત વર્લ્ડ ચેમ્પિયનશિપના ભૂતપૂર્વ ગોલ્ડ મેડલિસ્ટ પણ છે.

સક્રિય રમતગમતમાંથી નિવૃત્તિ લીધા બાદ બિન્દ્રા ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટીના એથ્લીટ્સ કમિશનના ઉપાધ્યક્ષ બન્યા. તેમણે આ પદ પર ૮ વર્ષ સુધી કામ કર્યું. તેમનો કાર્યકાળ આ વર્ષની શરૂઆતમાં પૂરો થયો.

# ડાંગ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ દ્વારા નિવૃત્ત શિક્ષકોનું સન્માન કરાયું

## ધારાસભ્ય વિજયભાઈ આર. પટેલની ઉપસ્થિતિમાં ત્રણ શિક્ષક વિદાયમાન



વઘઈ, તા.૧૭

ડાંગ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, આહવા સંચાલિત રેસિડેન્સિયલ કેન્દ્રમાં સમાવિષ્ટ શાળાઓમાંથી તા. ૩૧-૧૦-૨૦૨૬ના રોજ વયનિવૃત્ત થતા શિક્ષક ભાઈઓ-બહેનો માટે સેવા નિવૃત્તિ શુભેચ્છા અને સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ ડાંગના માનનીય નાયબ મુખ્ય દંડકશ્રી તથા ધારાસભ્યશ્રી વિજયભાઈ આર. પટેલના પ્રમુખસ્થાને યોજાયો . કાર્યક્રમ તા. ૧૬-૧૦-૨૦૨૬, શુક્રવારના રોજ બપોરે ૨:૦૦ કલાકે રાખવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં વયનિવૃત્ત થનારા શિક્ષકોને સન્માન સાથે વિદાય આપવામાં આવ્યું, શ્રી મનહરભાઈ બી. પાડવી ખીરમાણી પ્રાથમિક શાળા ૩૭ વર્ષ ની સેવા બજાવી, શ્રી રમેશભાઈ એસ. ગવળી દેવીપાડા પ્રાથમિક શાળા શ્રીમતી મીનાક્ષીબેન સી. પટેલ દેવીપાડા પ્રાથમિક શાળા માં ૨૮ વર્ષ સેવા બજાવી, શિક્ષણ ક્ષેત્રે વર્ષો સુધી સેવા આપનાર શિક્ષકોના યોગદાનને બિરદાવવા અને તેમની નિવૃત્તિ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવવા માટે ડાંગ જિલ્લા માજી ધારાસભ્ય શ્રી મંગળભાઈ ગાંવિત, વઘઈ તાલુકા પંચાયત સદસ્ય મગનભાઈ ગાંવિત, વસંતભાઈ તુંબડા, શિક્ષણ વિભાગ નાં ધનસુખભાઈ પટેલ, બી,આર સી, રંભાસ કેન્દ્ર નાં કેન્દ્ર શિક્ષક, અને રંભાસ કેન્દ્ર નાં શિક્ષક ભાઈઓ બહેનો, ભુલકાઓ એવાં મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા આ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યો હતો,શિક્ષક સમાજના શૈક્ષણિક અને સામાજિક યોગદાનને યાદ કરી નિવૃત્ત શિક્ષકોને સન્માનપૂર્વક વિદાય આપવાનો આ કાર્યક્રમ શિક્ષણ જગત માટે ગૌરવપૂર્ણ પ્રસંગ બની રહેશે.

# ચેક રિટર્ન કેસમાં જમીન લે-વેચ કરતા રમેશ ધોળાને છ માસની સજા

## ફરિયાદીને રૂ.૧૨ લાખનું વળતર ૯ ટકા વ્યાજ સાથે ચૂકવવા અદાલતનો હુકમ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૭**

ઉછીના લીધેલા રૂ.૨૦ લાખ પરત ચૂકવવા આપેલો ચેક બેંકમાં બાઉન્સ થતાં સુરતની અદાલતે જમીન લે-વેચના વેપારીને છ મહિનાની સાદી કેદની સજા ફટકારી છે. સાથે જ ફરિયાદીને રૂ.૧૨ લાખનું વળતર ચેકની તારીખથી વાર્ષિક ૯ ટકા સાદા વ્યાજ સાથે ચૂકવવાનો હુકમ કર્યો છે. ફરિયાદી તરફે એડવોકેટ યોગેશ કે. જોગાણીએ દલીલો કરી હતી.

કતારગામમાં રહેતા ૬૨ વર્ષીય કાનજીભાઈ માવજીભાઈ ધોળા હીરાના વ્યવસાય સાથે સંકળાયેલા છે, જ્યારે પુણાગામમાં રહેતા ૪૦ વર્ષીય રમેશભાઈ ખોડાભાઈ ધોળા જમીન લે-વેચનો વ્યવસાય કરે છે. બંને વચ્ચે કુટુંબીક સંબંધો હોવાથી આરોપીએ ધંધાકીય જરૂરિયાત માટે રૂ.૨૦ લાખની ઉછીની માંગણી કરી હતી. વિશ્વાસના આધારે ફરિયાદીએ ૩ એપ્રિલ, ૨૦૧૭ના રોજ રોકડા રૂ.૨૦ લાખ આપ્યા હતા. છ મહિના બાદ નાણાં પરત ચૂકવવાની ખાતરી આરોપીએ આપી હતી. ત્યારબાદ આરોપીએ ફેડરલ બેંકની વરાછા શાખાનો રૂ.૨૦ લાખનો ચેક ફરિયાદીને આપ્યો હતો. જોકે, ફરિયાદીએ ચેક સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાની કતારગામ શાખામાં જમા કરાવતા ૨૦ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ 'ફંડ્સ ઇનસફિશિયન્ટ'ના શેરા સાથે ચેક પરત ફર્યો હતો. જેથી ફરિયાદીએ એડવોકેટ યોગેશ કે. જોગાણી મારફતે અદાલતમાં ચેક રિટર્નનો કેસ કર્યો હતો. કેસની સુનાવણી દરમિયાન ફરિયાદી પક્ષની દલીલો અને પુરાવાઓને ધ્યાને લઈને અદાલતે રમેશભાઈ ખોડાભાઈ ધોળાને નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ ૧૩૮ હેઠળ દોષિત ઠેરવ્યા હતા. અદાલતે છ મહિનાની સાદી કેદની સજા ફટકારી ફરિયાદીને રૂ.૧૨ લાખનું વળતર હુકમની તારીખથી એક મહિનામાં ૯ ટકા વ્યાજ સાથે ચૂકવવાનો આદેશ કર્યો હતો.

# તાપી જિલ્લામાં પાંચ સ્થળોએ શ્રમિક અન્નપૂર્ણા યોજનાના કેન્દ્રો શરૂ થયા





## ૨૪ હજારથી વધુ નોંધાયેલા શ્રમિકોને માત્ર રૂ. ૫માં મળશે પૌષ્ટિક ભોજન

સુરત, તા.૧૭

બાંધકામ શ્રમિકોને રાહતદરે પૌષ્ટિક ભોજન મળી રહે તે હેતુથી ગુજરાત સરકાર અને ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા 'શ્રમિક અન્નપૂર્ણા યોજના' અંતર્ગત રાજ્યભરમાં ૧૦૧ નવાં ભોજન વિતરણ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યાં છે. આ પહેલના ભાગરૂપે સેવા સંકલ્પ અભિયાન હેઠળ તાપી જિલ્લામાં પાંચ સ્થળોએ ભોજન વિતરણ કેન્દ્રોનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

વાલોડ તાલુકાના બુહારી ચાર રસ્તા ખાતે તાપી જિલ્લાના પ્રભારી મંત્રી અને રાજ્યના આદિજાતિ વિકાસ, કુટિર અને ગ્રામોદ્યોગ મંત્રી નરેશભાઈ પટેલના હસ્તે ભોજન વિતરણ કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જ્યારે સોનગઢ તાલુકાના ઓટા ચોકડી ખાતે રાજ્યકક્ષાના રમતગમત મંત્રી ડૉ. જયરામભાઈ ગામીતના હસ્તે કેન્દ્રનો શુભારંભ કરાયો હતો. આ પ્રસંગે ડૉ. જયરામભાઈ ગામીતે જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકાર સમાજના છેવાડાના વર્ગના કલ્યાણ અને સુખાકારી માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકી રહી છે. શ્રમિકોના ભોજન, આરોગ્ય અને શિક્ષણ જેવી પાયાની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને અમલમાં મૂકાયેલી શ્રમિક અન્નપૂર્ણા યોજના તેમને આર્થિક રાહત આપવાની સાથે પૌષ્ટિક આહાર પૂરો પાડશે. તેમણે શ્રમિકોને યોજનાનો નિયમિત લાભ લેવા તથા અન્ય શ્રમિકો સુધી પણ તેની માહિતી પહોંચાડવા અપીલ કરી હતી. આ પ્રસંગે તેમણે શ્રમિકોને સ્વહસ્તે ભોજન પીરસ્યું હતું. મંત્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ બાંધકામ શ્રમિકોને માત્ર પાંચ રૂપિયામાં ગુણવત્તાસભર ભોજન મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. તાપી જિલ્લામાં નવા અને જૂના મળીને ૨૪ હજારથી વધુ શ્રમિકો આ યોજના હેઠળ નોંધાયેલા છે. આ સુવિધાથી શ્રમિકોને કામના સ્થળે રાહતદરે ભોજન મળી રહેશે અને તેમના સ્વાસ્થ્યની જાળવણીમાં મદદ મળશે.

# બુટમાં મૂકેલી ચાવીથી તાળુ ખોલી રોકડા રૂપિયા ૮૭ હજારની ચોરી

## કોઈક જાણભેદુએ ઘરમાં હાથ ફેરો કર્યો હોવાની શંકા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૭**

સુરત જિલ્લાના બારડોલી તાલુકાના તેન ગામના નવા હળપતી વાસમાં તસ્કરે બંધ મકાનને નિશાન બનાવી રૂ.૮૭ હજારની રોકડ રકમ ચોરી કરી ફરાર થઈ જતાં ચકચાર મચી ગઈ છે. તસ્કરે ઘરના દરવાજાને મારેલું તાળું ઓટલા પર બુટમાં રાખેલી ચાવી વડે ખોલી ઘરમાં પ્રવેશ કર્યો હતો અને કબાટમાં રાખેલી રોકડ રકમ ચોરી કરી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, તેન ગામના નવા હળપતી વાસમાં મકાન નંબર ૨૮૨/૧માં રહેતા ૫૫ વર્ષીય દુલાભાઈ દિવાનજીભાઈ ગામીત મજૂરીકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. ૧૬ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦થી બપોરે ૧૨:૨૦ વાગ્યા દરમિયાન કોઈ અજાણ્યો તસ્કર તેમના ઘરમાં ઘૂસ્યો હતો. તસ્કરે ઘરના દરવાજે મારેલું તાળું ઓટલા પર બુટમાં રાખેલી ચાવી વડે ખોલ્યું હતું. ત્યારબાદ ઘરમાં પ્રવેશ કરીને કબાટમાં રાખેલી આશરે રૂ.૮૭,૦૦૦ની રોકડ રકમ ચોરી કરી ફરાર થઈ ગયો હતો. દિવસના સમયે બનેલી આ ચોરીની ઘટનાથી સ્થાનિક વિસ્તારમાં ચિંતા ફેલાઈ છે. ઘરમાંથી રોકડ રકમ ચોરાઈ હોવાનું ધ્યાને આવતાં દુલાભાઈ ગામીતે પોલીસનો સંપર્ક કર્યો હતો. આ બનાવ અંગે ૧૬ ઓક્ટોબરના રોજ સાંજે ૫:૫૦ વાગ્યે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ ૩૦૫(એ) અને ૩૩૧(૧) હેઠળ અજાણ્યા ચોર વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. તસ્કરની ઓળખ અને ચોરી કરાયેલી રોકડ રકમ શોધવા માટે પોલીસ તપાસ કરી રહી છે.

# ગાંગપોરની ખેતીની જમીન પર ત્રણ ભાઈઓ દ્વારા ગેરકાયદે કબજો કરાયો

## પાલનપુર પાટિયાના ખેડૂત મનસુખભાઈ કરંજિયાએ નોંધાયેલી ફરિયાદ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૭**

પલસાણા તાલુકાના ગાંગપોર ગામે ખેતીની જમીનના કબજાને લઈને વિવાદ સામે આવ્યો છે. જમીન પોતાની માલિકીની હોવા છતાં ત્રણ શખ્સોએ તેના પર ગેરકાયદે કબજો જમાવી પરત કબજો સોંપવાનો ઇનકાર કર્યો હોવાનો આક્ષેપ કરી ૭૫ વર્ષીય વૃદ્ધે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. આ મામલે પલસાણા પોલીસે જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ સહિતની જોગવાઈઓ હેઠળ ત્રણ શખ્સો સામે ગુનો નોંધ્યો છે.

ફરિયાદ મુજબ, સુરતના રાંદેર રોડ પર પાલનપુર પાટિયા નજીક રહેતા ૭૫ વર્ષીય મનસુખભાઈ રતનજીભાઈ કરંજીયાની ગાંગપોર ગામની બ્લોક નંબર ૨૫૪, ૨૫૮ અને ૨૫૯ની જૂની શરતની ખેતીની જમીન આવેલી છે. ફરિયાદી જમીન ખરીદ્યા બાદ સમયાંતરે તેની દેખરેખ રાખવા માટે ત્યાં જતા હતા. આ દરમિયાન ૧ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ તેઓ પોતાની જમીન પર ખેતી કરવા ગયા ત્યારે ગાંગપોર ગામના માહ્યાવંશી મહોલ્લામાં રહેતા નરેશભાઈ ગોપાલભાઈ પરમાર, વિનોદભાઈ ગોપાલભાઈ પરમાર અને નટવરભાઈ ગોપાલભાઈ પરમાર ત્યાં આવી પહોંચ્યા હતા. ત્રણેયે જમીન પર વર્ષોથી પોતાનો હક, હિસ્સો અને કબજો હોવાનો દાવો કર્યો હતો. ફરિયાદીએ આ દાવાના સમર્થનમાં કાયદેસરના દસ્તાવેજો કે અન્ય પુરાવા રજૂ કરવા જણાવ્યું હતું. જોકે, ફરિયાદીના આક્ષેપ મુજબ, ત્રણેયે આજદિન સુધી તેમને કે સરકારી કચેરીઓમાં જમીનના માલિકી હકના પુરાવા રજૂ કર્યા નથી. એટલું જ નહીં, મામલતદાર, નાયબ કલેક્ટર અને સુરત કલેક્ટરની કચેરીમાં વિવિધ પ્રકરણો ઊભાં કરીને તેમને હેરાન કરવામાં આવતા હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ છે. ફરિયાદીએ વારંવાર સમજાવવા છતાં ત્રણેયે જમીનનો કબજો પરત આપ્યો ન હતો અને ગુનાહિત ધમકીઓ આપી મિલકત પચાવી પાડવાનો પ્રયાસ કર્યો હોવાનો આક્ષેપ કર્યો છે. આ મામલે ૧૬ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ ફરિયાદ નોંધાતાં પલસાણા પોલીસે ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમની કલમ ૩, ૪(૧)(૩), ૫(ક), ૫(ખ), ૫(ચ) તથા ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ ૩૫૧(૨) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જમીનના માલિકી હક, કબજા અને આરોપો અંગેની હકીકત તપાસ દરમિયાન સ્પષ્ટ થશે.

# બેંક ઓફ બરોડા સામેની ત્રણ અલગ અલગ ફરિયાદો નામંજૂર

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૭

સુરતમાં ચેક જમા કરાવ્યાના ચાર વર્ષ બાદ ખાતામાંથી રકમ ડેબિટ કરવાના કિસ્સામાં બેંક ઓફ બરોડા સામે કરાયેલી ત્રણ અલગ-અલગ ગ્રાહક ફરિયાદોને સુરત જિલ્લા ગ્રાહક કમિશને સમયમર્યાદાના આધારે ના મંજૂર કરી દીધી હતી

ભટાર રોડ ખાતે રહેતા કાપડ વેપારી બાબુ પ્રભુદાસ પટેલ અને અન્ય કાપડ વેપારી સુનીલ પટેલે ભટાર બ્રાંચની બેંક ઓફ બરોડા વિરૂદ્ધ ગ્રાહક કમિશનમાં અલગ-અલગ ૩ ફરિયાદો નોંધાવી હતી. વેપારીઓએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓએ વર્ષ ૨૦૧૪માં પોતાના ચાલુ ખાતામાં જમા કરાવેલા ચેકની રકમ ક્લિયર થઈને જમા થઈ ગઈ હતી. પરંતુ, ચાર વર્ષ બાદ ૩.૫.૨૦૧૮ના રોજ બેંકે પૂર્વ સૂચના આપ્યા વિના રૂ. ૮૦,૪૮૦, રૂ. ૮૮,૮૨૦ અને રૂ. ૮,૦૦૦ની રકમ ખાતામાંથી ડેબિટ કરી લીધી હતી. આ બેંકની સેવામાં ખામીનો આક્ષેપ મૂકી વેપારીઓ દ્વારા વળતર મેળવવા ગ્રાહક કમિશન સમક્ષ માગ કરી હતી. બેંક તરફથી સિનિયર એડવોકેટ શ્રેયસ દેસાઈ, ઈશાન દેસાઈ અને પ્રાચી દેસાઈ હતા. બેંક તરફે રજૂઆત થઈ હતી કે સીટીએસ (CTS) સિસ્ટમની યાંત્રિક ખામીને કારણે રકમ ભૂલથી જમા થઈ હતી, જે ઓડિટમાં ધ્યાને આવતાં ડેબિટ કરાઈ હતી. વધુમાં, ગ્રાહક સુરક્ષા કાયદા મુજબ ઘટના બન્યાના બે વર્ષમાં ફરિયાદ કરવી જરૂરી હોય છે. બેંક તરફે થયેલી દલીલો ધ્યાને લઈ સુરત જિલ્લા ગ્રાહક કમિશને બે વર્ષની અંદર ફરિયાદ દાખલ થવી જોઈતી હતી. પરંતુ ફરિયાદીઓએ સમય પુરા થવાના અઢી મહિના મોડી ફરિયાદ કરી હતી અને વિલંબ માફીની અરજી પણ કરી ન હતી. પરિણામે કાયદાકીય સમયમર્યાદાનું પાલન ન થતાં કમિશને ત્રણેય ફરિયાદો ના મંજૂર કરી હતી.

# મુદ્રા લોનના બહાને યુવક સાથે રૂા.૯૯૬૪૮ની છેતરપિંડી

## ઠગે ક્યુઆર કોડ મોકલી આધારકાર્ડનો ઓટીપી મેળવી ખાતામાંથી નાણાં ટ્રાન્સફર કરાવ્યાં

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૭**

સુરતઃ પ્રધાનમંત્રી મુદ્રા યોજના હેઠળ લોન અપાવવાની લાલચ આપીને સાયબર ઠગોએ અરેઠ તાલુકાના કરંજ ગામના એક વ્યક્તિ સાથે રૂ.૯૯,૬૪૮ની છેતરપિંડી કરી હોવાનો બનાવ સામે આવ્યો છે. અજાણ્યા શખ્સે વોટ્સએપ પર અલગ-અલગ ક્યુઆર કોડ મોકલી અને આધારકાર્ડનો ઓટીપી મેળવી ફરિયાદીના બેંક ખાતામાંથી નાણાં ટ્રાન્સફર કરાવ્યાં હતાં. આ મામલે ૧૬ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ ફરિયાદ નોંધાતાં પોલીસે તપાસ શરૂ કરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, કરંજ ગામના નવાગામ ફળિયામાં રહેતા ૪૭ વર્ષીય હિતેશભાઈ ગોમનભાઈ પટેલ નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત ૨૪થી ૨૬ જૂન, ૨૦૨૬ દરમિયાન અજાણ્યા મોબાઈલ નંબર પરથી તેમની સાથે સંપર્ક કરવામાં આવ્યો હતો. ફોન કરનારા શખ્સે પ્રધાનમંત્રી મુદ્રા યોજના અંતર્ગત લોન અપાવવાની વાત કરી હતી. લોન મેળવવાની આશામાં ફરિયાદી તેની વાતમાં આવી ગયા હતા. ત્યારબાદ ઠગબાજે ફરિયાદીના વોટ્સએપ પર અલગ-અલગ સમયે ત્રણ ક્યુઆર કોડ મોકલ્યા હતા. આ ઉપરાંત ફરિયાદી પાસેથી આધારકાર્ડનો ઓટીપી પણ મેળવ્યો હતો. મોબાઈલ ફોન અને ટેકનોલોજીનો ઉપયોગ કરીને ઠગે ફરિયાદીના યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના ખાતામાંથી કુલ રૂ.૯૯,૬૪૮નાં ટ્રાન્ઝેક્શન કરાવ્યાં હતાં. જોકે, ટ્રાન્સફર થયેલી રકમ પરત ન મળતાં ફરિયાદી સાથે છેતરપિંડી થઈ હોવાનું સામે આવ્યું હતું.

# ગુમ થયેલા મોબાઈલ વડે વૃદ્ધના રૂા.૨.૨૭ લાખ ટ્રાન્સફર કરાયા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૭**

સુરતઃ સુરત જિલ્લાના વાંસકુઈ ગામના ગોળીગઢ ફળિયામાં રહેતા ૭૦ વર્ષીય ખેડૂતના ખોવાયેલા મોબાઈલ ફોનનો ઉપયોગ કરી અજાણ્યા શખ્સે તેમના ત્રણ બેંક ખાતાંમાંથી કુલ રૂ.૨.૨૭ લાખથી વધુની રકમ ઓનલાઈન ટ્રાન્સફર કરી ઠગાઈ આચર્યાનો બનાવ સામે આવ્યો છે. મોબાઈલ ફોન અને ટેકનોલોજીનો દુરુપયોગ કરીને બેંક ખાતાંમાંથી નાણાં ઉપાડી લેવામાં આવતાં ચકચાર મચી ગઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વાંસકુઈ ગામના ગોળીગઢ ફળિયામાં રહેતા ભાણાભાઈ ભીખાભાઈ આયતાભાઈ પટેલ (ઉંમર ૭૦ વર્ષ) ખેતીકામ કરે છે. તેમનો મોબાઈલ ફોન ખોવાઈ ગયો હતો. આ દરમિયાન કોઈ અજાણ્યા શખ્સે ખોવાયેલા મોબાઈલ ફોનનો ઉપયોગ કરીને તેમની જાણ બહાર અલગ-અલગ બેંક ખાતાંમાંથી ઓનલાઈન નાણાં ટ્રાન્સફર કર્યાં હતાં.

અજાણ્યા શખ્સે બેંક ઓફ બરોડાની ગુણસવેલ શાખામાં આવેલા ફરિયાદીના ખાતામાંથી રૂ.૭૧,૫૦૦, બેંક ઓફ બરોડાની બારડોલી શાખાના અન્ય ખાતામાંથી રૂ.૯૮,૦૦૦ અને સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાના ખાતામાંથી રૂ.૫૮,૦૦૦ ટ્રાન્સફર કર્યા હતા. આમ, ત્રણેય બેંક ખાતાંમાંથી કુલ રૂ.૨,૨૭,૫૦૦ની રકમ ફરિયાદીની જાણ બહાર ટ્રાન્સફર કરવામાં આવી હતી. મોબાઈલ ફોન ખોવાઈ ગયા બાદ તેનો ઉપયોગ કરીને આટલી મોટી રકમની ઓનલાઈન લેવડદેવડ કરવામાં આવતાં સાયબર સુરક્ષા અંગે પણ સવાલો ઊભા થયા છે.

### ગ્રેટર નોઈડામાં પતિ-પત્નિ

પહેલા પાનાનું ચાલુ

પ્રારંભિક માહિતી અનુસાર, પરિવારના સભ્યોના મોત કોઈ ચીજ ખાવાને કારણે થયા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. સ્થાનિક રહેવાસીઓ અને મૃતક મહેશની માતાના જણાવ્યા અનુસાર, પરિવારે રાત્રે છેલ્લે નૂડલ્સ ખાધી હતી. ત્યારબાદ પરિવારના પાંચેય લોકોનાં શંકાસ્પદ સંજોગોમાં મોત થયા. મૃત્યુનું ચોક્કસ કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી. જોકે, અત્યાર સુધી મોતનું સાચું કારણ સ્પષ્ટ થઈ શક્યું નથી. પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને અન્ય વૈજ્ઞાનિક તપાસના પરિણામોના આધારે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

પરિવારના પાંચ લોકોના મૃત્યુના મામલે ફૂડ પોઈઝનિંગની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. પ્રાથમિક માહિતીમાં કંઈક ખાધા બાદ મૃત્યુ થયાની વાત સામે આવી છે. જોકે, તેની હજુ પુષ્ટિ થઈ નથી. પરિવારે છેલ્લે ચા અને મેગી ખાધી હતી, પરંતુ આ વસ્તુઓના કારણે જ મૃત્યુ થયાં છે કે તેની પાછળ કોઈ બીજું કારણ છે, તે પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ સ્પષ્ટ થશે.

પોલીસ અને ફોરેન્સિક ટીમે જ્યારે ઘટનાસ્થળેથી પુરાવા એકત્ર કર્યા ત્યારે ઘરના રસોડામાં રાખેલા વાસણમાં વધેલી નૂડલ્સ મળી હતી. પોલીસે વાસણ કબજે લઈને તપાસ માટે લેબમાં મોકલી દીધા છે. પોલીસ તપાસ કરી રહી છે કે મામલો ફૂડ પોઈઝનિંગનો છે કે પછી પરિવારે કોઈ સમસ્યાને કારણે આત્મહત્યા કરી છે.

### ઓસ્ટ્રેલિયામાં સોનાની

પહેલા પાનાનું ચાલુ

ભારતનો હિસ્સો લગભગ ૩૦% હોવાનું કહેવાય છે.

ભારતમાં સોનાનું ઉત્પાદન ખૂબ ઓછું થાય છે. તેથી પોતાની જરૂરિયાત પૂરી કરવા માટે તેને અન્ય દેશોમાંથી સોનું ખરીદવું પડે છે. ૨૦૨૬ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતે આશરે ૧.૬૧ લાખ કરોડ રૂપિયાનું સોનું આયાત કર્યું.

દુનિયામાં યુદ્ધ અને આર્થિક અનિશ્ચિતતાને કારણે સોનાના ભાવમાં વધારો થયો છે. આવા સમયે સોનાની ખાણોમાં રોકાણ કરવું કંપનીઓ માટે ફાયદાકારક બની શકે છે.

આ જ કારણ છે કે તેઓ સોનાના નવા ભંડારો શોધવા પર વધુ નાણાં ખર્ચી રહી છે. જૂન ૨૦૨૬ના ત્રિમાસિક ગાળામાં ઑસ્ટ્રેલિયામાં સોનાની શોધખોળ પરનો ખર્ચ ૨૩.૬% વધ્યો.

### બાંગ્લાદેશી યુગલને

પહેલા પાનાનું ચાલુ

પોતાના નિવેદનમાં સાઉદી ગૃહ મંત્રાલય મસ્જિદોની પવિત્રતા જાળવી રાખવા અને ઈસ્લામી કાનૂન લાગુ કરવા સરકારની પ્રતિબદ્ધતાને દોહરાવી હતી. સાથે સાથે ચેતવણી આપી હતી કે આપે અપરાધ કરનાર કોઈપણ વ્યક્તિને સાઉદી અરબના કાયદા મુજબ સજા અપાશે.

### રૂા.૧૦૮ કરોડના ખર્ચે

પેજ-૨ પાનાનું ચાલુ

કરવાની પ્રાથમિક અને નૈતિક જવાબદારી સૌ નાગરિકોની છે.

આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરિયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર 'અંત્યોદય'ના અભિગમ સાથે શિક્ષણ, આરોગ્ય, સિંચાઈ, રોજગાર, આરોગ્ય ક્ષેત્રે ઉત્તમ સુખસુવિધાઓ ઉભી કરી છે. ગ્રામીણ સ્તરે શહેરની શાળાઓથી પણ શ્રેષ્ઠ શાળાઓ અને આરોગ્ય કેન્દ્રોનું નિર્માણ કરીને પાયાનું માળખું મજબૂત કરવામાં આવ્યું છે. સુરત આજે માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વના ૧૦ ઝડપથી વિકસતા શહેરોમાં સ્થાન ધરાવે છે એમ જણાવી શ્રી પાનશેરિયાએ વધુમાં કહ્યું કે, વર્ષ ૨૦૦૧થી તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે વિકાસનો જે નવો રાહ ચીંધ્યો હતો, તેને પરિણામે આજે છેવાડાના ગામડાઓ સુધી શ્રેષ્ઠ સુવિધાઓ પહોંચી રહી છે.

રાજ્યની આરોગ્ય ક્ષેત્રની સિદ્ધિઓ અંગે આરોગ્ય મંત્રીએ જણાવ્યું કે, ટીબી મુક્ત અભિયાન, કુપોષણ નાબૂદી તથા માતૃ-બાળ મૃત્યુદરમાં ઘટાડો કરવામાં ગુજરાતને સફળતા મળી છે. જેનું શ્રેય સાતત્યપૂર્ણ કામગીરી કરતી સમગ્ર વહીવટી ટીમ અને સરકારના ઉમદા નેતૃત્વને જાય છે.

જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી સમીરભાઈ મોદીએ જણાવ્યું હતું કે, સુરત જિલ્લામાં કરોડોના વિકાસકાર્યોનું લોકાર્પણ/ખાતમુહૂર્ત થવાથી ગ્રામ્યકક્ષાએ આરોગ્ય, રોડ-રસ્તાની મહત્વની સુવિધા ઉપલબ્ધ બનશે. સાથે મોબાઈલ કમ્પ્યુટર ક્લાસરૂમની સુવિધા સાથેની ઈકો-ફ્રેન્ડલી ઈ-બસની મદદથી ગ્રામીણ વિદ્યાર્થીઓ સુધી આધુનિક શિક્ષણ પહોચાડી શકાશે. જે બદલ ટોયોટા કંપનીનો વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવા, ધારાસભ્ય સર્વશ્રી ગણપતભાઈ વસાવા, ઈશ્વરભાઈ પરમાર, મુકેશભાઈ પટેલ, સંદિપભાઈ દેસાઈ, મોહનભાઈ ઢોડીયા, જિ.પં. ઉપપ્રમુખ ઉમેદભાઈ ચૌધરી, જિ.પં.ની કારોબારી સમિતિ અધ્યક્ષ બ્રિજેશ પટેલ, જિલ્લા કલેક્ટરશ્રી તેજસ પરમાર, જિ.વિકાસ અધિકારી દેવેન્દ્ર પ્રકાશ મીના, ટોયોટા કંપનીના જનરલ મેનેજર (એક્ષટર્નલ અફેર્સ) દિપાંજન બેનર્જી, જિ. સંગઠન પ્રમુખશ્રી ભરત રાઠોડ, વિવિધ સમિતિના અધ્યક્ષો, પદાધિકારી-અધિકારીઓ, જિ.પં.ના સભ્યો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

### આરોગ્ય મંત્રી

પેજ-૨ પાનાનું ચાલુ

લાભ મળવાનો માર્ગ મોકળો થશે. ખેડૂત જ્યારે વહેલી સવારે પોતાના ખેતરે જવા નીકળે, ગ્રામજનો રોજિંદા કામકાજ માટે એક ગામથી બીજા ગામે જાય કે કોઈ પરિવારને શિક્ષણ અને આરોગ્યની સુવિધા સુધી પહોંચવાનું હોય ત્યારે સારા રસ્તાઓની જરૂરિયાત માત્ર સુવિધા નહીં, પરંતુ જીવનની સરળતા સાથે જોડાયેલી હોય છે.

આ જ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને આજરોજ લાડવી, ઉભેળ, માકણા, પરબ, અને હલધરુ, સહિતના વિસ્તારોમાં માર્ગ નિર્માણનાં કાર્યો હાથ ધરવામાં આવ્યાં. આ ઉપરાંત આગામી બે દિવસમાં વાવ, સેગવા, સેવણી, ઓરણા, વિહાણ, ચિખલી, નગોડ, કોળી ભરથાણા, શેખપુર, ધલુડી, અંત્રોલી, નવી પારડી, ધોરણપારડી, ચોર્યાસી તેમજ આંબોલી જેવા ગામ્ય વિસ્તારના કુલ ૩૫ કિલોમીટરના માર્ગોનું અંદાજીત ૩૧ કરોડના માર્ગ નિર્માણના કાર્યો તેમજ ઓરણા ગામમાં પ્રધાનમંત્રી આવાસ યોજના ના અંદાજીત ૧.૨૫ કરોડ ના ખાતમુહૂર્તનું આયોજન કરવામાં આવ્યું છે.

નવા માર્ગોનું નિર્માણ પૂર્ણ થયા બાદ સ્થાનિક નાગરિકોની અવરજવર વધુ સુગમ બનવાની સાથે ખેડૂતોને ખેતર સુધી પહોંચવામાં અને ખેતપેદાશોની હેરફેરમાં પણ રાહત મળશે. ગ્રામ્ય વિસ્તારોમાં પરિવહનની સુવિધા મજબૂત બનવાથી રોજિંદા જીવનની અનેક મુશ્કેલીઓ હળવી થવાની આશા છે. કામરેજ વિધાનસભા વિસ્તારમાં ગ્રામ્ય વિકાસને પ્રાથમિકતા આપીને માર્ગ સુવિધાઓના વિસ્તરણ માટે આગામી દિવસોમાં પણ ખાતમુહૂર્તના કાર્યક્રમો યોજાનાર છે. તા. ૧૭ અને ૧૮ ઑક્ટોબરના રોજ પણ વિવિધ ગામોમાં માર્ગકાર્યો સહિતના વિકાસલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદના દિવસે પણ અન્ય ગામોના માર્ગકાર્યોના ખાતમુહૂર્ત થવાના હોવાથી ગ્રામ્ય વિસ્તારોમાં પાયાની સુવિધાઓને વધુ સુદૃઢ બનાવવાની કામગીરી સતત આગળ વધશે.

આ તબક્કાવાર આયોજનથી વિકાસનો લાભ વધુને વધુ ગામો સુધી પહોંચાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે. માર્ગ સુવિધાઓમાં સુધારો થાય ત્યારે માત્ર અવરજવર જ સરળ બનતી નથી, પરંતુ ખેતીવાડી, સ્થાનિક વેપાર-ધંધા અને ગ્રામ્ય જનજીવનને પણ નવી ગતિ મળે છે. ગ્રામ્ય વિસ્તારોમાં પાયાની સુવિધાઓ મજબૂત બને અને વિકાસનો લાભ છેવાડાના નાગરિક સુધી પહોંચે તે માટે માર્ગ નિર્માણ જેવાં માળખાકીય કાર્યો મહત્ત્વપૂર્ણ છે. કામરેજ વિધાનસભા વિસ્તારમાં હાથ ધરવામાં આવતાં આ કાર્યો ગ્રામ્ય પરિવહન વ્યવસ્થાને વધુ સુદૃઢ બનાવવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પહેલ છે.

### કડોદરા પાટીદાર

પેજ-૨ પાનાનું ચાલુ

ભાવનાત્મક અને સંસ્કારપ્રેરક પહેલ કરવામાં આવી છે. આ હેતુથી તલવારોનું વિધિવત્ અર્પણ આજ રોજ જેંક કેમ્પસ, વલથાણ ખાતે કરવામાં આવશે. આ સંકુલનું સંચાલન ઉમા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે.

આ પહેલનો હેતુ નવદંપતીઓને માત્ર લગ્નજીવનની નવી શરૂઆતની શુભેચ્છા આપવાનો જ નહીં, પરંતુ તેમની અંદર શૌર્ય, સ્વાભિમાન, પરિવારની સુરક્ષા, સામાજિક જવાબદારી અને સનાતન સંસ્કૃતિ પ્રત્યેના ગૌરવના સંસ્કારોનું સિંચન કરવાનો પણ છે.નવરાત્રિના આ પાવન પર્વે આપણે સૌ શાસ્ત્રના જ્ઞાન, સંસ્કારની શક્તિ અને શસ્ત્રના શૌર્યને જીવનમાં ઉતારવાનો સંકલ્પ કરીએ. શક્તિનો ઉપયોગ હંમેશાં સદાચાર, ન્યાય, રક્ષણ અને માનવકલ્યાણ માટે થાય એ જ મા જગદંબાની ઉપાસનાનો સાચો સંદેશ છે.

### વ્યારા સુગરના

પેજ-૨ પાનાનું ચાલુ

માનસિંહ પટેલ અને જિલ્લા ઉપપ્રમુખ અશોક ગામીત વિરુદ્ધ 'હાય હાય'ના સૂત્રોચ્ચાર કરી રોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો. ખેડૂત આગેવાનોએ ચેતવણી આપતાં જણાવ્યું હતું કે, ખેડૂતોને તેમની શેરડીનાં બાકી નાણાં વહેલી તકે ચૂકવવામાં આવે. લાંબા સમયથી નાણાંની રાહ જોતા ખેડૂતોને હવે વધુ આશ્વાસનો નહીં, પરંતુ નાણાંની વાસ્તવિક ચૂકવણી જોઈએ છે. જો તાત્કાલિક ધોરણે બાકી રકમ ચૂકવવામાં નહીં આવે તો આગામી દિવસોમાં આંદોલનને વધુ ઉગ્ર બનાવવામાં આવશે અને વધુ આક્રમક કાર્યક્રમો યોજવામાં આવશે.

### ભંગારના

છેલ્લા પાનાનું ચાલુ

વિજય મીરવાડા, સમરન ઉર્ફે સેલેના રબારી અને હરસુર ભગુભાઈ નાગર ઉર્ફે હરીભાઈ નાગસે એકબીજાની મદદગારીથી વેપારમાં રોકાણના નામે નાણાં આપ્યા હતા. ફરિયાદમાં જણાવ્યા મુજબ, વિજયભાઈએ રૂ.૨.૫૦ લાખ આપ્યા બાદ અત્યાર સુધીમાં મુદ્દલ, વ્યાજ અને પેનલ્ટી સહિત રૂ.૯.૦૨ લાખ વસૂલ્યા હોવા છતાં વધુ રૂ.૩.૯૦ લાખ બાકી હોવાનું જણાવી ઉઘરાણી કરી હતી. સમરનભાઈએ રૂ.૧.૧૦ લાખ આપ્યા બાદ રૂ.૩.૪૨ લાખ વસૂલ્યા હોવા છતાં રૂ.૨.૧૦ લાખ બાકી હોવાનું જણાવી વધુ માંગણી કરી હતી. જ્યારે હરસુરભાઈએ ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ રૂ.૨ લાખ આપ્યા બાદ રૂ.૩,૫૬,૮૦૦ વસૂલ્યા હોવા છતાં રૂ.૪.૫૦ લાખ બાકી હોવાનું જણાવી ઉઘરાણી કરી હતી. ફરિયાદીનો વધુ આક્ષેપ છે કે નાણાંની માંગણીનો વિરોધ કરતાં ત્રણેય ગાળો આપી તેમને તથા તેમના પરિવારને ઘરેથી ઉઠાવી જવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપતા હતા. આ પરિસ્થિતિને કારણે તેમની પત્ની અને બાળકો છેલ્લા છ મહિનાથી વતનમાં રહેવા જતા રહ્યા હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 299-300/ Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
શનિવાર, તા.૧૭ ઓક્ટોબર ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# વાગરાની સિનઝીલ ફાર્મ કંપનીમાં પ્રચંડ ધડાકામાં પાંચના મોત

## મોડી રાત્રે હાઈડ્રોજીનેશન પ્રક્રિયા દરમિયાન પ્રચંડ વિસ્ફોટથી ૧૫ કિમી દૂર ધડાકો સંભળાયો : ભયાનક દુર્ઘટનામાં ઘાયલ પાંચ કામદારોની હાલત ગંભીર

**પ્રતાપ પ્રતિનિધિ, ભરૂચ, તા.૧૭**

ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાની સાયખા જીઆઈડીસી સ્થિત સિનઝીલ ફાર્મકિમ કંપનીમાં ગત રાત્રે હાઈડ્રોજીનેશનની પ્રક્રિયા દરમિયાન પ્રચંડ વિસ્ફોટ થતાં ઔદ્યોગિક વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. આ ગમખ્વાર દુર્ઘટનામાં પાંચ કામદારોનાં મોત નીપજ્યાં છે, જ્યારે અન્ય પાંચ કામદારો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. વિસ્ફોટ એટલો ભયાનક હતો કે તેનો અવાજ આશરે ૧૫ કિલોમીટર દૂર સુધી સંભળાયો હતો. ઘટનાને પગલે વહીવટી તંત્ર, પોલીસ, ફાયર વિભાગ અને ઔદ્યોગિક સલામતી વિભાગની ટીમો દોડી ગઈ હતી. પ્રાથમિક તપાસ અને સલામતીનાં પાસાંને ધ્યાનમાં રાખીને કંપનીને તાત્કાલિક અસરથી કામગીરી બંધ કરવાની નોટિસ આપવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગત રાત્રે આશરે ૧૦:૩૦થી ૧૧ વાગ્યાની વચ્ચે કંપનીમાં હાઈડ્રોજીનેશનની પ્રક્રિયા ચાલી રહી હતી ત્યારે અચાનક પ્રચંડ બ્લાસ્ટ થયો હતો. વિસ્ફોટની તીવ્રતા એટલી વધારે હતી કે કંપનીથી આશરે ૨૦૦ મીટર દૂર ઊભેલા ટ્રેક્ટરનું ટાયર પણ ફાટી ગયું હતું. આસપાસની કંપનીઓનાં સ્ટ્રક્ચર પણ ધ્રૂજી ઊઠ્યાં હતાં, જ્યારે પ્લાન્ટમાં મશીનરીના વિવિધ ભાગો વેરવિખેર થઈ ગયા હતા. ઘટનાના સમયે કંપનીમાં આશરે ૨૦ કામદારો કામ કરી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે.



આ દુર્ઘટનામાં ભાવિક વસાવા, અર્જુન કુમાર (ઉંમર ૨૦ વર્ષ), અનિકેત કુમાર (ઉંમર ૨૨ વર્ષ), જયદીપ પટેલ અને વૃંદ તલાવિયાનાં મોત નીપજ્યાં છે. જ્યારે પ્રિયાંશુ કુમાર, પવન કુમાર (ઉંમર ૨૬ વર્ષ), પ્રતીક પ્રજાપતિ, મોસમ કુમાર અને શિવ દયાલ ઈજાગ્રસ્ત થયા છે. ગંભીર રીતે ઈજાગ્રસ્ત કામદારોને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતને કારણે મૃતકોના પરિવારોમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે.

વિસ્ફોટ બાદ કંપનીના પરિસરમાં ગેસ લીકેજની આશંકા ઊભી થતાં પરિસ્થિતિ વધુ ગંભીર બની હતી. હાજર લોકોની આંખોમાં બળતરા થવા લાગતાં કામદારો અને આસપાસના લોકોમાં ગભરાટ ફેલાયો હતો. જીવ બચાવવા માટે લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. ઘટનાસ્થળે લોકોનાં ટોળાં ઉમટી પડ્યાં હતાં. ઈજાગ્રસ્તોને હોસ્પિટલ પહોંચાડવા માટે એમ્બ્યુલન્સની દોડધામ શરૂ થતાં સાયરનના અવાજથી સમગ્ર વિસ્તાર ગુંજી ઊઠ્યો હતો. જોકે, ગેસ લીકેજ અંગેની આશંકાની સત્તાવાર પુષ્ટિ અને કયા રસાયણની અસર થઈ હતી તે અંગે તપાસના પરિણામોની રાહ જોવાઈ રહી છે.ઘટનાની જાણ થતાં જ ભરૂચનાં એસડીએમ મનીષા માનાણી, વાગરા પોલીસ, મામલતદાર, ફાયર ટેન્ડરો અને એમ્બ્યુલન્સની ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી. દુર્ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ઈન્ડસ્ટ્રિયલ સેફ્ટી એન્ડ હેલ્થ વિભાગે તપાસ શરૂ કરી છે. કંપનીમાં ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન સલામતીનાં કયા પગલાં લેવામાં આવતાં હતાં, જરૂરી સુરક્ષા સાધનો ઉપલબ્ધ હતાં કે નહીં અને અકસ્માત પાછળ ટેકનિકલ ખામી કે અન્ય કોઈ કારણ જવાબદાર છે કે કેમ તે સહિતના મુદ્દાઓ તપાસના કેન્દ્રમાં રહેશે.

મહત્વની બાબત એ છે કે સિનઝીલ ફાર્મકિમ કંપની મે-જૂન મહિનામાં જ કાર્યરત થઈ હોવાનું જાણવા મળ્યું છે. આટલા ટૂંકા ગાળામાં કંપનીમાં થયેલા ગંભીર અકસ્માતને પગલે ઔદ્યોગિક સલામતીનાં નિયમોનું પાલન થતું હતું કે નહીં તે અંગે સવાલો ઊભા થયા છે. વહીવટી તંત્રએ કંપનીને તાત્કાલિક અસરથી કામગીરી બંધ કરવાની નોટિસ ફટકારી છે. તપાસમાં કોઈની બેદરકારી બહાર આવે તો જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઊઠી રહી છે.

મળતી માહિતી મુજબ, અમદાવાદ સ્થિત સિનઝીલ ફાર્મકિમની સ્થાપના વર્ષ ૨૦૧૧માં થઈ હતી. કંપની ISO 9001:2015 રજીસ્ટર હોવાનું અને ફાર્માસ્યુટિકલ રેફરન્સ સ્ટાન્ડર્ડ્સ, સ્ટેબલ આઈસોટોપ-લેબલ્ડ પ્રોડક્ટ્સ, મેટાબોલાઈટ્સ તથા જટિલ સંશોધન સામગ્રીના ક્ષેત્રમાં કામગીરી કરતી હોવાનું જણાવાયું છે. કંપનીને ભારત સરકારના વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન વિભાગ (DSIR)ની માન્યતા પણ પ્રાપ્ત હોવાનું જણાવવામાં આવે છે.

ઘટના સાથે મિથાઈલ ડાયક્લોરાઈડ ગેસની સંભવિત અસર અંગે પણ ચિંતા વ્યક્ત થઈ રહી છે. જોકે, અકસ્માતમાં આ જ રસાયણની હાજરી હતી કે નહી તેની સત્તાવાર પુષ્ટિ થવી બાકી છે. આવા કેટલાક વાષ્પશીલ રસાયણોના સંપર્કથી ચક્કર આવવાં, માથાનો દુખાવો, ઊબકા, આંખોમાં બળતરા અને ગંભીર કિસ્સામાં બેભાન થવા જેવી અસરો થઈ શકે છે. શંકાસ્પદ રસાયણના સંપર્કમાં આવેલી વ્યક્તિને તાત્કાલિક સુરક્ષિત ખુલ્લી હવામાં લઈ જઈ તબીબી સહાય મેળવવી જરૂરી છે. રસાયણથી દૂષિત કપડાં અથવા ત્વચા અંગેની સારવાર નિષ્ણાતની સલાહ મુજબ કરવી જોઈએ.

હાલ સમગ્ર ઘટનામાં વિસ્ફોટનું ચોક્કસ કારણ, સંભવિત ગેસ લીકેજ અને સલામતી વ્યવસ્થાની સ્થિતિ અંગે તપાસ ચાલી રહી છે. તપાસ પૂર્ણ થયા બાદ જ દુર્ઘટના પાછળનાં વાસ્તવિક કારણો અને જવાબદારી નક્કી થઈ શકશે.

# ભેસ્તાન ખાતે બાંધકામ સ્થળે પાણી ભરેલા લીફ્ટના ખાડામાં ડુબી જતા બે બાળકોના મોત

## ભગવતી ઈન્ડસ્ટ્રીઝમાં મજુર દંપતિના બંને બાળકો રમતા રમતા ખાડામાં ખાબકતા કરૂણ દુર્ઘટના

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૭**

નાના બાળકોને છોડી દઈને બાંધકામ સાઈટ ઉપર કામકરતા મજુર માતા-પિતા માટે લાલબત્તી સમાન કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. ગત મોડી સાંજે ભેસ્તાનના ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં નિર્માણાધીન સાઈટ પર મજુર દંપતિ કામ કરી રહ્યુ હતું, બીજી તરફ તેમના બે બાળકો રમતા રમતા પાણી ભરેલા લિફ્ટના ખાડામાં પડી જવાથી બંનેના કરૂણ મોત નીપજ્યા હતા. આ ઘટનાને પગલે પરિવારમાં ભારે શોકનો માહોલ છવાઈ જવા પામ્યો હતો.

સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ ભેસ્તાન ખાતે ભગવતી ઈન્ડસ્ટ્રીઝના કોમર્શિયલ પ્લોટમાં બાંધકામ ચાલી રહ્યું છે. અહી મૂળ રાજસ્થાની શ્રમજીવી કટારા દંપતી મજૂરી કામ કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. આ દંપતિના ૩ સંતાન પૈકીમાં ત્રણ વર્ષનો પુત્ર અલ્કેશ અને બે વર્ષની પુત્રી રીટા દંપતી સાથે સાઈટ પર રહેતા હતા. ગત મોડી સાંજે જ્યારે કટારા દંપતી બાંધકામ સાઈટ પર કામ કરી રહ્યું હતું, ત્યારે તેમના બંને બાળકો નજીકમાં જ રમી રહ્યા હતા. એક તરફ માતા પિતા કામમાં મશગુલ હતા. બીજી તરફ રમતા રમતા બાળકો અચાનક નિર્માણાધીન લિફ્ટ માટે બનાવવામાં આવેલા ખાડા પાસે પહોંચી ગયા હતા. લિફ્ટના આ ખાડામાં પાણી ભરેલું હતું.

માસૂમ બાળકો આ પાણી ભરેલા ખાડામાં ખાબક્યા હતા. ઘટનાની જાણ થતાં જ માતા-પિતા સહિતના કામદારો દોડી આવ્યા હતા અને બાળકોને બહાર કાઢ્યા હતા, પરંતુ પાણીમાં ડૂબી જવાથી બંને બાળકોના પ્રાણપંખેરૂ ઊડી ગયા હતા. એકસાથે બે-બે માસૂમ બાળકોના મોતથી શ્રમજીવી પરિવાર પર આભ તૂટી પડ્યું છે અને સમગ્ર વિસ્તારમાં ઘેરા શોકની લાગણી છવાઈ ગઈ હતી. વધુમાં જાણવા મળ્યું હતું કે ત્રણ બાળકો પૈકી મોટી દીકરી વતન રાજસ્થાન રહે છે. પિતા દિતા કટારા ઘણા વા?ષોથી સુરતમાં રહીને મજુરી કામ કરે છે.



દર વર્ષની જેમ આ વર્ષે પણ અણુવ્રત દ્વાર નજીક યુનિવર્સિટી રોડ ખાતેના મેદાનમાં રાવણ દહન દશેરાના દિવસે કરવામાં આવશે. રાવણ દહન અર્થે ઘણા દિવસોથી ૧૫ જેટલા કારીગરો મહાકાય રાવણનું પૂતળુ સાકાર કરવામાં વ્યક્ત બની ગયા છે. (તસવીર : પ્રદીપ ગોહિલ)

# રસ્તાની વચ્ચે મોપેડ ઊભી રાખી દાદાગીરી કરી પોલીસ પર હુમલો

## રસ્તો ખુલ્લા કરવા ગયેલી પોલીસ અને હોમગાર્ડ સાથે ઝપાઝપી કરનાર યુવક સામે ગુનો દાખલ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૭**

માંગરોળ તાલુકાના તરસાડીમાં રસ્તાની વચ્ચે મોપેડ ઊભી રાખીને વાહનચાલકો અને રાહદારીઓને અડચણરૂપ બનતા યુવાનને સમજાવવા ગયેલા પોલીસકર્મી અને સુરક્ષા જવાનો સાથે તેણે ઝપાઝપી કરી મારામારી કરતાં ચકચાર મચી ગઈ છે. આરોપીએ પોલીસકર્મી તથા જી.આર.ડી.ના જવાનને ગાળો આપી બળપ્રયોગ કરીને ઈજા પહોંચાડવા ઉપરાંત સરકારી ફરજમાં રૂકાવટ ઊભી કરી હોવાની ફરિયાદ નોંધાઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, આ બનાવ ૧૬ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ રાત્રે આશરે ૧૨:૧૫ વાગ્યે તરસાડીના ઝંડા ચોકથી કુંવરદા બ્રિજ તરફ જતા માર્ગ પર મોટા મંદિરની સામે બન્યો હતો. કોસંબા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા લોકરક્ષક ચીરાગભાઈ લવજીભાઈએ આ અંગે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, કોસંબાના ખાનજી પટેલની ચાલમાં પોલીસ સ્ટેશનની નજીક રહેતો ૨૧ વર્ષીય વંશકુમાર બળવંતભાઈ સ્નેહકુંજ પોતાની મોપેડ સાથે રસ્તાની એકદમ વચ્ચે ઊભો રહીને વાતચીત કરી રહ્યો હતો. તેના કારણે ત્યાંથી પસાર થતાં વાહનચાલકો અને રાહદારીઓને અવરજવરમાં અડચણ થતી હતી. આથી પોલીસકર્મી ચીરાગભાઈ તેને સમજાવવા ગયા હતા. જોકે, આરોપી ઉશ્કેરાઈ ગયો હતો અને પોલીસકર્મી તથા તેમની સાથે હાજર હોમગાર્ડ અને જી.આર.ડી.ના જવાનો સાથે ગાળાગાળી કરી ઝપાઝપી કરવા લાગ્યો હતો. આ દરમિયાન તેણે પોલીસકર્મી અને જી.આર.ડી.ના જવાન સલીમ મહેબૂબ શેખ સાથે બળપ્રયોગ કરીને ઈજા પહોંચાડી હતી. સાથે જ પોલીસકર્મીની કાયદેસરની ફરજમાં રૂકાવટ ઊભી કરી હતી. બનાવ અંગે ચીરાગભાઈની ફરિયાદના આધારે કોસંબા પોલીસે આરોપી વંશકુમાર વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વેસુના યાર્નના વેપારી સાથે ભાવિન પોલી ફેબ દ્વારા રૂ.૧ કરોડની છેતરપિંડી

## કતારગામ લક્ષ્મી રેસિડેન્સીમાં રહેતા પિતા-પુત્ર વિરૂદ્ધ ગુનો દાખલ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૭**

સુરતના વેસુ વિસ્તારમાં રહેતા યાર્નના વેપારી સાથે રૂ.૧,૦૦,૪૪,૪૧૯ની કિંમતના યાર્નના વેપારમાં છેતરપિંડી અને ગુનાહિત વિશ્વાસઘાત થયાનો આક્ષેપ સામે આવ્યો છે. કતારગામની ભાવિન પોલી ફેબના બે ભાગીદારોએ કથિત રીતે અલગ-અલગ વેપારી પેઢીઓને ઉધારમાં યાર્ન વેચાણ કરાવ્યું હતું, પરંતુ તેની ચુકવણી સમયસર નહીં કરતાં મામલો પોલીસ સુધી પહોંચ્યો છે. આ અંગે ૧૬ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ ફરિયાદ નોંધાઈ હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, વેસુ-ભરથાણામાં ઓફિરા ખાતે રહેતા ૬૧ વર્ષીય આનંદકુમાર પુરુષોત્તમલાલ ભારતીયા વેપાર સાથે સંકળાયેલા છે. ફરિયાદમાં કતારગામની ભાવિન પોલી ફેબના ભાગીદારો પ્રિતેશકુમાર વિક્રમભાઈ પટેલ અને ભાવિનકુમાર વિક્રમભાઈ પટેલ સામે આક્ષેપ કરવામાં આવ્યો છે. બંનેના રહેણાક સરનામાં કતારગામની લક્ષ્મી રેસિડન્સીમાં છે, જ્યારે તેમની ઓફિસ આર.જે.ડી. બિઝનેસ હબ, નગીનાવાડી, કાંસાનગર વિસ્તારમાં આવેલી છે.ફરિયાદ મુજબ, ૨૧ ઓક્ટોબર, ૨૦૨૫થી ૨૮ મે, ૨૦૨૬ દરમિયાન આરોપી ભાગીદારોએ કથિત રીતે ગુનાહિત કાવતરું રચીને પોતાનો આર્થિક લાભ મેળવવાના ઈરાદે ફરિયાદી પાસેથી રૂ.૧,૦૦,૪૪,૪૧૯ની કિંમતનું યાર્ન મેળવ્યું હતું. આ યાર્ન જુદી-જુદી વેપારી પેઢીઓને વેપારી વ્યવહાર મુજબ ઉધારમાં વેચાણ માટે અપાવ્યું હતું. જોકે, આ વ્યવહારોની રકમ સમયસર ચૂકવવામાં આવી ન હોવાનો ફરિયાદીએ આક્ષેપ કર્યો છે.ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે બંને ભાગીદારોએ એકબીજાની મિલીભગતથી વેપારી તરીકે વિશ્વાસમાં લઈને યાર્નનો વ્યવહાર કર્યો હતો અને ત્યારબાદ પેમેન્ટ નહી ચૂકવી ગુનાહિત વિશ્વાસઘાત કર્યો હતો. લાંબા સમય સુધી ચુકવણી નહી થતાં આખરે ફરિયાદીએ કાયદેસરની કાર્યવાહીનો આશરો લીધો હતો.આ મામલે ૧૬ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ ફરિયાદ નોંધાતાં પોલીસ દ્વારા આગળની તપાસ હાથ ધરવામાં આવી છે. રૂ.૧ કરોડથી વધુની રકમના આ વેપારી વિવાદમાં યાર્નના વેચાણ, સંબંધિત વેપારી પેઢીઓ અને નાણાકીય વ્યવહારોની તપાસ બાદ જ સમગ્ર હકીકત સ્પષ્ટ થશે. આરોપો અંગે બંને પક્ષની રજૂઆત અને તપાસના પરિણામો મહત્વપૂર્ણ રહેશે.

# પતિએ ખોટી શંકા રાખી ઝઘડો કરતા પરિણીતાની આત્મહત્યા

## અમરાવતીના રાઠીનગરમાં રહેતા સિદ્ધેશ જગભાવના ત્રાસથી સુરતની યુવતીએ જીવ આપી દીધો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૭**

સુરતના ડિંડોલી વિસ્તારમાં રહેતી એક યુવતીએ ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં આ મામલે મહારાષ્ટ્રના અમરાવતીમાં રહેતા યુવક સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. યુવતી પર ખોટી શંકા રાખીને વારંવાર ફોન પર ઝઘડા કરવા તેમજ યુવતી અને તેના પરિવારજનોને ગાળો આપીને તેને આત્મહત્યા કરવા માટે મજબૂર કર્યાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, મહારાષ્ટ્રના અમરાવતીમાં રાઠી નગર, જગતાપ હાઉસ ખાતે રહેતા સિદ્ધેશ મિલિંદ જગતાપ (ઉ.વ.૨૭) સામે આક્ષેપ છે કે તે ફરિયાદીની દીકરી પલ્લવી ગજાનન મોરે પર ખોટી શંકા રાખતો હતો. આ બાબતે તે ફોન પર વારંવાર ઝઘડા કરતો હતો અને ફરિયાદી, તેમના પુત્ર પ્રતિક તેમજ પલ્લવીને ગમે તેમ ગાળો આપતો હતો. આ પ્રકારના વર્તનથી પલ્લવીને આત્મહત્યા કરવા માટે મજબૂર કરવામાં આવી હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરાયો છે.ગત ૧૩ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ બપોરે ૨.૪૫થી સાંજે ૭.૪૫ વાગ્યા દરમિયાન ડિંડોલીના પ્રાયોસા સ્ટાર સર્કલ પાસે આવેલી સાંઈ દર્શન રેસિડેન્સીના ફ્લેટ નં. ઈ-૨૦૨માં પલ્લવીએ ઘરની છતના નીચેના ભાગે લગાવેલા પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ બનાવ અંગે ૧૬ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ ફરિયાદ નોંધાવવામાં આવતાં પોલીસે સિદ્ધેશ જગતાપ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. યુવતીના આપઘાત પાછળના સંજોગો અને ફરિયાદમાં કરાયેલા આક્ષેપોની પોલીસ તપાસ કરી રહી છે.



નવરાત્રી મહોત્સવની સમગ્ર સુરતમાં ભારે ધૂમ મચી છે. ખેલૈયાઓની સુરક્ષા માટે શહેર પોલીસ રાતભર ચોકી પેહેરો કરે છે. આ દરમિયાન ગરબા મહોત્સવમાં ખેલૈયાઓનો ઉત્સાહ વધારતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી યશ્વી ગરબામાં પરેશ ખંડેલવાલ સાથે તસવીરમાં દ્રશ્યમાન થાય છે.

(તસવીર : પ્રદીપ ગોહિલ)

# ભંગારના વેપારીને વ્યાજ અને પેનલ્ટી વસુલવા ઘરેથી ઉઠાવી જવાની ધમકી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૭**

સુરતના છાપરાભાઠા વિસ્તારમાં રહેતા ભંગારના વેપારી પાસેથી વેપારમાં રોકાણના નામે નાણાં આપ્યા બાદ વ્યાજ અને પેનલ્ટી પેટે મોટી રકમ વસૂલવા તથા વધુ નાણાંની ઉઘરાણી માટે ધમકી આપવાના આક્ષેપ સાથે ત્રણ શખ્સો સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદીનો આક્ષેપ છે કે અત્યાર સુધીમાં તેમની પાસેથી કુલ રૂ.૧૬,૦૦,૮૦૦ વસૂલવામાં આવ્યા હોવા છતાં વધુ નાણાંની માંગણી કરવામાં આવી રહી છે.

પોલીસ ફરિયાદ મુજબ, છાપરાભાઠાની આદર્શનગર સોસાયટીમાં રહેતા મયંકભાઈ પ્રાગજીભાઈ સોરઠીયા (ઉં.વ.૩૩) ભંગારનો વેપાર કરે છે. માર્ચ ૨૦૨૫થી વિજયભાઈ રબારી ઉર્ફે

અનુસંધાન પાના ૭ પર

# વેસુમાં ડમ્પરની અડફેટે ઘાયલ બે બહેનો પૈકી એકનું મોત

## તબીબોએ ઈજાગ્રસ્ત યુવતીનો પગ કાપ્યો છતાં જીવ બચ્યો નહીં

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૭**

સુરતના અલથાણ-વેસુ રોડ પર કોચિંગ ક્લાસ જઈ રહેલી બે સગી બહેનોને ડમ્પરે પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ દુર્ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલી નાની બહેન નેહા ખરવારનું સારવાર દરમિયાન કરૂણ મોત નીપજ્યું હતું, જ્યારે મોટી બહેન નિક્કી ખરવાર ઈજાગ્રસ્ત થઈ હતી. મૃતકના ભાઈ સંદીપ ખરવારે જણાવ્યું કે, બંને બહેનો મોપેડમાં પેટ્રોલ પુરાવવા માટે જઈ રહી હતી, તે સમયે પાછળથી પૂરપાટ ઝડપે આવેલા ડમ્પરચાલકે તેમને ટક્કર મારી દીધી હતી. અકસ્માત સર્જ્યા બાદ ડ્રાઈવર વાહન સ્થળ પર જ મૂકીને નાસી છૂટ્યો હતો.અકસ્માત બાદ લોહીલુહાણ હાલતમાં બંને બહેનોને તાત્કાલિક વેસુ વિસ્તારની ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી, જ્યાં પ્રાથમિક પાટાપીડી કરી સ્થિતિ ગંભીર હોવાથી અન્ય હોસ્પિટલ લઈ જવા જણાવાયું હતું. ત્યારબાદ પરિવારે બંનેને નવી સિવિલ હોસ્પિટલ ખસેડી હતી, પરંતુ ત્યાં પણ સ્થિતિ નાજુક જણાતાં આખરે અપોલો હોસ્પિટલ લઈ જવાની ફરજ પડી હતી. ત્યાં તબીબોએ ગંભીર ઈજાના કારણે નેહાનો પગ કાપવો પડશે તેમ જણાવી તાત્કાલિક ઓપરેશન હાથ ધર્યું હતું. જોકે, તમામ તબીબી પ્રયાસો છતાં નેહાએ દમ તોડી દીધો હતો, જ્યો મોટી બહેન નિક્કીની હાલત હાલ સામાન્ય હોવાનું જાણવા મળ્યું છે.ઘટના બાદ પરિવારજનોએ ડમ્પર માલિકનો સંપર્ક કરતાં માલિકે "અમારો કોઈ વાંક નથી, ડ્રાઈવર ભાગી ગયો છે તેને ક્યાંથી લાવીએ" કહી પોતાની જવાબદારીમાંથી હાથ ખંખેરી લીધા હતા. આર્થિક રીતે સામાન્ય એવા આ પરિવારમાં માતા આંગણવાડીમાં કામ કરે છે અને પરિવારના સભ્ય રિક્ષા ચલાવી ગુજરાન ચલાવે છે. નિર્દોષ દીકરીના અકાળે અવસાનથી પરિવારમાં ભારે આક્રંદ છવાઈ ગયો છે. ભાઈ સંદીપ ખરવારે જણાવ્યું હતું કે તેઓ માત્ર એટલું જ ઈચ્છે છે કે ફરાર ડ્રાઈવર અને બેજવાબદાર વાહન માલિક સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવે અને તેમના પરિવારને ન્યાય મળે.

# કરંજમાં હોટફિક્સના કચરાના ઢગલામાં ભયાનક આગ લાગી

## ધારાસભ્ય કાનાણીની રજુઆત કરી છતાં પાલિકા તંત્ર બેદરકાર

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૭**

સુરતના વરાછા સ્થિત કરંજ અને અર્ચના વિસ્તારમાં ફરી એકવાર હોટફિક્સ પ્લાસ્ટિકના કચરામાં ભીષણ આગ લાગવાની ઘટના સામે આવી છે. આ વિસ્તારમાં ખુલ્લા પ્લોટો અને જાહેર જગ્યાઓ પર ઠાલવવામાં આવતો પ્લાસ્ટિક વેસ્ટ સ્થાનિક રહીશો માટે કાયમી માથાનો દુખાવો બની ગયો છે. અસામાજિક તત્વો કે બેજવાબદાર લોકો દ્વારા આ કચરાના ઢગલામાં આગ લગાવી દેવાતાં જોતજોતામાં આકાશમાં કાળા ડિબાંગ ધુમાડાના ગોટેગોટા ફેલાઈ ગયા હતા. ધુમાડો એટલો તીવ્ર હતો કે આસપાસની સોસાયટીઓ અને રહેણાંક વિસ્તારોમાં રહેતા પરિવારો ગૂંગળામણ અનુભવવા લાગ્યા હતા. ગત રાત્રે કરંજની રાધાક્રિષ્ણા સોસાયટી સામે હોટફિક્સના કચરામાં આગ લાગી હતી.

હોટફિક્સ ઉદ્યોગ સાથે સંકળાયેલા એકમો દ્વારા નિયમોની ઐસીતૈસી કરીને આ પ્રકારનો પ્લાસ્ટિક વેસ્ટ રહેણાંક વિસ્તારો નજીક ફેંકવામાં આવે છે અને તેનો નિકાલ કરવા માટે રાતોરાત આગ ચાંપી દેવામાં આવે છે. આ ઝેરી ધુમાડાના કારણે વયોવૃદ્ધ નાગરિકો અને નાના બાળકોને શ્વાસ લેવામાં ભારે તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ અહીં અવારનવાર આગ લગાડવાની ઘટનાઓ બને છે, જેનાથી સમગ્ર વિસ્તારમાં વાયુ પ્રદૂષણનું પ્રમાણ ચિંતાજનક સ્તરે પહોંચી ગયું છે અને નાગરિકોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં થઈ રહ્યા છે.

આ ગંભીર સમસ્યાને લઈને સ્થાનિક ધારાસભ્ય કુમાર કાનાણીએ પણ સુરત મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓ સમક્ષ અવાજ ઉઠાવીને કડક પગલાં ભરવા માંગ કરી છે. તેમ છતાં પાલિકાના આરોગ્ય અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા કોઈ અસરકારક કે કાયમી નિકાલની કામગીરી કરવામાં ન આવતાં સ્થાનિકોમાં પ્રશાસન સામે પ્રચંડ આક્રોશ ભભૂકી ઉઠ્યો છે.

**પશ્ચિમ રેલવે**

**સિગ્નલિંગ કામ**

સિનિયર ડિવિઝનલ સિગ્નલ અને ટેલિકોમ એન્જિનિયર (દક્ષિણ), બીજો માળ, ડિવિઝનલ રેલવે મેનેજરની ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦ ૦૦૮ આમંત્રિત કરે છે. ઈ-ટેન્ડર નં. W_468_2025_VR_SG_WA, તારીખ : ૧૪.૧૦.૨૦૨૬, કામનું નામ : પશ્ચિમ રેલવેના મુંબઈ ડિવિઝનના વિરાર સ્ટેશને યાર્ડોના સુધારા અને ઉન્નયનના કામના જોડાણમાં સિગ્નલિંગ કામ. કામની અંદાજીત કિંમત : રૂા. ૧,૪૧,૦૩,૦૧૫.૦૯/-, ઈએમડી : રૂ. ૨,૮૨,૧૦૦/-. ઈ-ટેન્ડર દસ્તાવેજો જમા કરવાનું બંધ થવાની તારીખ અને સમય : તા. ૦૫.૧૧.૨૦૨૬ના રોજ ૧૫.૦૦ કલાક સુધી, ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમય : તા. ૦૫.૧૧.૨૦૨૬ના રોજ ૧૫.૩૦ કલાકે. આ ટેન્ડર વેબસાઈટ www.ireps.gov.in પર જોઈ શકાશે.

0711

અમને લાઈક કરો : facebook.com/WesternRly